Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



સૂર્યકુમાર યાદવ આઇસીસીના ટી-20 બેટિંગ રેન્કિંગમાં ટોચના સ્થાને યથાવત્

PAGE NO. 18

FRIDAY, 18 NOVEMBER, 2022 Vol. 19, No. 46 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# ઈરાનમાં અંધાધૂંધ ફાયરિંગઃ 5ના મોત

## પોલીસકર્મી સહિત 10 ઘાયલ, એક બાળક-એક મહિલાનું પણ મોત, ટીયર ગેસનાં શેલ છોડ્યા

**તહેરાન**

16 નવેમ્બરના રોજ, બાઈક પર સવાર હુમલાખોરોએ ઈરાનના દક્ષિણ-પશ્ચિમ શહેર એજીહમાં ગોળીબાર કર્યો હતો. હુમલામાં 5 લોકોના મોત થયા હતા. ફાયરિંગમાં એક પોલીસકર્મી સહિત 10 લોકો ઘાયલ થયા હતા. શહેરના ખુઝેસ્તાન પ્રાંતના ડેપ્યુટી ગવર્નર વલીઉલ્લાહ હયાતીએ જણાવ્યું હતું કે માર્યા ગયેલાઓમાં એક બાળક અને એક મહિલાનો સમાવેશ થાય છે.

એક પોલીસ અધિકારીએ કહ્યું હતુ કે, હુમલાનું કારણ જાણી શકાયું નથી. આ હુમલો બે મહિનાથી ચાલી રહેલા હિજાબ વિરોધી વિરોધ સાથે સંબંધિત હોવાનું માનવામાં આવે છે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, હુમલા બાદ વિસ્તારમાં ભીડ ભેગી થઈ ગઈ હતી. લોકોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ કર્યા.



કેટલાક લોકોએ પોલીસ પર પથ્થરમારો પણ કર્યો હતો. તેની પોલીસે લોકોને કાબૂમાં લેવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા.

પ્રાપ્ત થતાં અહેવાલ મુજબ લોકોએ શિયા સમુદાયની એક શાળાને પણ આગ લગાવી દીધી હતી. ઈરાનમાં આવા હુમલા વધી ગયા છે. 26 ઓક્ટોબરે ઈરાનના શિરાઝમાં એક ધાર્મિક સ્થળ પર ગોળીબાર થયો હતો. આ હુમલામાં 15 લોકોએ જીવ ગુમાવ્યા હતા. જ્યારે 40થી વધુ લોકો ઘાયલ થયા છે. આ ઘટના શિયા સમુદાયના પવિત્ર સ્થળ શાહ ચેરાગ ખાતે બની હતી. અહીં ત્રણ હથિયારધારી શખ્સોએ ગોળીબાર કર્યો હતો.

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel | Urshila Patel
Broker | Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

RIGHT AT HOME REALTY BROKERAGE
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message For Quick Resposne
Thank You

Closing down sale !
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
Upto 80% off
• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees. • 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees.• 20 for $100 Japanese Plain Suit Pcs
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd, Unit #3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઈન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ઑન્ટેરિયોમાં પ્રોવિન્શિયલ ગેસ ટેક્સ કટને એક વર્ષ લંબાવાયો

## પ્રીમિયર ફોર્ડે ટેક્સ કટ એક્સ્ટેંશન પાછળના કારણો તરીકે ફુગાવો અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાને ટાંક્યું

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોના રહેવાસીઓને પંપ ઉપર નાણાં બચાવવામાં મદદ કરવાના હેતુથી કરવામાં આવેલા કામચલાઉ ટેક્સ કાપને બીજા વર્ષ માટે લંબાવવામાં આવશે એવી પ્રાંતના પ્રીમિયરે રવિવારે જાહેરાત કરી હતી. ડગ ફોર્ડે જણાવ્યું હતું કે, તેમની સરકાર 2023ના અંત સુધી ગેસના ભાવમાં લિટર દીઠ 5.7 સેન્ટનો ઘટાડો કરનાર ટેક્સ બ્રેક છોડશે. આ કાપ સૌપ્રથમ જુલાઈ 1ના રોજ અમલમાં આવ્યો હતો અને મૂળભૂત રીતે ડિસેમ્બર 31ના રોજ સમાપ્ત થવાનો હતો.



ફોર્ડે ટોરોન્ટોના પશ્ચિમ છેડે એક ગેસ સ્ટેશન અંગે જણાવ્યું કે, અમે જાણીએ છીએ કે, એક-એક ડોલર મદદ કરે છે અને આ ગેસ ટેક્સ કટને કારણે અમે ઑન્ટેરિયોના ઘરોમાં બચત પહોંચાડી શકીએ છીએ. ફોર્ડે એક્સ્ટેંશન પાછળના કારણો તરીકે ફુગાવો અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાને ટાંક્યું હતું. જે ડીઝલ-ઈંધણના ભાવમાં 5.3 સેન્ટ પ્રતિ લિટર ઘટાડો જાળવી રાખશે. ફોર્ડે અંદાજ લગાવ્યો હતો કે, ભાવ ઘટાડાનાં સમગ્ર 18 મહિનાના કોર્સમાં ટેક્સ બ્રેક્સ ઘરોના સરેરાશ 195 ડોલર બચશે. 2023ના અંત સુધી ગેસ અને ડીઝલ પરના પ્રાંતના કરનો દર 9 સેન્ટ પ્રતિ લિટર રહેશે. ન્યૂ ડેમોક્રેટ્સે જણાવ્યું હતું કે ગેસ ટેક્સમાં ઘટાડો વધુ મદદ કરી શકશે નહીં. વચગાળાના નેતા પીટર ટેબન્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઓન્ટેરિયોનો કરિયાણા, હાઉસિંગ અને યુટિલિટી બિલોના આસમાને પહોંચતા ખર્ચથી કચડાઈ રહ્યા છે અને તેમને વધુ મદદની જરૂર છે. લોકોને ખોરાક જેવી મૂળભૂત બાબતો પરવડી શકે તે માટે મદદ કરવાને બદલે, ડગ ફોર્ડ ગેસ ટેક્સ યોજનાને બમણી કરી રહી છે, જે ડ્રાઈવરોની બચતમાં એક પેનીનો પણ વધારો થાય એવી બાંયધરી આપતી નથી. ટેક્સ કટનો આ કાયદો સોમવારે રજૂ કરવામાં આવનાર છે. ઑન્ટેરિયોના તાજેતરના તારણો સૂચવે છે કે, પ્રાંત સારી નાણાકીય સ્થિતિમાં છે.

# મોન્ટ્રીયલ એરપોર્ટ પર બે વિમાનો વચ્ચે ટક્કર થઈ, કોઈને ઈજા નહીં

**ટોરોન્ટો**

મોન્ટ્રીયલના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મંગળવારે બે વિમાનો એકબીજા સાથે અથડાયા હતા. જો કે, આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી. એરપોર્ટના પ્રવક્તા એરિક ફોરેસ્ટ જણાવ્યા અનુસાર બે વિમાનોએ જમીન પર રિવર્સ લેતાં અથડાઈ પડ્યાં હતાં. આ ફ્લાઈટ્સમાંની એક અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટ 1350 ચાર્લોટ, NC હતી. અમેરિકન એરલાઈન્સે મીડિયાને જણાવ્યું હતું કે, તેનું એક વિમાન પ્રસ્થાન પહેલાં ગેટ પર પાર્ક કરાયું હતું, જ્યારે અન્ય એરક્રાફ્ટની વિંગટિપ અમેરિકન એરક્રાફ્ટની જમણી પાંખ સાથે ટકરાઈ હતી. કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, તમામ મુસાફરોને સુરક્ષિત રીતે વિમાનમાંથી ઉતરી લેવાયા હતા. એરલાઈન્સે એમનાં આ ગ્રાહકો માટે રહેવાની સગવડ કરી હતી. ફ્લાઈટ 1350ના પેસેન્જર ડેવ કોટેએ જણાવ્યું હતું કે પાયલોટે બોર્ડ પરના દરેકને ઘટનાની જાણ કરી હતી. કોટેએ કહ્યું કે તેણે આજ સુધી ક્યારેય આવી ઘટના જોઈ નથી, પરંતુ મીડિયાને ટ્વિટર પરના એક સંદેશમાં લખ્યું હતું કે એ ટક્કરથી પ્લેનમાં ધ્રૂજારી જેવું લાગ્યું હતું. જ્યારે મંગળવારે સાંજે વિમાન પહોંચ્યું, ત્યારે કેનેડાના ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડે કહ્યું કે, તેઓ વધુ માહિતી મેળવી રહ્યા હોવાથી વધુ વિગતો આપી શકે તેમ નથી.

# સનાતન મંદિર દ્વારા જલારામ જયંતિએ અન્નકૂટ અને ભજન-કિર્તનનો કાર્યક્રમ





**મારખમ**

ગત તારીખ-13/11/2022ને રવિવારે સવારે 10 વાગ્યે સનાતન મંદિર દ્વારા જલારામ જયંતિ પ્રસંગે અન્નકૂટ અને જલારામબાપાના ભજનનું આયોજન કરાયું હતુ. ભક્તિ સંગીતમાં અમદાવાદના સુપ્રસિદ્ધ સંગીતકાર ડૉ. જયેન્દ્રભાઈ નાયકે માત્ર જલારામબાપાના જ ભજનો ગાઈને સૌ ભક્તોને બાપાની ભક્તિમાં તલ્લીન કરી દીધા હતા.

ભજનમાં જલારામ બાપાના વેશમાં જયેન્દ્રભાઈ સ્થાનકિયાએ સૌને આશીર્વાદ આપ્યા હતા. અન્ય કલાકારોમાં ભારતીબેન દરજીએ સાથ આપ્યો હતો.

તબલા ઉપર ગુલાબભાઈ પટેલ, મંજીરા પર હિરેન ઉપાધ્યાય, સાઉન્ડ વ્યવસ્થા ડોકટર દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ગોકુલભાઈ ખત્રીએ સંભાળ્યું હતું.

# 2023 માટે વિશ્વના શ્રેષ્ઠ સંભવિત 100 શહેરોની યાદીમાં કેનેડાના 5નો સમાવેશ

રોજગાર, રોકાણ અને પ્રવાસનને આકર્ષવા જેવી બાબતો સંદર્ભે રેન્કીંગ અપાયું શિક્ષણ, નોકરીમાં ઓટાવાને ઉચ્ચ ગુણ મળ્યાં



**ટોરોન્ટો**

2023 માટે આ અઠવાડિયે બહાર પાડવામાં આવેલા રેન્કિંગ અનુસાર પાંચ કેનેડિયન શહેરો વિશ્વના શ્રેષ્ઠ શહેરોમાં સામેલ છે. દસ લાખથી વધુ વસ્તી ધરાવતા લોકો સુધી મર્યાદિત શ્રેષ્ઠ શહેરોની યાદીમાં ટોપ 100માં ટોરોન્ટો, મોન્ટ્રીયલ, કેલગરી, વાનકુંવર અને ઓટાવાનો સમાવેશ થતો હોવાનું બીસી સ્થિત માર્કેટિંગ કન્સલ્ટન્સી, રેઝોનન્સ કન્સલ્ટન્સીના અહેવાલમાં નોંધાયુ છે.

યાદીમાં પાછળ રહેલા લોકોએ જણાવ્યું હતું કે, રેંન્કિંગ એવા પરિબળોની વિશાળ શ્રેણીનું વિશ્લેષણ કરીને નક્કી કરાયુ હતું જેણે રોજગાર, રોકાણ અને પ્રવાસનને આકર્ષવા સાથે ઐતિહાસિક રીતે સકારાત્મક સંબંધ દર્શાવ્યો છે. ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટી ખાતે ટેડ રોજર્સ સ્કૂલ ઓફ હોસ્પિટાલિટી એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટના પ્રોફેસર અને વચગાળાના ડિરેક્ટર વેઈન સ્મિથે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, "હકીકત એ છે કે તમે અહીં એક દિવસમાં વિશ્વની મુલાકાત લઈ શકો છો. "વિશ્વમાં એવી જગ્યાઓ બહુ ઓછી છે કે, જે શહેરની વિવિધતાની નજીક પણ આવે. જો તમને અફઘાન ભોજન જોઈએ તો તે તમને અહીં મળશે. જો તમને સુદાનીઝ ખોરાક જોઈતો હોય તો એ પણ તમને અહીં મળશે.

મોન્ટ્રીયલ, કેનેડાનું બીજું સૌથી મોટું શહેર, તેની આવકની સમાનતા, સંસ્કૃતિ, પ્રતિષ્ઠિત મેકગિલ યુનિવર્સિટી અને વિદેશી રોકાણને આકર્ષતી તકનીકી કુશળતાને કારણે રેન્કિંગમાં 56મા સ્થાને આવ્યું છે. કેલગરી તેની ઓછી વસ્તી, શિક્ષણ સુલભતા, આવકની સમાનતા અને જીવનની ગુણવત્તા માટેના પોઈન્ટ સાથે 65મા સ્થાને આવ્યું છે. આવકની સમાનતા, વૈશ્વિક રેન્કિંગ યુનિવર્સિટી, સલામતી અને વિસ્તારની અનોખી ટોપોગ્રાફીને કારણે હતા, જેના કારણે ટોચના 100માં વાનકુવર યાદીમાં 69મું હતું.

કેનેડાની રાજધાની ઓટાવા, આ યાદીમાં એક માત્ર અન્ય કેનેડિયન શહેર હતું, જેણે શિક્ષણ, જીવનનિર્વાહની ઓછી કિંમત અને નોકરીની ઉપલબ્ધતા માટે ઉચ્ચ ગુણ મેળવ્યા હતા. ઓટ્ટાવા ટૂરિઝમ ખાતે ડેસ્ટિનેશન ડેવલપમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ કેથરિન કેલેરીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, અમે વિશ્વના અન્ય શહેરોથી અમને અલગ પાડતા કેટલાંક મુખ્ય ઘટકોને કારણે ખૂબ ઉચો સ્કોર કર્યો છે. ટોચના 100 શહેર નક્કી કરવા 24 પરિબળોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.



# કેનેડા-ભારત વચ્ચે કરાર સાથે જ ફ્લાઈટ્સની મર્યાદાઓ દૂર

## વેપાર-રોકાણ વધુ સરળ તેમજ ગતિશીલ બનવાની આશા : કેનેડાની એરલાઇન્સ બેંગલુરુ, ચેન્નઈ, દિલ્હી, હૈદરાબાદ, કોલકાતા અને મુંબઈમાં ઉતરાણ કરી શકશે

**ઓન્ટેરિયો**

કેનેડા અને ભારત વચ્ચે અમર્યાદિત ફ્લાઈટ્સને મંજૂરી આપવા માટે એક કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું હતું કે, ઉત્તર અમેરિકાનો દેશ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એના આર્થિક અને વેપાર સંબંધોને વધુ ગાઢ બનાવવા માગે છે.

G-20 સમિટ પહેલાં બિઝનેસ-20 ઈવેન્ટમાં ટ્રુડોએ કહ્યું હતું કે, બંને દેશ વચ્ચે સરળ અવરજવર અને વેપાર સુનિશ્ચિત કરવો એ અમારી પ્રાથમિકતા છે. એનાથી રોકાણને પ્રોત્સાહન મળશે. આજે અમે કેનેડા અને ભારત વચ્ચેના કરારની જાહેરાત કરી રહ્યા છીએ, જે અમારા બંને દેશ વચ્ચે અમર્યાદિત સંખ્યામાં ફ્લાઈટ્સને મંજૂરી આપશે. ટ્રુડોએ જણાવ્યું હતું કે, કેનેડા ઈન્ડો-પેસિફિકમાં મોટું રોકાણ કરી રહ્યું છે, જે લાંબા ગાળે એના જોડાણને મજબૂત બનાવશે. જેમ કે, અમે દક્ષિણપૂર્વ એશિયામાં નવા કેનેડિયન બિઝનેસ ગેટવેમાં રોકાણ કરી રહ્યા છીએ, જે કેનેડિયન વ્યવસાયોને આ ગતિશીલ પ્રદેશમાં બિઝનેસ નેટવર્ક્સ સાથે જોડતાં નવાં બજારોમાં વિસ્તરણ કરવામાં મદદ કરશે. કેનેડા અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં પણ મજબૂત સંબંધો બનશે. અને અમે આ સંબંધોને મજબૂત કરવાનું ચાલુ રાખીશું. કેનેડાના ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર ઓમર અલખબ્રાએ કહ્યું હતું કે, કેનેડા અને ભારત વચ્ચે ટ્રાન્સપોર્ટ એગ્રીમેન્ટથી બંને દેશના હવાઈ પરિવહન સંબંધોનો સકારાત્મક વિકાસ થશે તેમજ માલસામાન અને લોકોની અવરજવરને ઝડપી તથા સરળ બનાવીને કેનેડા-ભારત વચ્ચે વેપાર-રોકાણ વધુ સરળ તેમજ ગતિશીલ બનશે. આ વ્યવસાય વધવાના કારણે બંને દેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો વધુ સુદઢ બનશે. આ કરારથી કેનેડાની એરલાઈન્સ બેંગલુરુ, ચેન્નઈ, દિલ્હી, હૈદરાબાદ, કોલકાતા અને મુંબઈના કોઈપણ એરપોર્ટ પર ઉતરાણ કરી શકશે અને એના બદલામાં ભારતીય એર કેરિયર્સને ટોરોન્ટો, મોન્ટ્રિયલ, એડમોન્ટન, વેન્કુવરની સરળતાથી ઉતરાણ કરશે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, એર ઈન્ડિયા અને એર કેનેડા બંને દેશ વચ્ચે સીધી ફ્લાઈટ ઉડશે.

કેનેડાનો ભારત સાથેનો પ્રથમ હવાઈ પરિવહન કરાર 1982માં પૂર્ણ થયો હતો અને છેલ્લે 2011માં વિસ્તરણ કરવામાં આવ્યું હતું. અત્યારે ભારત કેનેડાનું ચોથું સૌથી મોટું આંતરરાષ્ટ્રીય હવાઈ પરિવહન બજાર છે. આ નવો કરાર કેનેડાની બ્લૂ સ્કાય નીતિ હેઠળ થયો હતો. જે લાંબા ગાળાની ટકાઉ સ્પર્ધા અને આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓના વિકાસને પ્રોત્સાહિત કરે છે.


Travel Services

SPECIAL OFFERS

KLM Royal Dutch Airlines

(KL878 BOM-AMS) (KL691 AMS-YYZ)

| | | | |
|---|---|---|---|
| 16 DEC | BOM | AMS | TORONTO |
| 20 DEC | BOM | AMS | TORONTO |
| 13 JAN 2023 | BOM | AMS | TORONTO |
| 16 JAN 2023 | BOM | AMS | TORONTO |

الاتحاد ETIHAD KLM Royal Dutch Airlines

TORONTO - BOMBAY - TORONTO $2799 Including Tax

| | | | | | |
|---|---|---|---|---|---|
| 05 DEC | TORONTO | BOM | 13 JAN | BOM | TORONTO |
| 05 DEC | TORONTO | BOM | 16 JAN | BOM | TORONTO |

tico.ca Travel Industry Council of Ontario 50018836

LIMITED SEATS AVAILABLE

WITH 2 BAGGAGE 23KG EACH

All tickets are non refundable and non Changeable Condition Apply*

IATA

DIPTESH PATEL +1 (647) 409-2976

905-790-8989 travelservices@bellnet.ca

2565 Steels Ave. E., Unit #20, Brampton, ON, L6T 4L6


# પાંચ વર્ષમાં ટોરોન્ટોના 20 ટકા ફેમિલી ડોક્ટરોની પ્રેક્ટિસ બંધ થવાની શક્યતા

## સરવેનો અહેવાલ પ્રસિદ્ધ થયો, યોગ્ય નીતિ ન હોવાથી મોટી સમસ્યા સર્જાશે

**ટોરોન્ટો**

તાજેતરના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ટોરોન્ટોમાં લગભગ 20 ટકા ફેમિલી ડોક્ટરો આગામી પાંચ વર્ષમાં તેમની પ્રેક્ટિસ બંધ કરવાનું વિચારી રહ્યા છે. 2021ના ફેમિલી ડોક્ટરોના સર્વેક્ષણના આધારે 'કેનેડિયન ફેમિલી ફિઝિશિયન' જર્નલમાં પ્રકાશિત થયેલા તાજેતરના અહેવાલમાં સરવેના તારણો દર્શાવાયા છે. તે પ્રમાણે 17.5% ઉત્તરદાતાઓ આગામી 5 વર્ષમાં તેમની હાલની પ્રેક્ટિસ બંધ કરવાની યોજના બનાવી રહ્યા છે.

ડૉ. તારા કિરણે જણાવ્યું હતું કે, પોલીસી ઘડનારાઓએ ફેમિલી ફિઝિશિયનની વધતી જતી અછત માટે તૈયારી કરવાની અને ભરતી અને જાળવણીને ટેકો આપતાં પરિબળો વિશે વધુ સારી રીતે સમજવાની જરૂર છે. મને લાગે છે કે આપણે ફેમિલી ડોક્ટરોને ગુમાવી રહ્યા છીએ, જેઓ પરિવારમાં બાળકનાં જન્મથી લઈને એનાં મૃત્યુ સુધી સારવાર આપે છે. પ્રેક્ટિસ છોડવાનું નક્કી કરનારાઓમાં સૌથી વધુ વૃદ્ધ પુરુષ ડોક્ટરો છે, જેઓ ફેમિલી પ્રેક્ટિસ કરે છે. હવે બહુ ઓછા નવા સ્નાતકો તેમની જગ્યા લેવાનું પસંદ કરે છે. કિરણ કહે છે કે, જો તમે સમય કરતા બે કે પાંચ વર્ષ વહેલાં નિવૃત્ત થવાનું પસંદ કરો તો તે વાસ્તવમાં મોટાપાયે હેલ્થ કેર ક્ષેત્રે અસર કરી શકે છે.


SUPER VISA MEDICAL INSURANCE

VISITOR TO CANADA INSURANCE

Up to 45 % DISCOUNT with deductible

Guaranteed Lowest Premium

LIFE INSURANCE

MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla

TOLL : 1866.623.0865

Financial Hut Ltd.

Call For HONEST ADVICE 416.320.4614

www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com





રમેશભાઈ વ્યાસ

(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)

સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)

Email :- rkvyas143@gmail.com

સ્વદેશ Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા

(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)

(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)



સ્વદેશ Leading Gujarati Newspaper

+1 437-421-2992 Email :- info@swadesh.news

તંત્રી સ્થાનેથી

# શ્રદ્ધાની હત્યા બાદ લાશના 35 ટુકડાંઃ પ્રેમીની ક્રુરતાની પરાકાષ્ઠા



તંત્રી - સ્વદેશ

ભારતમાં ફરી એકવાર માનવતાને શર્મસાર કરતો અને વિકૃતિની તમામ હદ પાર કરતો કિસ્સો બહાર આવ્યો છે. આ કિસ્સામાં લીવ ઈનમાં રહેતા યુગલ પૈકી પ્રેમીએ તેની પ્રેમીકાની ક્રુરતાપૂર્વક કરેલી હત્યાએ આખા દેશમાં ખળભળાટ મચાવી દીધો છે. બીજી તરફ શ્રદ્ધા વાલ્કર મર્ડર કેસના આરોપી આફતાબને સાકેત કોર્ટે પાંચ દિવસની દિલ્હી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો છે. આ સાથે જ કોર્ટે નાર્કો ટેસ્ટને પણ મંજૂરી આપી દીધી છે.

દિલ્હીમાં વર્ષો પહેલાં તંદૂર કાંડે ભારે ચકચાર મચાવી હતી. ૩ જુલાઈ, ૧૯૯૫ની રાત્રે કૉંગ્રેસના નેતા સુશીલ શર્માએ પોતાની પત્ની નૈના સાહનીની હત્યા કરીને પછી તેના મૃતદેહના ટુકડા કરીને તંદૂરમાં નાંખી દીધેલા. સુશીલ અને નૈનાનાં પ્રેમ લગ્ન હતાં પણ નૈનાને બીજા કોઈની સાથે સંબંધ હોવાની આશંકાથી સુશીલ શર્માએ તેને મોતને ઘાટ ઉતારી હતી.

આટલુ કર્યા પછી પણ નરાધમ સુશીલને સંતોષ ન થયો તો નૈનાના મૃતદેહને તંદૂરમાં નાંખીને સળગાવી દેવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે માનવમાંસ સળગાવાથી ફેલાતી દુર્ગંધના કારણે સુશીલ પકડાઈ ગયો અને આખો દેશ હચમચી જાય એવા ઘૃણાસ્પદ હત્યાકાંડનો પર્દાફાશ થઈ ગયો હતો. સુશીલ જેલ ભેગો થઈ ગયો પછી તેણે કઈ રીતે નૈનાની હત્યા કરી તેની માહિતી પોલીસે આપી તો તે જાણી લોકો થથરી ગયા હતા.

નૈના સાહની હત્યા કેસ અથવા તો તંદૂર કાંડની યાદ તાજી કરાવે એવી ઘટના તાજેતરમાં દિલ્હીમાં બની છે. દિલ્હીમાં આફતાબ અમીન પૂનાવાલાએ તેની જ પ્રેમિકા શ્રદ્ધા વોકરની ક્રુરતાપૂર્વક હત્યા કરી છે. આ હત્યાની જે વિગતો આફતાબે વર્ણવી તે જાણીને તો પોલીસ પણ કાંપી ઉઠી. શ્રદ્ધા અને આફતાબ મુંબઈનાં છે અને બંને પ્રેમમાં પડ્યા પછી ભાગીને દિલ્હી પહોંચ્યા હતા.

દિલ્હીમાં તેઓ કેટલાક સમયથી લિવ ઈનમાં રહેતાં હતાં. શ્રદ્ધા અને આફતાબ ૮ મેના રોજ દિલ્હી આવ્યા હતા. મુંબઈથી દિલ્હી આવ્યા પછી પહેલાં પહાડગંજની હોટલોમાં રહ્યાં અને પછી દક્ષિણ દિલ્હીમાં રહેવાનું શરૂ કર્યું. દક્ષિણ દિલ્હીમાં થોડા દિવસ રહ્યા પછી આફતાબે મહેરૌલીના જંગલ પાસે ફ્લેટ લીધો હતો. દરમિયાનમાં શ્રદ્ધા આફતાબને લગ્ન કરવા કહેતી હતી તેથી ૧૦ દિવસ પછી એટલે કે ૧૮ મેના રોજ આફતાબે શ્રદ્ધાની હત્યા કરી નાખી.

મુંબઈથી પ્રેમિકાને ભગાડીને દિલ્હી લાવ્યાના ૧૦ દિવસ બાદ શ્રદ્ધાની હત્યા કર્યા પછી આફતાબે જે કંઈ કર્યું એ કોઈ માનસિક રોગી જ કરી શકે. આફતાબ અમીન પૂનાવાલાએ ૨૭ વર્ષની ગર્લફ્રેન્ડ શ્રદ્ધા વિકાસ વોકરનું ગળું દબાવીને તેણીને મોતને ઘાટ ઉતારી દીધી, તે પછી તેણે આરીથી શ્રદ્ધાના મૃતદેહના ૩૫ ટુકડા કરી નાંખ્યા. વળી પહેલાથી જ યોજના ઘડી હોય તેમ આફતાબે ૩૦૦ લીટરનું ફ્રિજર ખરીદ્યું હતું કે જેથી તે ટુકડાને તેમાં રાખી શકે. દુર્ગંધને દૂર કરવા માટે તે અગરબત્તી સળગાવતો હતો. આફતાબે નવું ફ્રીઝર ખરીદ્યું અને શરીરનાં અંગોને ફ્રિજમાં રાખ્યા. ૧૮ દિવસ સુધી દરરોજ એક-બે ટુકડા લઈ જઈને જંગલમાં જતો અને જંગલમાં ફેંકીને પુરાવાનો નાશ કરતો. આથી આફતાબે બહુ પહેલાં જ શ્રદ્ધાની હત્યાનું કાવતરું ઘડ્યું હોવાનું પોલીસ માને છે. પોલીસે આ અંગે તર્ક રજૂ કર્યો છે કે, યોજના મુજબ આફતાબે સૌથી પહેલાં તો તેણે જંગલની નજીક ફ્લેટ લીધો કે જેથી લાશનો ઝડપથી નિકાલ કરી શકાય. હત્યા પહેલાં આફતાબે અમેરિકન ક્રાઈમ શો ડેકસ્ટર, અનેક ક્રાઈમ ફિલ્મો અને શો જોયા પછી લાશ દફન નિકાલ કઈ રીતે કરવો એ નક્કી કર્યું. આફતાબે શ્રદ્ધાની હત્યા બાદ એક આરાથી લાશના ટુકડા કર્યા તે સમયે લોહી ફેલાયું હતું. પરંતુ ગૂગલ ઉપર સર્ચ કરીને તેણે લોહી સાફ કરવાનો રસ્તો પણ પહેલાં જ શોધી કાઢ્યો હતો. આ રીતે પરફેક્ટ મર્ડરનો પ્લાન કર્યા પછી તેણે પ્રેમિકાની હત્યા કરી. વળી, તે પછી મૃતદેહને આરીથી કાપીને ૩૫ ટુકડા કરીને ફ્રીઝમાં મૂકી દીધા.

તે પછી આફતાબે શ્રદ્ધાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઉપર પોસ્ટ મૂકવાનું શરૂ કર્યુ, કે જેથી બધાને શ્રદ્ધા જીવતી હોવાનું લાગે. આફતાબ ફ્લેટમાં જ રહેતો અને બહારથી યુવતીને બોલાવીને જલસા પણ કર્યા હતા. આ દરમિયાન તે વચ્ચે વચ્ચે જંગલમાં લાશના ટુકડાનો નિકાલ કરતો રહ્યો હતો. આફતાબે મોટાભાગના ટુકડાનો નિકાલ કરી નાંખ્યો, કિન્તુ લાશના તમામ ટુકડાં વગે થાય તે પહેલાં જ શ્રદ્ધાના મિત્ર લક્ષ્મણ નાદરને શંકા ગઈ. શ્રદ્ધા અને આફતાબ વચ્ચે હંમેશાં ઝઘડા થતા હતા તેની લક્ષ્મણને ખબર હતી. જુલાઈમાં આવા જ ઝઘડા દરમિયાન લક્ષ્મણે કેટલાક મિત્રો લઈને શ્રદ્ધાને છતરપુરના ઘરેથી બચાવી હતી. એ વખતે તેણે આફતાબને પોલીસ ફરિયાદની ચેતવણી આપી હતી. જો કે, શ્રદ્ધાએ તેને અટકાવતા આફતાબ બચી ગયો હતો. જે બાદ શ્રદ્ધા અને આફતાબ બંને સાથે રહેવા લાગ્યાં હતાં.

> પહેલાથી જ હત્યાની યોજના ઘડી હોય તેમ આફતાબે 300 લીટરનું ફ્રિજર ખરીદ્યું હતું કે જેથી તે ટુકડાને તેમાં રાખી શકે. હત્યા બાદ શ્રદ્ધાની લાશના ટુકડાં 18 દિવસ સુધી જંગલમાં ફેંકી પુરાવાને નાશ કરવા પ્રયાસ થયો

આ ઘટનાના બે મહિના સુધી શ્રદ્ધા સાથે વાત ના થતાં લક્ષ્મણે ઘણા મેસેજ અને કોલ કર્યા પણ જવાબ ન મળ્યો. ચિંતા થતા તેણે પૂછપરછ કરી પણ ક્યાંયથી માહિતી ન મળતાં આખરે લક્ષ્મણે તેના ભાઈ શ્રીજયને કહ્યું અને તેમણે શ્રદ્ધાના પિતા વિકાસ મદન વોકરને શ્રદ્ધાના ગૂમ થવાની કહાણી કહી. આખરે વોકરે મુંબઈ પોલીસને ફરિયાદ કરતા શરૃ થયેલી તપાસમાં આફતાબની પાપલીલાનો ભાંડો ફૂટી ગયો. આફતાબે શ્રદ્ધાની હત્યા ક્યારે કરી એ વિશે ગૂંચવાડો છે. લક્ષ્મણનું કહેવું છે કે, જુલાઈ મહિનામાં શ્રદ્ધાએ તેનો વૉટ્સએપ કોલ કરીને સંપર્ક પણ કર્યો હતો. એ વખતે શ્રદ્ધા ખૂબ ડરેલી હતી. તેણે કહ્યું હતું કે, આફતાબ સાથે રહી તો આફતાબ તેને મારી નાખશે. પોલીસનું કહેવું છે કે, આફતાબે શ્રદ્ધાની મે મહિનામાં હત્યા કરી હતી. આ બંને વાતનો તાળો નથી બેસતો. તેથી ખરેખર ક્યારે શ્રધ્ધાની હત્યા થઈ એ મોટો સવાલ છે.

ખેર, શ્રદ્ધા ક્યારે ગુજરી ગઈ એ પોલીસ શોધી કાઢશે પણ તેના મોત પછી તેના પિતાએ લવ જિહાદની આશંકા વ્યક્ત કરી છે. તેના કારણે આ કેસ જુદી દિશામાં ફંટાઈ જાય એવી શક્યતા છે. હાલ આખા દેશમાં શ્રદ્ધાની આ હત્યાની ઘટના ચર્ચાને ચગડોળે છે. એક માણસ તેની જ પ્રેમીકાની આટલી ક્રુરતાથી હત્યા કરે અને મનોવિકૃતની જેમ વર્તે, લાશના ટુંકડા કરે તેવી ધૃણાસ્પદ ઘટનાએ ભારતમાં માનવતાને પણ શર્મસાર કરી છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# બાકરોલમાં પ્રેમિકાના ભાઈની હત્યા કેસમાં પ્રેમીને આજીવન કેદની સજા

## કિશોરની હત્યા કરી લાશ ઝાડીમાં ફેંકી દીધી હતી : આણંદ સેશન્સ કોર્ટનો ચૂકાદો

**આણંદ**

આશરે પાંચ વર્ષ પૂર્વે આણંદ પાસેના બાકરોલ એક શખ્સે પોતાના પ્રેમ પ્રકરણનો ભાંડો ના ફૂટી જાય તે માટે પ્રેમીકાના ભાઈનું મોટરસાયકલ પર અપહરણ કરી જોળ ગામની મહુપુરા સીમમાં આવેલ નહેર ઉપર લઈ જઈ ગળું દબાવી હત્યા કર્યા બાદ લાશને ઝાડી-ઝાંખરામાં ફેંકી દીધી હતી. આ કેસમાં સંડોવાયેલ શખ્સની આણંદની સેશન્સ કોર્ટે તકસીરવાન ઠેરવી જન્મટીપની સજાનો હુકમ સંભળાવતા ભારે ચકચાર મચી ગઈ હતી.

મધ્યપ્રદેશના રાજગઢનો વતની અમન પંચાલ આણંદાના બાકરોલમાં રહેતા હતા. ગામમાં રહેતી સગીરા માતા સાથે ઘરકામ અર્થે આ વિસ્તારમાં અવરજવર કરતી હોઈ અમન પંચાલ આ કિશોરીને અવારનવાર પોતાની સાથે બોલાવવા માટે દબાણ કરતો હતો. જો કે કિશોરીએ ના પાડતા અમને જો મારી સાથે નહિ બોલે તો પરિવારના સભ્યોને મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. દરમ્યાન ગત તા.૨૭-૯-૨૦૧૭ના રોજ સાંજના સુમારે સગીરાનો ભાઈ દીપકુમાર ઉર્ફે ભયલુ ઉર્ફે કનૈયો (ઉ.વ.૧૧) સાઈકલ લઈને એક સલુનમાં હેરકટીંગ માટે ગયો હતો. બાદમાં મોડી રાત સુધી તે પરત ફર્યો નહતો જેથી પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી પરંતુ બે દિવસ બાદ તેનો મૃતદેહ જોળ ગામ નજીકથી પસાર થતી નહેરના નાળા ઉપર આવેલ મહુપુરા સીમ તરફ જવાના માર્ગની સાઈડમાં આવેલ ઝાડી-ઝાંખરામાંથી મળી આવ્યો હતો.

# ગ્રામવિકાસ એજન્સી દ્વારા નાણાં ન અપાતા સામૂહિક આપઘાતની ચિમકી

**કપડવંજ**

કપડવંજ તાલુકાના જગદીશભાઈ સોઢાને મટિરીયલ કોન્ટ્રાક્ટ જળાવ સમિતિ દ્વારા આપવામાં આવ્યો હતો તે લેબર કોન્ટ્રાક્ટ બાબુભાઈ પરમાર દ્વારા કઠલાલ તાલુકાના ચેલાવત ગ્રામ પંચાયતમા જળ શક્તિ અભિયાન હેઠળ જલ શક્તિનો ચેકડેમ નદી કિનારે મહાકાળી માતાના મંદિર પાસે ચેકડેમ બનાવવામાં આવેલ છે. આ ચેકડેમની કિંમત બનાવવા માટે કુલ રૂ.૨,૩૦,૦૦૦માં નક્કી કરવામાં આવી હતી. આ ચેકડેમનુ કામ ૮૫ ટકા પુરૂં કરવામાં આવ્યું છે પરંતુ નક્કી થયેલી રકમ ૨,૩૦,૦૦૦ ના કામ પેટે માત્ર રૂપિયા ૯,૦૦૦ આપવામાં આવેલ છે. બાકીના રૂપિયા ન આપવામાં આવતા મજૂરો મંજુરી બાબતે જગદીશભાઈને અપશબ્દો બોલીને મારવાની ધમકી આપે છે. જેના કારણે જગદીશ અપમાનિત થવું પડતું હોય તેઓ માનસિક તેમજ મજુરો લેબર કોન્ટ્રાકટરને આથક ત્રાસ ભોગવવાનો વારો આવ્યો છે. ના છુટકે જગદીશભાઈ મજુરોને લેબર કોન્ટ્રાકટર નર્મદા કેનાલ આપઘાત કરવો પડે તેવી પરીસ્થિતિ પેદા થઈ છે. તેઓએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને અરજીમાં જણાવ્યું છે કે ચેલાવત ગ્રામ પંચાયત સરપંચ કહે છે આપને ચુકવવાની મજુરી મને મળી નથી.

# નેશનલ પેરા સ્વિમિંગમાં વડોદરાની ગરિમા વ્યાસે બે ગોલ્ડ મેડલ મેળવ્યા

**હાંસોલ**

વડોદરા : આસામના ગુવાહાટી ખાતે યોજાયેલી ૨૨મી નેશનલ પેરા સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં વડોદરાની પેરા સ્વિમર ગરિમા વ્યાસે 2 ગોલ્ડ મેડલ સાથે શ્રેષ્ઠ મહિલા સ્વિમરની ટ્રોફી જીતી લીધી છે. ગુજરાતમાંથી કરોડરજ્જુની ઈજા સાથે ગોલ્ડ મેડલ અને શ્રે સ્વિમરની ટ્રોફી જીતનાર ગરિમા પ્રથમ સ્વિમર છે. આ ચેમ્પિયનશિપમાં વડોદરાના ૬ પેરા સ્વિમર સાથે ગુજરાતના કુલ ૩૨ પેરા સ્વિમરોએ ભાગ લીધો હતો અને ૧૮ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ સાથે ગુજરાત મેડલ ટેલીમાં છટ્ઠા નંબર પર આવ્યુ છે. ગરિમા એમ. એસ.માં એમ. એ. સાયકોલોજીનો અભ્યાસ કરે છે. તેણે આ વર્ષે જ ઉદેપુર ખાતે યોજાયેલી સ્વિમિંગની નેશનલ ચેમ્પિયનશિપમાં પણ ૧ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

# ખંભાત શહેર ભાજપ પ્રમુખ સહિત પાંચને 10 વર્ષની સખત કેદની સજા

**આણંદ**

ખંભાત ખાતે ૨૫ વર્ષ જૂના હત્યાના પ્રયાસના ગુનામાં શહેર ભાજપ પ્રમુખ પિનાકીન બ્રહ્મભટ્ટ સહિત જમુભાઈ ઉર્ફે જમનાદાસ પટેલ, કનુભાઈ બ્રહ્મભટ્ટ, ધર્મેન્દ્રભાઈ ઈનામદાર તથા અશોકભાઈ ભાસ્કરને કોર્ટે તકસીરવાર ઠેરવી દસ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. વર્ષ-૧૯૯૭માં ખંભાત શહેરમાં રહેતું એક દંપતિ શહેરના રાણા ચકલા વિસ્તારમાં આવેલ એક મંદિર ખાતે પૂજન-અર્ચન માટે જતુ હતું. દરમ્યાન સાધુ-સંતો સાથે સંપર્કમાં આવતા મંદિરના એક સાધુ અવારનવાર આ દંપતિના ઘરે જતા હતા. જેને લઈ અનૈતિક સંબંધોની ચર્ચાઓએ જોર પકડયું હતું. દરમ્યાન પિનાકીન બ્રહ્મભટ્ટ સહિતના પાંચ શખ્સો આ મંદિર સાથે સંકળાયેલા હોઈ આ બાબતે તેઓએ એપ્રીલ-૧૯૯૭માં દંપતિ સાથે ઝઘડો કર્યો હતો. બાદમાં થોડા દિવસ પછી દંપતિ શહેરના સરદાર ટાવર પાસે આવેલ એક જ્વેલરીની દુકાન ખાતે દાગીના ખરીદવા માટે ગયા હતા ત્યારે પિનાકીન બ્રહ્મભટ્ટ સહિતના પાંચ શખ્સો એકસંપ થઈ મારક હથિયાર સાથે ત્યાં આવી ચડયા હતા અને દંપતિ પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેથી આ અંગે ખંભાત શહેર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

# MSના પૂર્વ વિદ્યાર્થી પ્રો. વેંકીને બ્રિટનનુ ઓર્ડર ઓફ મેરિટ સન્માન મળ્યું

**વડોદરા**

એમ.એસ.યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી અને નોબેલ પ્રાઈઝ વિજેતા વૈજ્ઞાનિક તેમજ વેંકીના હુલામણા નામથી જાણીતા પ્રો.વેંકટરામન રામક્રિષ્ણને બ્રિટનનુ પ્રતિષ્ઠિત ઓર્ડર ઓફ મેરિટ સન્માન આપવામાં આવ્યુ છે.વિજ્ઞાન ક્ષેત્રમાં પ્રો.વેકીએ આપેલા યોગદાન બદલ તેમને સન્માનિત કરાયા છે. ઉલ્લેખનીય છે કે, વેંકી ભારતીય મૂળના છે.તેમના પિતા પ્રો.રામક્રિષ્ણન એમ.એસ.યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં બાયોકેમેસ્ટ્રીના પ્રોફેસર હતા .વેંકીએ પણ વડોદરાની ફતેગંજ વિસ્તારમાં આવેલી કોન્વેન્ટ સ્કૂલમાં અને બાદમાં એમ.એસ.યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં અભ્યાસ કર્યો હતો. એ પછી વધુ અભ્યાસ માટે તેઓ વિદેશ ગયા હતા ગયા હતા અને યુકેમાં સ્થાયી થયા હતા.૨૦૦૯માં તેમને કેમેસ્ટ્રી વિષયનો નોબેલ પુરસ્કાર મળ્યો હતો.




# દેવામાં ડૂબેલી વડોદરાની સ્ટર્લિંગ બાયોટેકને ખરીદવા US કંપનીની 638 કરોડની ઓફર

## કંપનીને ખરીદવા માટે 548 કરોડ રુપિયાની રિઝર્વ પ્રાઈસ રાખવામાં આવી હતી

**વડોદરા**

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલની મુંબઈ બેન્ચે વડોદરાની સ્ટર્લિંગ બાયોટેકને ખરીદવા માટે અમેરિકાની પરફેક્ટ ડે નામની કંપનીને લીલી ઝંડી આપી દીધી છે. વડોદરાની આ કંપનીને ખરીદવા માટે 548 કરોડ રુપિયાની રિઝર્વ પ્રાઈસ રાખવામાં આવી હતી અને તેની સામે અમેરિકા સ્થિત કંપનીએ એપ્રિલ મહિનામાં 638 કરોડ રુપિયાની ઓફર કરી હતી.

સ્ટર્લિંગ બાયોટેક પર હાલમાં 8100 કરોડ રુપિયાનુ દેવુ છે.એનસીએલટીએ કંપનીની હાલની શેર મૂડીને રદ કરવા માટે પણ મંજૂરી આપવાની સાથે સાથે કંપની હસ્તગત કરનાર પરફેક્ટ ડે કંપનીને શેરની ફાળવણી કરવા માટે તેમજ સ્ટોક એક્સેચેન્જ તેમજ સબંધિત સરકારી વિભાગોમાં કંપની હસ્તગત કરવા માટેની કાર્યવાહી આગળ વધારવા માટે પણ પરવાનગી આપી દીધી છે. સ્ટર્લિંગ બાયોટેકને ખરીદનાર કંપની અમેરિકાના કેલિફોર્નિયા ખાતે ફૂડ ટેકનોલોજી સેક્ટરમાં કામ કરતી સ્ટાર્ટ અપ કંપની છે અને તેના માલિક પણ અમેરિકા સ્થિત રાયન પંડ્યા અને પેરુમલ ગાંધી નામના બે ગુજરાતીઓ છે. એનસીએલટીએ કરેલા ઓર્ડર અનુસાર સ્ટર્લિંગ બાયોટેકની શેર મૂડીનો 73 ટકા હિસ્સો સીધો જ હસ્તગત કરશે. સ્ટર્લિંગ બાયોટેકને હસ્તગત કરવા માટે શરુઆતમાં કુલ 6 થી સાત કંપનીઓ મેદાનમાં હતી પણ સક્રિય રીતે બિડિંગમાં અમેરિકા સહિતની બે જ કંપનીઓએ ભાગ લીધો હતો.

# રાજકોટમાં હાહાકાર મચાવનારા સ્ટોનકિલરને આજીવન કેદની સજા

**રાજકોટ**

રાજકોટમાં ત્રણ હત્યા કરનાર સ્ટોનકિલર હિતેષ રામાવતને કોર્ટે એક હત્યાના કેસમાં આજીવન કેદની સજા અને 1 લાખનો દંડ ફટકાર્યો છે. 2021માં હિતેષને બે હત્યા કેસમાં શંકાના આધારે નિર્દોષ છોડી મુકવામાં આવ્યો હતો. પરંતુ હવે એક હત્યા કેસમાં તેને સજા ફટકારવામાં આવી છે. રાજકોટમાં વર્ષ 2016માં સ્ટોનકિલરનો ભય જોવા મળી રહ્યો હતો. આ હિતેષ ખાસ પ્લાનિંગ સાથે આવતો હતો અને લોકોની હત્યા કરતો હતો. ત્યારબાદ તે ષુષ્ટિ વિરુદ્ધનું કૃત્ય પણ કરતો હતો. તેણે રાજકોટમાં 20 એપ્રિલ 2016ના રોજ ભક્તિનગર સ્ટેશન પ્લોટ વિસ્તારમાં સાગર મેવાડાની હત્યા કરી હતી. ત્યારબાદ 23 મેએ: મંજકા નજીક એક રિક્ષાચાલકની હત્યા કરી હતી. ત્યારબાદ 26 મે 2016ના કાલાવડ રોડ પર હત્યાનો પ્રયાસ કર્યો હતો. 2 જૂન 2016ના રોજ વલ્લભભાઈ નામના એક પ્રૌઢની પણ તેણે હત્યા કરી હતી.

આ હિતેષ રામાવતે 2016ના વર્ષમાં ત્રણ-ત્રણ હત્યા કરીને ચકચાર મચાવી હતી. તે પોલીસના હાથમાં પણ આવતો નહોતો. હિતેષ પથ્થરો વડે માથા પર હુમલો કરીને લોકોની હત્યા કરતો હતો, એટલે તેનું નામ સ્ટોનકિલર પડી ગયું હતું.

# રાજ્યનો પહેલો કિસ્સોઃ રાજકોટમાં ગાયના માલિક સામે ગુનો નોંધાયો

**રાજકોટ**

રાજકોટ નહિ પણ કદાચ આ રાજ્યનો પહેલો બનાવ કહી શકાય કે રખડતા ઢોરના લીધે કોઈ વ્યક્તિનું મૃત્યું થયું હોય અને ઢોર માલિક સામે ગુનો નોંધવામાં આવ્યો હોય. રાજકોટના ગોપાલ ચોક પાસે રહેતા રસિકભાઈ મોરારજીભાઈ ઠકરાર નામના વૃદ્ધ ગત મંગળવારના રોજ વહેલી સવારે દૂધ લેવા માટે નીકળ્યા, ત્યારે ગોપાલ ચોક પાસે આવેલ નિવેદિતા સોસાયટી પાસે આ વૃદ્ધને રખડતા ઢોરે અડફેટે લઈને તેના પર હુમલો કર્યો હતો. ત્યારે વૃદ્ધ બચાવ માટેની માંગ કરી રહ્યા હતા. પરંતુ રખડતા ઢોરનો હુમલો જોઈ કોઈએ પણ બચાવ માટેની હિંમત કરી નહોતી અને વૃદ્ધને વધુ ઈજા પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતુ. જેથી પરિવારજનોએ કોર્પોરેશનથી લઈ સ્થાનિક રાજકારણીઓની મદદ માંગતા બધાએ હાથ અધ્ધર કર્યા હતા.

# ભારત સાથે બીજા ૧૫ દેશો હિન્દુ રાષ્ટ્ર જાહેર થવા તૈયાર : શંકરાચાર્ય

**વડોદરા**

હિન્દુ રાષ્ટ્ર અભિયાન અંતગર્ત જગન્નાથપુરીના ગોર્વધન મઠના શ્રીમદ જગદગુરુ શંકરાચાર્ય નિશ્ચલાનંદ સરસ્વતી મહારાજે વડોદરામાં એક હિન્દુ રાષ્ટ્ર ધર્મ સભાને સંબોધન કર્યુ હતુ. ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવાના અભિયાનમાં દરેક વ્યક્તિએ આગળ આવવુ પડશે.એક વ્યક્તિએ બીજા નવ વ્યક્તિને અભિયાનમાં જોડવા માટેનુ લક્ષ્ય રાખવુ પડશે.તમારી આસપાસના મંદિર અને બીજા હિન્દુ ધર્મસ્થાનોને મજબૂત બનાવવા પડશે.આ માટે દરેક વ્યક્તિએ એક રુપિયો દાનમાં આપવાનુ લક્ષ્ય રાખવુ પડશે. આધ્યાત્મિકતાને મજબૂત બનાવવા માટે રોજ એક કલાક ભગવાન પાછળ ગાળવો પણ જરુરી છે. ભારત જ નહીં પણ દુનિયામાં બીજા પણ હિન્દુઓનુ વર્ચસ્વ હોય તેવા દેશો છે.જો સરકાર ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરે તો બીજા ૧૫ દેશો એક વર્ષની અંદર પોતાના દેશને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવા માટે તૈયાર છે.

સાડા ત્રણ વર્ષમાં હિન્દુ રાષ્ટ્ર બની શકે છે તેવી આગાહી કરતા શંકરાચાર્ય નિશ્ચલાનંદ સરસ્વતીએ કહ્યુ હતુ કે, હિન્દુ રાષ્ટ્ર માટે હિન્દુ સમાજમાં વધારે જાગૃતિ ફેલાવવાની અને પ્રચાર પ્રસારની પણ જરુર છે.

# સોનીના આપઘાત પ્રકરણમાં વડોદરાના મહિલા MLAના સમર્થકોની પૂછપરછ કરાઈ

**વડોદરા**

વ્યાજખોરોના વિષચક્રમાં ફસાયેલા સોનીનું દુકાન સાથેનું મકાન પડાવી લેતાં વડોદરાના સોનીએ ઝેરી દવા પીનો પ્રયાસ કર્યો હતો જેમાં વડોદરા કોર્પોરેશન સંચાલિત શિક્ષણ સમિતિના ભારતીય જનતા પાર્ટીના સભ્ય અને વડોદરા શહેર વાડીના મહિલા ધારાસભ્યના અંગત ટેકેદારની પોલીસે અટકાયત કરી પૂછપરછ કરી હતી. જેમાં દિમેશ રમેશભાઈ ચૌહાણ, જયેશ રમેશભાઈ ચૌહાણ, રામપ્રસાદ અરવિંદભાઈ રાજપૂત, રાજન રાજપૂત, રણજીત નારાયણભાઈ રાજપૂત, અર્જુન નારાયણભાઈ રાજપૂત, ગોલુ રાજપૂત હિતેશ રાજપૂત, અભિષેક ડી. પવાર, સુમન પી. દવેનો સમાવેશ થાય છે. બુધવારે પોલીસ વિભાગ દ્વારા એક પછી એક નામોની યાદી પ્રમાણે વ્યક્તિઓને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા હતા.



# ભાવનગર: માલણકાના આધેડની હત્યામાં 2 ભાઈઓને આજીવન કેદ

## છરીના આડેધડ ઘા ઝીંકી ખૂન કરનારાઓને ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટે કેદની સજા ઉપરાંત દંડ પણ ફટકાર્યો

**ભાવનગર**

ભાવનગર નજીકના માલણકા ગામે રહેતા રમેશભાઈ મનજીભાઈ બારૈયાએ તે જ ગામો રહેતો ગીગા ગફાભાઈ બારૈયા નામના શખ્સને વાપરવા માટે હાથઉછીના રૂા.૫૦,૦૦૦ રોકડા આપ્યા હતા. ત્યારબાદ રમેશભાઈએ આ શખ્સ પાસેથી પોતાના પૈસાની અવાર-નવાર ઉઘરાણી કરતા તે વાતને લઈ ગીગા બારૈયાના બે પુત્ર નિલેશ ગીગાભાઈ બારૈયા (ઉ.વ.૨૬) અને નિતેશ ગીગાભાઈ બારૈયા (ઉ.વ.૨૫, રહે, ઘનશ્યામપરા, તગડી રોડ, માલણકા) નામના શખ્સોએ ગત તા.૨૯-૫-૨૦૨૦ના રોજ માલણકા ગામે રમેશભાઈ બારૈયા ઉપર છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. જેમાં તેઓને માથા, છાતી, બન્ને હાથના બાવડા, વાંસાના ભાગે લોહિયાળ ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું હતું. પૈસાની ઉઘરાણી મામલે આધેડની થયેલી હત્યામાં મૃતકના પુત્ર હિતેશભાઈ રમેશભાઈ બારૈયાએ વરતેજ પોલીસ મથકમાં હત્યારા બન્ને ભાઈ નિલેશ અને નિતેશ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે આઈપીસી ૩૦૨, ૧૧૪ અને જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી બન્નેની ધરપકડ કરી હતી.

દરમિયાનમાં અઢી વર્ષ પૂર્વે થયેલી ચકચારી ખૂનની ઘટનાનો કેસ આજે મંગળવારે ભાવનગર ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એલ.એસ. પીરઝાદાની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ ધુરવભાઈ મહેતાની અસરકારક દલીલો, આધાર-પુરાવા, સાક્ષીઓને ગ્રાહ્ય રાખી આરોપી નિલેશ બારૈયા અને નિતેશ બારૈયાને આઈપીસી ૩૦૨ સહિતની કલમમાં ગુનેગાર સાબિત માની ન્યાયમૂર્તિ એલ.એસ. પીરઝાદાએ બન્નેને આજીવન કેદની સજા અને રોકડ રૂા.૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

# કોલવડાના દિલીપ સિંહની હત્યા કરનાર બન્ને આરોપી જેલભેગા

**ગાંધીનગર**

ગાંધીનગર શહેર નજીક આવેલા કોલવડામાં અઢી મહિના અગાઉ આધેડની છરી અને રિવોલ્વરની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી જે ગુનામાં ફરાર બે આરોપીઓને પેથાપુર પોલીસે ઝડપી લીધા હતા અને સાત દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. હત્યા સમયે પહેરેલા લોહીવાળા કપડાં પણ પોલીસે કબ્જે કરી લીધા છે ત્યારે રિમાન્ડ પુરા થતા તેમને કોર્ટમાં રજુ કરતા તેમને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી આપવામાં આવ્યા છે. ગાંધીનગર શહેર નજીક આવેલા કોલવડા ગામમાં રહેતા દિલીપસિંહ ભવાનજી વાઘેલાની ગત ૧૪ ઓગસ્ટના રોજ ગોળી અને છરી મારીને હત્યા કરવામાં આવી હતી. જે સંદર્ભે પેથાપુર પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કોલવડામાં જ રહેતા ઘનશ્યામસિંહ વાઘેલા ઉર્ફે જમાદાર દ્વારા તેના સાગરીતો પ્રભાતજી સુખાજી ડાભી, વિપુલ ઉર્ફે ગટ્ટી ભુપતજી ઠાકોર અને અન્ય એક વ્યક્તિને સોપારી આપી આ હત્યાના ગુનાને અંજામ આપવામાં આવ્યો હતો.

# ભદ્રેશદાસ સ્વામીએ R20 ફોરમમાં સનાતન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું




**અમદાવાદ**

21મી સદીના વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે ‘R20 રિલીજિયસ ફોરમ’ નવી વૈશ્વિક પહેલ છે, જે G20 સભ્ય દેશોના ધાર્મિક નેતાઓને એકસાથે લાવે છે. રશિયા, ભારત, અમેરિકા, સાઉદી અરેબિયા, ઓસ્ટ્રેલિયા, યુરોપ, આફ્રિકા વગેરે દેશોમાંથી મહાનુભાવોને - ઈન્ડોનેશિયાના બાલીમાં ખાતે 2 નવેમ્બર અને 3 નવેમ્બરના રોજ સમિટ માટે આમંત્રણ અપાયું હતું.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ મહામહિમ જોકો વિડોડોએ વિશ્વના નેતાઓ અને ધાર્મિક વિદ્વાનોનું સ્વાગત કરીને R20 સમિટના પ્રારંભિક સત્રને સંબોધિત કર્યું હતું જેમાં ભારતના ત્રણ વિદ્વાનોએ સનાતન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જેમાં મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી, બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા, શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગીરી મહારાજ અને અખિલ ભારતીય ચિન્મય યુવા કેન્દ્રના નિયામક સ્વામી મિત્રાનંદ સરસ્વતીનો સમાવેશ થાય છે. વિશ્વના 400થી વધુ પ્રતિષ્ઠિત ધર્મના પ્રતિનિધિઓને સંબોધવા માટે મુખ્ય વક્તા તરીકે આયોજકો દ્વારા BAPS સંસ્થાના મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM

Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN :
11.00 AM to 6.00 PM

Mississauga
WE MOVED TO
6800 REXWOOD ROAD, UNIT - D
: Phone :
905-673-9631
647-761-1317
647-657-9631
------: SAT-SUN :------
11.00 AM to 5.00 PM
-----: MON-FRI : ------
9.30 AM to 5.00 PM
----: WEEKENDS :----
11.00 AM TO 5.00PM


NEW LOCATION OPENED FROM 1ST OCT 2022
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
STARTING IN OCT - ONLY FOR 4DAYS A WEEK
THU & FRI - 2PM TO 9PM AND WEEKENDS - 11AM TO 7PM
NOV - MON CLOSED AND TUE - FRI 2PM TO 9PM WEEKENDS - 11AM TO 7PM
CONTACT - 6477611317 / 6476579631
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગુજરાત વિધાનસભાનો ચૂંટણી સંગ્રામ : કઈ કઈ બેઠક પર કોની કોની વચ્ચે થશે ટક્કર

| ક્રમ | બેઠક | જિલ્લો | ભાજપ | કોંગ્રેસ | આપ |
|---|---|---|---|---|---|
| 1 | અબડાસા- | કચ્છ-1 | પ્રદ્યુમ્નસિંહ જાડેજા | મામદ જત | વસંત ખેતાણી |
| 2 | માંડવી- | કચ્છ-2 | અનિરુદ્ધ દવે | રાજેન્દ્રસિંહ જાડેજા | કૈલાશ ગઢવી |
| 3 | ભુજ- | કચ્છ-3 | કેશુભાઈ પટેલ | અરજણ ભૂડિયા | રાજેશ પાંડોરિયા |
| 4 | અંજાર | કચ્છ-4 | ત્રિકમ છાંગા | રમેશ ડાંગર | અરજણ રબારી |
| 5 | ગાંધીધામ-SC-1 | કચ્છ-5 | માલતી મહેશ્વરી | ભરત સોલંકી | બી. ટી. મહેશ્વરી |
| 6 | રાપર | કચ્છ-6 | વીરેન્દ્રસિંહ જાડેજા | બચુભાઈ અરેઠિયા | આંબાભાઈ પટેલ |
| 7 | વાવ- | બનાસકાંઠા-1 | સ્વરૂપજી ઠાકોર | ગેનીબહેન ઠાકોર | ડૉ. ભીમ પટેલ |
| 8 | થરાદ | બનાસકાંઠા-2 | શંકર ચૌધરી | ગુલાબસિંહ રાજપૂત | વિરચંદ ચાવડા |
| 9 | ધાનેરા | બનાસકાંઠા-3 | ભગવાન ચૌધરી | નથાભાઈ પટેલ | સુરેશ દેવડા |
| 10 | દાંતા-ST-1 | બનાસકાંઠા-4 | લઘુભાઈ પારઘી | કાંતિ ખરાડી | એમ.કે. બુંબડિયા |
| 11 | વડગામ-SC-2 | બનાસકાંઠા-5 | મણિભાઈ વાઘેલા | જિજ્ઞેશ મેવાણી | દલપત ભાટિયા |
| 12 | પાલનપુર | બનાસકાંઠા-6 | અનિકેત ઠાકર | મહેશ પટેલ | રમેશ નાભાણી |
| 13 | ડીસા | બનાસકાંઠા-7 | પ્રવીણ માળી | સંજય રબારી | ડૉ. રમેશ પટેલ |
| 14 | દિયોદર | બનાસકાંઠા-8 | કેશાજી ચૌહાણ | ઠાકોરશિવા ભૂરિયા | ભેમાભાઈ ચૌધરી |
| 15 | કાંકરેજ | બનાસકાંઠા-9 | કીર્તિસિંહ વાઘેલા | અમરત ઠાકોર | મુકેશ ઠક્કર |
| 16 | રાધનપુર | પાટણ-1 | લવિંગજી ઠાકોર | રઘુ દેસાઈ | લાલજી ઠાકોર |
| 17 | ચાણસ્મા | પાટણ-2 | દિલીપ ઠાકોર | દિનેશ ઠાકોર | વિષ્ણુ પટેલ |
| 18 | પાટણ | પાટણ-3 | રાજુલબહેન દેસાઈ | કિરીટ પટેલ | લાલેશ ઠક્કર |
| 19 | સિદ્ધપુર | પાટણ-4 | બળવંતસિંહ રાજપૂત | ચંદનજી ઠાકોર | મહેન્દ્ર રાજપૂત |
| 20 | ખેરાલુ | મહેસાણા-1 | સરદાર ચૌધરી | મુકેશ દેસાઈ | દિનેશ ઠાકોર |
| 21 | ઊંઝા | મહેસાણા-2 | કે. કે. પટેલ | અરવિંદ પટેલ | ઉર્વિશ પટેલ |
| 22 | વીસનગર | મહેસાણા-3 | ઋષિકેશ પટેલ | કિરીટ પટેલ | જયંતી પટેલ |
| 23 | બેચરાજી | મહેસાણા-4 | સુખાજી ઠાકોર | ભોપાજી ઠાકોર | સાગર રબારી |
| 24 | કડી-SC-3 | મહેસાણા-5 | કરશન સોલંકી | પ્રવીણ પરમાર | એચ. કે. ડાભી |
| 25 | મહેસાણા | મહેસાણા-6 | મુકેશ પટેલ | પી. કે. પટેલ | ભગત પટેલ |
| 26 | વીજાપુર | મહેસાણા-7 | રમણ પટેલ | સી. જે. ચાવડા | ચિરાગ પટેલ |
| 27 | હિંમતનગર | સાબરકાંઠા-1 | વી. ડી. ઝાલા | કમલેશ પટેલ | નિર્મલસિંહ પરમાર |
| 28 | ઈડર- SC-4 | સાબરકાંઠા-2 | રમણલાલ વોરા | રામભાઈ સોલંકી | જયંતી પ્રણામી |
| 29 | ખેડબ્રહ્મા-ST-2 | સાબરકાંઠા-3 | અશ્વિન કોટવાલ | તુષાર ચૌધરી | બિપિન ગામેતી |
| 30 | ભિલોડા-ST-3 | અરવલ્લી-1 | પી. સી. બરંડા | રાજુ પારઘી | રૂપસિંહ ભગોડા |
| 31 | મોડાસા | અરવલ્લી-2 | ભીખુ પરમાર | રાજેન્દ્રસિંહ ઠાકોર | રાજેન્દ્રસિંહ પરમાર |
| 32 | બાયડ | અરવલ્લી-3 | ભીખી પરમાર | મહેન્દ્રસિંહ વાઘેલા | ચુનીભાઈ પટેલ |
| 33 | પ્રાંતિજ | સાબરકાંઠા-4 | ગજેન્દ્રસિંહ પરમાર | બેચરસિંહ રાઠોડ | અલ્પેશ પટેલ |
| 34 | દહેગામ | ગાંધીનગર-1 | બલરાજસિંહ ચૌહાણ | વખતસિંહ ચૌહાણ | સુહાગ પંચાલ |
| 35 | ગાંધીનગર દક્ષિણ | ગાંધીનગર-2 | અલ્પેશ ઠાકોર | હિમાંશુ પટેલ | દોલત પટેલ |
| 36 | ગાંધીનગર ઉત્તર | ગાંધીનગર-3 | રીટાબહેન પટેલ | વીરેન્દ્રસિંહ વાઘેલા | મુકેશ પટેલ |
| 37 | માણસા | ગાંધીનગર-4 | જયંતી ચૌધરી | બાબુસિંહ ઠાકોર | ભાસ્કર પટેલ |
| 38 | કલોલ | ગાંધીનગર-5 | બકાજી ઠાકોર | બળદેવજી ઠાકોર | કાંતિજી ઠાકોર |
| 39 | વીરમગામ | અમદાવાદ-1 | હાર્દિક પટેલ | લાખા ભરવાડ | કુંવરજી ઠાકોર |
| 40 | સાણંદ | અમદાવાદ-2 | કનુ પટેલ | રમેશ કોળી | કુલદીપ વાઘેલા |
| 41 | ઘાટલોડિયા | અમદાવાદ-3 | ભૂપેન્દ્ર પટેલ | અમી યાજ્ઞિક | વિજય પટેલ |
| 42 | વેજલપુર | અમદાવાદ-4 | અમિત ઠાકર | રાજેન્દ્ર પટેલ | કલ્પેશ પટેલ ભોલો |
| 43 | વટવા | અમદાવાદ-5 | બાબુસિંહ જાધવ | બળવંત ગઢવી | બિપિન પટેલ |
| 44 | એલિસબ્રિજ | અમદાવાદ-6 | અમિત પી. શાહ | ભીખુ દવે | પારસ શાહ |
| 45 | નારણપુરા | અમદાવાદ-7 | જિતેન્દ્ર પટેલ | સોનલ પટેલ | પંકજ પટેલ |
| 46 | નિકોલ | અમદાવાદ-8 | જગદીશ વિશ્વકર્મા | રણજિત બારડ | અશોક ગજેરા |
| 47 | નરોડા | અમદાવાદ-9 | ડૉ. પાયલ કુકરાણી | નિકુલસિંહ તોમર | ઓમપ્રકાશ તિવારી |
| 48 | ઠક્કરબાપાનગર | અમદાવાદ-10 | કંચન રાદડિયા | વિજય બ્રહ્મભટ્ટ | સંજય મોરી |
| 49 | બાપુનગર | અમદાવાદ-11 | દિનેશસિંહ કુશવાહ | હિંમતસિંહ પટેલ | રાજેશ દીક્ષિત |
| 50 | અમરાઈવાડી | અમદાવાદ-12 | ડૉ. હસમુખ પટેલ | ધર્મેન્દ્ર પટેલ | વિનય ગુપ્તા |
| 51 | દરિયાપુર | અમદાવાદ-13 | કૌશિક જૈન | ગ્યાસુદીન શેખ | તાજ કુરેશી |
| 52 | જમાલપુર-ખાડિયા | અમદાવાદ-14 | ભૂષણ ભટ્ટ | ઈમરાન ખેડાવાલા | હારુન નાગોરી |
| 53 | મણિનગર | અમદાવાદ-15 | અમૂલ ભટ્ટ | સી. એમ. રાજપૂત | વિપુલ પટેલ |
| 54 | દાણીલીમડા-SC-5 | અમદાવાદ-16 | નરેશ વ્યાસ | શૈલેશ પરમાર | દિનેશ કાપડિયા |
| 55 | સાબરમતી | અમદાવાદ-17 | ડૉ. હર્ષદ પટેલ | દિનેશ મહિડા | જશવંત ઠાકોર |
| 56 | અસારવા-SC-6 | અમદાવાદ-18 | દર્શના વાઘેલા | વિપુલ પરમાર | જે. જે. મેવાડા |
| 57 | દસક્રોઈ | અમદાવાદ-19 | બાબુ જમના પટેલ | ઉમેદી બુધાજી ઝાલા | કિરણ પટેલ |
| 58 | ધોળકા | અમદાવાદ-20 | કિરીટસિંહ ડાભી | અશ્વિન રાઠોડ | જટુભા ગોલ |
| 59 | ધંધૂકા | અમદાવાદ-21 | કાળુભાઈ ડાભી | હરપાલસિંહ ચૂડાસમા | ચંદુ બમરોલિયા |
| 60 | દસાડા-SC-7 | સુરેન્દ્રનગર-1 | પરષોત્તમ પરમાર | નૌશાદ સોલંકી | અરવિંદ સોલંકી |
| 61 | લીંબડી | સુરેન્દ્રનગર-2 | કિરીટસિંહ રાણા | કલ્પના મકવાણા | મયૂર સાકરિયા |
| 62 | વઢવાણ | સુરેન્દ્રનગર-3 | જગદીશ મકવાણા | તરુણ ગઢવી | હિતેશ પટેલ |
| 63 | ચોટીલા | સુરેન્દ્રનગર-4 | શામજી ચૌહાણ | ઋત્વિક મકવાણા | રાજુ કરપડા |
| 64 | ધ્રાંગધ્રા | સુરેન્દ્રનગર-5 | પ્રકાશ વરમોરા | છત્રસિંહ ગુંજારિયા | વાઘજી પટેલ |
| 65 | મોરબી | મોરબી-1 | કાંતિ અમૃતિયા | જયંતી પટેલ | પંકજ રાણસરિયા |
| 66 | ટંકારા | મોરબી-2 | દુર્લભજી દેથરિયા | લલીત કગથરા | સંજય ભટાસણા |
| 67 | વાંકાનેર | મોરબી-3 | જિતેન્દ્ર સોમાણી | મહમદ પિરઝાદા | વિક્રમ સોરાણી |
| 68 | રાજકોટ પૂર્વ | રાજકોટ-1 | ઉદય કાનગડ | ઈન્દ્રનીલ રાજ્યગુરુ | રાહુલ ભૂવા |
| 69 | રાજકોટ પશ્ચિમ | રાજકોટ-2 | દર્શિતા શાહ | મનસુખ કાલરિયા | દિનેશ જોશી |
| 70 | રાજકોટ દક્ષિણ | રાજકોટ-3 | રમેશ ટીલાળા | હિતેશ વોરા | શિવલાલ બારસિયા |
| 71 | રાજ. ગ્રામ્ય SC-8 | રાજકોટ-4 | ભાનુ બાબરિયા | સુરેશ બથવાર | વશરામ સાગઠિયા |
| 72 | જસદણ | રાજકોટ-5 | કુંવરજી બાવળિયા | ભોળાભાઈ ગોહિલ | તેજસ ગાજીપરા |
| 73 | ગોંડલ | રાજકોટ-6 | ગીતાબા જાડેજા | યતિશ દેસાઈ | નિમિષા ખૂંટ |
| 74 | જેતપુર | રાજકોટ-7 | જયેશ રાદડિયા | દીપક વેકરિયા | રોહિત ભૂવા |
| 75 | ધોરાજી | રાજકોટ-8 | મહેન્દ્ર પાડલિયા | લલીત વસોયા | વિપુલ સખિયા |
| 76 | કાલાવડ-SC-9 | જામનગર-1 | મેઘજી ચાવડા | પ્રવીણ મૂછડિયા | ડૉ. જિજ્ઞેશ સોલંકી |
| 77 | જામનગર ગ્રામ્ય | જામનગર-2 | રાઘવજી પટેલ | જીવણ કુંભારવાડિયા | પ્રકાશ દોંગા |
| 78 | જામનગર ઉત્તર | જામનગર-3 | રિવાબા જાડેજા | બિપેન્દ્રસિંહ જાડેજા | કરશન કરમૂર |
| 79 | જામનગર દક્ષિણ | જામનગર-4 | દિવ્યેશ અકબરી | મનોજ કથીરિયા | વિશાલ ત્યાગી |
| 80 | જામજોધપુર | જામનગર-5 | ચિમન સાપરિયા | ચિરાગ કાલરિયા | હેમંત ખવા |
| 81 | ખંભાળિયા | દ્વારકા-1 | મૂળુભાઈ બેરા | વિક્રમ માડમ | ઈસુદાન ગઢવી |
| 82 | દ્વારકા | દ્વારકા-2 | પબુભા માણેક | મૂળુ કંડોરિયા | લખમણ નકુમ |
| 83 | પોરબંદર | પોરબંદર-1 | બાબુ બોખીરિયા | અર્જુન મોઢવાડિયા | જીવન જુંગી |
| 84 | કુતિયાણા | પોરબંદર-2 | ઢેલીબહેન ઓડેદરા | નાથા ઓડેદરા | ભીમા મકવાણા |
| 85 | માણાવદર | જૂનાગઢ-1 | જવાહર ચાવડા | અરવિંદ લાડાણી | કરસન ભાદરકા |
| 86 | જૂનાગઢ | જૂનાગઢ-2 | સંજય કોરડિયા | ભીખાભાઈ જોશી | ચેતન ગજેરા |
| 87 | વીસાવદર | જૂનાગઢ-3 | હર્ષદ રીબડિયા | કરશન વડોદરિયા | ભૂપત ભાયાણી |
| 88 | કેશોદ | જૂનાગઢ-4 | દેવા માલમ | હીરાભાઈ જોટવા | રામજી ચૂડાસમા |
| 89 | માંગરોળ | જૂનાગઢ-5 | ભગવાનજી કરગટિયા | બાબુભાઈ વાજા | પીયૂષ પરમાર |
| 90 | સોમનાથ | ગીર સોમનાથ-1 | માનસિંહ પરમાર | વિમલ ચૂડાસમા | જગમાલ વાળા |
| 91 | તાલાલા | ગીર સોમનાથ-2 | ભગવાન બારડ | માનસિંહ ડોડિયા | દેવેન્દ્ર સોલંકી |
| 92 | કોડિનાર-SC-10 | ગીર સોમનાથ-3 | પ્રદ્યુમ્ન વાજા | મહેશ મકવાણા | વાલજી મકવાણા |
| 93 | ઊના | ગીર સોમનાથ-4 | કે. સી. રાઠોડ | પૂંજાભાઈ વંશ | સેજલ ખૂંટ |
| 94 | ધારી | અમરેલી-1 | જયસુખ કાકડિયા | કીર્તિ બોરીસાગર | કાંતિ સતાસિયા |
| 95 | અમરેલી | અમરેલી-2 | કૌશિક વેકરિયા | પરેશ ધાનાણી | રવિ ધાનાણી |
| 96 | લાઠી | અમરેલી-3 | જનક તલાવિયા | વીરજી ઠુંમર | જયસુખ દેત્રોજા |
| 97 | સાવરકુંડલા | અમરેલી-4 | મહેશ કસવાલા | પ્રતાપ દૂધાત | ભરત નાકરાણી |
| 98 | રાજુલા | અમરેલી-5 | હીરા સોલંકી | અમરિષ ડેર | ભરત બલદાણિયા |
| 99 | મહુવા | ભાવનગર-1 | શિવા ગોહિલ | કનુ કલસરિયા | અશોક જોલિયા |
| 100 | તળાજા | ભાવનગર-2 | ગૌતમ ચૌહાણ | કનુ બારૈયા | લાલુબહેન ચૌહાણ |
| 101 | ગારિયાધાર | ભાવનગર-3 | કેશુભાઈ નાકરાણી | દિવ્યેશ ચાવડા | સુધીર વાઘાણી |
| 102 | પાલિતાણા | ભાવનગર-4 | ભીખાભાઈ બારૈયા | પ્રવીણ રાઠોડ | ડૉ. ઝેડ. પી. ખેની |
| 103 | ભાવનગર ગ્રામ્ય | ભાવનગર-5 | પરસોત્તમ સોલંકી | રેવતસિંહ ગોહિલ | ખુમાણસિંહ ગોહિલ |
| 104 | ભાવનગર પૂર્વ | ભાવનગર-6 | સેજલબહેન પંડ્યા | બળદેવ સોલંકી | હમીર રાઠોડ |
| 105 | ભાવનગર પશ્ચિમ | ભાવનગર-7 | જિતુ વાઘાણી | કિશોરસિંહ ગોહિલ | રાજુ સોલંકી |
| 106 | ગઢડા-SC-11 | બોટાદ-1 | શંભુપ્રસાદ ટુંડિયા | જગદીશ ચાવડા | રમેશ પરમાર |
| 107 | બોટાદ | બોટાદ-2 | ઘનશ્યામ વિરાણી | મનહર પટેલ | ઉમેશ મકવાણા |
| 108 | ખંભાત | આણંદ-1 | મહેશ રાવલ | ચિરાગ પટેલ | અરુણ ગોહિલ |
| 109 | બોરસદ | આણંદ-2 | રમણ સોલંકી | રાજેન્દ્રસિંહ પરમાર | મનીષ પટેલ |
| 110 | આંકલાવ | આણંદ-3 | ગુલાબસિંહ પઢિયાર | અમિત ચાવડા | ગજેન્દ્ર સિંહ |
| 111 | ઉમરેઠ | આણંદ-4 | ગોવિંદ પરમાર | જયંત બોસ્કી | અમરીશ પટેલ |
| 112 | આણંદ | આણંદ-5 | યોગેશ પટેલ | કાંતિ સોઢા પરમાર | ગિરીશ શાંડિલ્ય |
| 113 | પેટલાદ | આણંદ-6 | કમલેશ પટેલ | પ્રકાશ પરમાર | અર્જુન ભરવાડ |
| 114 | સોજીત્રા | આણંદ-7 | વિપુલ પટેલ | પૂનમભાઈ પરમાર | મનુભાઈ ઠાકોર |
| 115 | માતર | ખેડા-1 | કલ્પેશ પરમાર | સંજય પટેલ | લાલજી પરમાર |
| 116 | નડિયાદ | ખેડા-2 | પંકજ દેસાઈ | ધ્રુવલ પટેલ | હર્ષદ વાઘેલા |
| 117 | મહેમદાવાદ | ખેડા-3 | અર્જુનસિંહ ચૌહાણ | જુવાનસિંહ ચૌહાણ | પ્રમોદ ચૌહાણ |
| 118 | મહુધા | ખેડા-4 | સંજયસિંહ મહિડા | ઈન્દ્રજિતસિંહ પરમાર | રવજી વાઘેલા |
| 119 | ઠાસરા | ખેડા-5 | યોગેન્દ્રસિંહ પરમાર | કાંતિ પરમાર | નટવરસિંહ રાઠોડ |
| 120 | કપડવંજ | ખેડા-6 | રાજેશ ઝાલા | કાળુ ડાભી | મનુભાઈ પટેલ |
| 121 | બાલાસિનોર | મહીસાગર-1 | માનસિંહ ચૌહાણ | અજિતસિંહ ચૌહાણ | ઉદેસિંહ ચૌહાણ |
| 122 | લુણાવાડા | મહીસાગર-2 | જિજ્ઞેશ સેવક | ગુલાબ સિંહ | નટવરસિંહ સોલંકી |
| 123 | સંતરામપુર-ST-4 | મહીસાગર-3 | કુબેર ડિંડોર | ગેંદાલ ડામોર | પર્વત વાગોડિયા ફૂલજી |
| 124 | શહેરા | પંચમહાલ-1 | જેઠા ભરવાડ | ખાતુભાઈ પગી | તખતસિંહ સોલંકી |
| 125 | મોરવાહડફ-ST-5 | પંચમહાલ-2 | નિમિષા સુથાર | સ્નેહલતા ખાંટ | બનાભાઈ ડામોર |
| 126 | ગોધરા | પંચમહાલ-3 | સી. કે. રાઉલજી | રશ્મિતા ચૌહાણ | બાકી-4 |
| 127 | કાલોલ | પંચમહાલ-4 | ફતેસિંહ ચૌહાણ | પ્રભાતસિંહ ચૌહાણ | દિનેશ બારિયા |
| 128 | હાલોલ | પંચમહાલ-5 | જયદ્રથસિંહ પરમાર | રાજેન્દ્ર પટેલ | ભરત રાઠવા |
| 129 | ફતેપુરા- ST-6 | દાહોદ-1 | રમેશ કટારા | રઘુ મછાર | બાકી-5 |
| 130 | ઝાલોદ- ST-7 | દાહોદ-2 | મહેશ ભૂરિયા | મિતેષ ગરાસિયા | અનિલ ગરાસિયા |
| 131 | લીમખેડા- ST-8 | દાહોદ-3 | શૈલેશ ભાભોર | રમેશ ગુંદિયા | નરેશ બારિયા |
| 132 | દાહોદ- ST-9 | દાહોદ-4 | કનૈયાલાલ કિશોરી | હર્ષદ નીનામા | દિનેશ મુનિયા |
| 133 | ગરબાડા- ST-10 | દાહોદ-5 | મહેન્દ્ર ભાભોર | ચંદ્રિકા બારિયા | શૈલેશ ભાભોર |
| 134 | દેવગઢબારિયા | દાહોદ-6 | બચુ ખાબડ | NCP | ભરત વાખલા |
| 135 | સાવલી | વડોદરા-1 | કેતન ઈનામદાર | કુલદીપસિંહ રાઉલજી | વિજય ચાવડા |
| 136 | વાઘોડિયા | વડોદરા-2 | અશ્વિન પટેલ | સત્યજિતસિંહ ગાયકવાડ | ગૌતમ રાજપૂત |
| 137 | છોટાઉદેપુર-ST-11 | છોટાઉદેપુર-1 | રાજેન્દ્રસિંહ રાઠવા | સંગ્રામસિંહ રાઠવા | અર્જુન રાઠવા |
| 138 | જેતપુરપાવી- ST-12 | છોટાઉદેપુર-2 | જયંતી રાઠવા | સુખરામસિંહ રાઠવા | રાધિકા રાઠવા |
| 139 | સંખેડા- ST-13 | છોટાઉદેપુર-3 | અભેસિંહ તડવી | ધીરૂભાઈ ભીલ | રંજન તડવી |
| 140 | ડભોઈ | વડોદરા-3 | શૈલેશ મહેતા | બાલકિશન પટેલ | અજિત ઠાકોર |
| 141 | વડોદરા સિટી- SC-12 | વડોદરા-4 | મનીષા વકીલ | બાકી-38 | જિગર સોલંકી |
| 142 | સયાજીગંજ | વડોદરા-5 | કેયૂર રોકડિયા | અમી રાવત | સ્વેજલ વ્યાસ |
| 143 | અકોટા | વડોદરા-6 | ચૈતન્ય દેસાઈ | ઋત્વિક જોશી | શશાંક ખરે |
| 144 | રાવપુરા | વડોદરા-7 | બાલકૃષ્ણ શુક્લ | સંજય પટેલ | હીરેન શિરકે |
| 145 | માંજલપુર | વડોદરા-8 | યોગેશ પટેલ | તશ્વિન સિંહ | વિનય ચૌહાણ |
| 146 | પાદરા | વડોદરા-9 | ચૈતન્યસિંહ ઝાલા | જશપાલસિંહ પઢિયાર | સંદીપ સિંહ રાજ |
| 147 | કરજણ | વડોદરા-10 | અક્ષય પટેલ | પ્રિતેશ પટેલ | પરેશ પટેલ |
| 148 | નાંદોદ- ST-14 | નર્મદા-1 | દર્શના વસાવા | હરેશ વસાવા | પ્રફુલ વસાવા |
| 149 | ડેડિયાપાડા- ST-15 | નર્મદા-2 | હિતેશ વસાવા | જેરમાબેન વસાવા | ચૈતર વસાવા |
| 150 | જંબુસર | ભરૂચ-1 | ડી. કે. સ્વામી | સંજય સોલંકી | સાજીદ રેહાન |
| 151 | વાગરા | ભરૂચ-2 | અરુણસિંહ રાણા | સુલેમાન પટેલ | જયરાજ સિંહ |
| 152 | ઝઘડિયા-ST-16 | ભરૂચ-3 | રિતેશ વસાવા | ફતેસિંહ વસાવા | ઉર્મિલા ભગત |
| 153 | ભરૂચ | ભરૂચ-4 | રમેશ મિસ્ત્રી | જયકાંત પટેલ | મનહર પરમાર |
| 154 | અંકલેશ્વર | ભરૂચ-5 | ઈશ્વરસિંહ પટેલ | વિજયસિંહ પટેલ | અંકુર પટેલ |
| 155 | ઓલપાડ | સુરત-1 | મુકેશ પટેલ | દર્શન નાયક | ધાર્મિક માલવિયા |
| 156 | માંગરોળ-ST-17 | સુરત-2 | ગણપત વસાવા | અનિલ ચૌધરી | સ્નેહલ વસાવા |
| 157 | માંડવી- ST-18 | સુરત-3 | કુંવરજી હળપતિ | આનંદ ચૌધરી | સાયનાબેન ગામીત |
| 158 | કામરેજ | સુરત-4 | પ્રફુલ્લ પાનસેરિયા | નીલેશ કુંભાણી | રામ ધડુક |
| 159 | સુરત પૂર્વ | સુરત-5 | અરવિંદ રાણા | અસલમ સાયકલવાલા | --- |
| 160 | સુરત ઉત્તર | સુરત-6 | કાંતિભાઈ બલ્લર-પટેલ | અશોક પટેલ | મહેન્દ્ર નાવડિયા |
| 161 | વરાછા રોડ | સુરત-7 | કિશોર કાનાણી | પ્રફુલ તોગડિયા | અલ્પેશ કથીરિયા |
| 162 | કરંજ | સુરત-8 | પ્રવીણ ઘોઘારી | ભારતી પટેલ | મનોજ સોરઠિયા |
| 163 | લિંબાયત | સુરત-9 | સંગીતા પાટીલ | ગોપાલ પાટીલ | પંકજ તાયડે |
| 164 | ઉધના | સુરત-10 | મનુભાઈ પટેલ | ધનસુખ રાજપૂત | મહેન્દ્ર પાટીલ |
| 165 | મજૂરા | સુરત-11 | હર્ષ સંઘવી | બળવંત જૈન | PVS શર્મા |
| 166 | કતારગામ | સુરત-12 | વિનોદ મોરડિયા | કલ્પેશ વરિયા | ગોપાલ ઈટાલિયા |
| 167 | સુરત પશ્ચિમ | સુરત-13 | પૂર્ણેશ મોદી | સંજય પટવા | મોક્ષેશ સંઘવી |
| 168 | ચોર્યાસી | સુરત-14 | સંદીપ દેસાઈ | કાંતિ પટેલ | પ્રકાશ કોન્ટ્રાક્ટર |
| 169 | બારડોલી-SC-13 | સુરત-15 | ઈશ્વર પરમાર | પન્નાબેન પટેલ | રાજેન્દ્ર સોલંકી |
| 170 | મહુવા-ST-19 | સુરત-16 | મોહન ઢોડિયા | હેમાંગિની ગરાસિયા | કુંજન પટેલ |
| 171 | વ્યારા-ST-20 | તાપી-1 | મોહન કોકણી | પુનાભાઈ ગામીત | બિપિન ચૌધરી |
| 172 | નિઝર-ST-21 | તાપી-2 | ડૉ. જયરામ ગામીત | સુનીલ ગામીત | અરવિંદ ગામીત |
| 173 | ડાંગ-ST-22 | ડાંગ-1 | વિજય પટેલ | મુકેશ પટેલ | સુનીલ ગામીત |
| 174 | જલાલપોર | નવસારી-1 | રમેશ પટેલ | રણજિત પંચાલ | પ્રદીપ મિશ્રા |
| 175 | નવસારી | નવસારી-2 | રાકેશ દેસાઈ | દીપક બારોટ | ઉપેશ પટેલ |
| 176 | ગણદેવી-ST-23 | નવસારી-3 | નરેશ પટેલ | અશોક પટેલ | પંકજ એલ. પટેલ |
| 177 | વાંસદા-ST-24 | નવસારી-4 | પીયૂષ પટેલ | અનંત પટેલ | પંકજ પટેલ |
| 178 | ધરમપુર-ST-25 | વલસાડ-1 | અરવિંદ પટેલ | કિશન પટેલ | કમલેશ પટેલ |
| 179 | વલસાડ | વલસાડ-2 | ભરત પટેલ | કમલ પટેલ | રાજુ મરચા |
| 180 | પારડી | વલસાડ-3 | કનુ દેસાઈ | જયશ્રી પટેલ | કેતન પટેલ |
| 181 | કપરાડા-ST-26 | વલસાડ-4 | જિતુ ચૌધરી | વસંત પટેલ | જયેન્દ્ર ગાવીત |
| 182 | ઉમરગામ-ST-27 | વલસાડ-5 | રમણ પાટકર | નરેશ વળવી | અશોક પટેલ |




## બોલીવૂડના દિગ્ગજ દિગ્દર્શકોની ફિલ્મોની ઓફર આર્યને ઠુકરાવી

મુંબઇ : શાહરૂખ ખાનનો પુત્ર આર્યન પણ પિતાની માફક અભિનેતા બને, પરંતુ આર્યનને હજી રૂપેરી પડદે કામ કરવામાં રસ નથી તેમ જણાઇ રહ્યું છે. એક વાત એવી પણ છે કે, શાહરૂખના પુત્ર આર્યનને ફિલ્મસર્જક બનવામાં રસ છે. જોકે અમુક રિપોર્ટસ એમ પણ કહે છે કે, આર્યન જલદી રાઇટર તરીકે ડેબ્યુ કરશે. તે વેબ શો અને ફીચર ફિલ્મોના વિવિધ આઇડિયા પર કામ કરી રહ્યો છે. વાસ્તવમાં આર્યને કરણ જોહર અને ઝોયા અખ્તરની ઓફરને ઠુકરાવી દીધી છે. કહેવાય છે કે, કરણ જોહર જ નહીં, પરંતુ ઝોયા અખત્તરે પણ પોતાની આગામી ફિલ્મ ધ આર્ચીઝ માટે આર્યનને ઓફર આપી હતી. પરંતુ આર્યેને ત્યારે પણ કામ કરવાનો ઇનકાર કર્યો હતો.

સ્વદેશ



## મહેશ બાબુના પિતા અને સાઉથના દિગ્ગજ અભિનેતા કૃષ્ણાનું નિધન



હૈદરાબાદઃ સુપરસ્ટાર મહેશ બાબુના પિતા અને દિગ્ગજ તેલુગુ અભિનેતા કૃષ્ણાનું બુધવારે સવારે નિધન થઈ ગયુ હતું. સોમવારે હૃદયરોગની સમસ્યાને કારણે તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમની હાલત નાજુક હોવાનું જણાવવામાં આવ્યું હતું. હોસ્પિટલના ડોકટરોના જણાવ્યા પ્રમાણે ક્રિષ્નાને રવિવારે મોડી રાત્રે લગભગ 1:15 કલાકે હાર્ટ એટેક આવતા હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ખસેડવામાં આવ્યા હતા. તેમને તરત જ CPR (કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન) આપવામાં આવ્યું અને સારવાર અને દેખરેખ માટે ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં ખસેડવામાં આવ્યા હતા. તેમની વેન્ટિલેટર પર સારવાર ચાલી રહી હતી. હૈદરાબાદની એક ખાનગી હોસ્પિટલમાં મંગળવારે સવારે 4:00 વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.


## અનુષ્કા શર્મા આંતરરાષ્ટ્રીય બ્રાન્ડની ભારતની એમ્બેસેડર બની




**મુંબઇ : અનુષ્કા શર્મા ફિલ્મ ઝીરો પછી પોતાની નવી ઓળખ સ્થાપિત કરી રહી છે. વિરાટ કોહલી સાથેના તેના લગ્ન બાદ પણ તેની બ્રાન્ડ વેલ્યુમાં વધારો થયો છે. હાલ તે આગામી ફિલ્મ ચાકદા એક્સપ્રેસના શૂટિંગમાં વ્યસ્ત છે તેવામાં તેની નવી ઉપલબ્ધિની ઘોષણા તાજેતરમાં થઇ છે. અનુષ્કાની કારકિર્દી અને લોકપ્રિયતાનો લાભ લેવા માટે આંતરરાષ્ટ્રીય કંપનીએ તેને ભારતની બ્રાન્ડ એમ્બેસેડર બનાવી છે. અનુષ્કાએ આ બલ પોતાને સમ્માનિત થવાનો અનુભવ કર્યો હોવાનું જણાવ્યુ હતું. અનુષ્કાને ભારતની બ્રાન્ડ એમ્બેસેડર બનાવાનું કારણ તેની કારકિર્દી તેમજ રૂપેરી પડદે તેની સ્ટાઇલ દર્શાવાના કારણે, ઉપરાંત તેની વ્યક્તિગત ઓળખને કારણે આ નિર્ણય લીધો હોવાનું કંપનીના એક અધિકારીએ જણાવ્યુ હતું.**

## 'ગોવિંદા નામ મેરા' ફિલ્મ OTT પર રિલીઝ થશેઃ કરણ જોહરનું એલાન

મુંબઈ: ફિલ્મ મેકર કરણ જોહરે પોતાના હોમ પ્રોડક્શનમાં બનનારી વિક્કી કૌશલની ફિલ્મ 'ગોવિંદા નામ મેરા' (Govinda Naam Mera)ને લઈને અપડેટ શેર કરી છે. કરણ જોહરે પોતાના સોશિયલ મીડિયા પર એ અટકળો પર પૂર્ણ વિરામ મૂકી દીધો છે કે, 'ગોવિંદા નામ મેરા' સિનેમાઘરોના બદલે OTT પર રિલીઝ થશે. જોકે, તેમણે તેની રિલીઝ ડેટ વિશે હજુ સુધી કોઈ જાણકારી શેર નથી કરી. આ ફિલ્મમાં વિક્કી કૌશલ સાથે એક્ટ્રેસ ભૂમિ પેડનેકર (Bhumi Pednekar) અને કિયારા અડવાણી (Kiara



Adwani) લીડ રોલમાં નજર આવશે. આ ફિલ્મ ધમાકેદાર ફેમિલી ડ્રામા હશે જેમાં દર્શકોને ફરી એક વખત 'પતિ-પત્ની ઓર વો' નું ચક્કર જોવા મળશે. કરણ જોહરે ફિલ્મ 'ગોવિંદા નામ મેરા'ના રિલીઝ પ્લેટફોર્મની જાણકારી આપતા વિક્કી સાથે એક વીડિયો શેર કર્યો છે. જેમાં બંનેને એકદમ ચટપટી વાતો કરતા જોઈ શકાય છે. વીડિયોની શરૂઆત કરણ વિક્કીના હસવાથી શરૂ થાય છે. આગળ હાસ્ય સાથે કરણ વિક્કીના વખાણ કરતા કહે છે કે, અરે વિક્કી તુ તો ખરેખર એન્ટરટેનર ફાયર ક્રેકર છે યાર પરંતુ ફિલ્મોમાં ક્યારેક ફ્રિડમ ફાઈટર તો ક્યારેક કમાંડો. તારું દુ:ખ ખતમ જ નથી થતું? કરણની વાત સાંભળીને વિક્કી કબૂલ કરે છે કે, તે ઘણી ઈન્ટેસ સીરિયસ વાળી ફિલ્મો કરે છે પરંતુ એક રેન્જ છે.












સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

Paresh Peshva
Marketing Director
SWADESH


## વિશ્વની જાયન્ટ સોશિયલ મીડિયા કંપની ફેસબૂકના 18 વર્ષના ઇતિહાસમાં સૌથી મોટી છટણી

# મેટા-ટ્વિટરમાં છટણી, કારમી મંદીના ભણકારા

જગતની મહાસત્તા ગણાતા અમેરિકામાં ફરી એકવાર કારમી મંદીના ભણકારા વાગી રહ્યા છે એવી આગાહી થઈ રહી છે. આવા સમયે જ વિશ્વની જાયન્ટ સોશિયલ મીડિયા કંપની ફેસબુકની પેરન્ટ કંપની મેટા પ્લેટફોર્મે એક ઝાટકે ૧૧ હજાર કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મુકવાના સમાચાર સત્તાવાર રીતે ફેલાયા છે. આ ઘટના નાની સુની એટલા માટે નથી કે જે કંપનીનો અઢળક નફો છે તેણે આ પગલું લીધું છે. મેટા ગ્રુપના કુલ કર્મચારીઓની સંખ્યા લગભગ ૮૫ હજાર જેટલી હતી. તેમાંથી લગભગ ૧૩ ટકા એટલે કે ૧૧ હજાર કર્મચારીઓની કંપનીએ છટણી કરી છે. મેટા ગ્રુપમાં ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ જેવાં અત્યંત લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સહિત ૯૦ જેટલી કંપની છે. મેટા ગ્રુપે આ ૯૦ કંપનીમાંથી ૧૧ હજાર લોકોને રવાના કર્યા છે. કંપનીએ સત્તાવાર રીતે કરેલી સ્પષ્ટતા પ્રમાણે નબળા નાણાંકીય પરિણામો, વધતા ખર્ચ અને ઓછી એડવર્ટાઈઝિંગને કારણે તેને આ આકરું પગલું લેવાની ફરજ પડી છે.

ફેસબુકની સ્થાપના ૨૦૦૪માં થઈ હતી. ફેસબુકની સ્થાપના પછી તેણે સતત પ્રગતિ જ કરી છે. સતત કર્મચારીઓની ભરતી જ કરી છે. કર્મચારીઓને છૂટા નથી કર્યા, ફેસબુકના ૧૮ વર્ષના ઈતિહાસમાં આ વર્ષે સૌથી મોટી છટણી થઈ છે. આ છટણી માટે મેટાના સીઈઓ માર્ક ઝુબરબર્ગે માફી પણ માગી છે. ઝુકરબર્ગે તેના નિવેદનમાં કહ્યું કે, કંપનીમાંથી કર્મચારીઓને દૂર કરવુ એ અમારા માટે અત્યંત કઠીન નિર્ણય છે. પરંતુ અમે આ નિર્ણય પર પહોંચ્યા છીએ તેની જવાબદારી હું લઉં છું. આ દરેક માટે મુશ્કેલ છે અને હું એ લોકોની માફી માંગુ છું કે જેમને આ નિર્ણયથી અસર થઈ છે. મેટાએ તો સાફ શબ્દોમાં એવું પણ કહી દીધું છે કે, કંપની નજીકના ભવિષ્યમાં નવા કર્મચારીઓની ભરતી કરવાની નથી.

અમેરિકામાં એક મહિનાના ગાળામાં જ ટોચની કંપની દ્વારા કરાયેલી આ બીજી મોટી છટણી છે. આ પહેલાં બીજી જાયન્ટ ટેક સોશિયલ મીડિયા કંપની ટ્વિટર ઈન્કોર્પોરેશને આવું જ પગલં ભરીને લગભગ ૧૮૦૦ કર્મચારીને ઘરે મોકલી આપ્યા હતા. માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટરને વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ એલન મસ્કે ગયા મહિને ટેકઓવર કરી છે. નવા માલિક એલોન મસ્કે પહેલા જ ધડાકે ૫૦ ટકા કર્મચારીઓની છટણી કરી નાખીને લગભગ ૧૮૦૦ કર્મચારીને ઘરભેગા કરી




દીધા છે. તેમાં પણ ભારતમાં તો સેલ્સના આખા સ્ટાફને છૂટો કરી દેવાયો છે. મેટા પ્લેટફોર્મ અને ટ્વિટર બહુ મોટી કંપનીઓ છે. સમગ્ર વિશ્વમાં તેનો વ્યાપ છે. આટલી મોટી કંપનીઓએ મોટાપાયે કર્મચારીઓને છૂટા કર્યા તેના કારણે સમગ્ર દુનિયામાં નોંધ લેવાઈ છે. આ સાથે જ અમેરિકામાં આર્થિક રીતે સારી સ્થિતી કથળી હોવાની ચર્ચા પણ શરૂ થઈ છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

હકીકતમાં અમેરિકામાં લાંબા સમયથી આ રીતે કંપનીઓ દ્વારા કર્મચારીઓને પાણીચુ અપાઈ રહ્યું છે. જે પૈકી મોટાભાગના ટેકનોલોજી કંપનીના કર્મચારીઓ છે. આ પહેલાં ઓગસ્ટમાં બહાર પડાયેલા અહેવાલમાં નોંધવામાં આવ્યું હતુ કે, આ વર્ષે ૧ એપ્રિલથી ૩૧ જુલાઈ સુધીમાં ૩૨ હજાર ટેક વર્કર્સને છૂટા કરાયા છે. છૂટા કરનારી કંપનીઓમાં માઈક્રોસોફ્ટ અને મેટા પ્લેટફોર્મ જેવી કંપનીઓ પણ હતી. એ વખતે જ ચેતવણી અપાઈ હતી કે, આ તો હજુ શરૂઆત છે અને હજુ તો બહુ ખરાબ દિવસો આવવાના છે. આ આંકડો ચોંકાવનારો હતો. કેમ કે, વિશ્વમાં ૧ એપ્રિલથી ૩૧ જુલાઈ સુધીના ચાર મહિનામાં ૪૩ હજાર ટેક વર્કર્સને છૂટા કરાયા તે પૈકી ૩૨ હજાર એટલે કે લગભગ ૭૫ ટકા અમેરિકામાં જ હતા. આ ડેટા પ્રમાણે વિશ્વમાંથી ૩૪૨ ટેક કંપનીઓએ કર્મચારીઓને છૂટા કર્યા અને તેમાંથી ૨૫૦ કરતાં વધારે કંપનીઓ અમેરિકાની હતી. ભારતમાં પણ અનેક કામદારોને નોકરી ગુમાવવી પડી છે.

આ કામદારો જે કંપનીમાં હતો તેમાંથી મોટાભાગની એડટેક કંપનીઓ હતી. કોરોના કાળમાં સ્કૂલો બંધ હતી ત્યારે ઓનલાઈન એજ્યુકેશન આપતાં પ્લેટફોર્મ્સની માંગ વધતા કંપનીઓએ મોટા પ્રમાણમાં કર્મચારીઓને નોકરીએ રાખ્યા હતા. કિન્તુ હવે સ્કૂલો ફરી ધમધમતી થઈ જતા ઓનલાઈન એજ્યુકેશન પ્લેટફોર્મ્સનો ક્રેઝ તદ્દન ઘટી ગયો છે. ભારત સહિત દુનિયાના મહત્તમ દેશોમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થઈ ગયુ છે. એટલે એડટેક કંપનીઓએ કર્મચારીઓને છૂટા કરવા પડયા છે.

અમેરિકામાં ટેક કંપનીઓને આ સમસ્યા નથી પણ મંદીની સમસ્યા છે. આ ઉપરાંત દુનિયાભરની ટેક કંપનીઓને એક પરેશાની સાયબર એટેકની નડી રહી છે. ટેક કંપનીઓની આવક એટલે કે નફામાં ઘટાડો થઈ રહ્યો છે તેનું એક કારણ ટેક કંપનીઓએ સાયબર એટેકથી બચવા માટે કરવો પડી રહેલો લખલૂટ ખર્ચ છે. અમેરિકામાં આઈટી સેક્ટર આઉટસોર્સિંગ પર મોટા પ્રમાણમાં નિર્ભર છે. મોટી કંપનીઓ ભારત સહિતના દેશોની નાની નાની કંપનીઓને આઉટસોર્સિંગ કરે છે. હેકર્સ આ કંપનીઓને નિશાન બનાવીને સાયબર એટેક કરે છે, તેથી તેનાથી બચવા માટે કંપનીઓએ ફાયર વોલ સહિતની સીક્યુરિટી પર ખર્ચ કરવો પડે છે.

### USમાં માઈક્રોસોફ્ટ અને મેટા પ્લેટફોર્મ જેવી કંપનીઓએ એપ્રિલથી જુલાઈ સુધીમાં 32 હજાર ટેક વર્કર્સને છૂટા કરી દીધા છે, વળી કંપનીએ ચેતવણી પણ આપી કે, હજુ તો બહુ ખરાબ દિવસો આવવાના છે

જે કારણે કંપનીઓનો ખર્ચ વધી રહ્યો છે અને સામે આવક એટલી જ હોવાથી નફો ઘટી રહ્યો છે. એક અંદાજ પ્રમાણે ટેક કંપનીઓએ હવે પોતાની આવકમાંથી લગભગ ૨૦ ટકા રકમ પ્રોટેક્શન પાછળ ખર્ચવી પડે છે. આ ખર્ચ વધારાનો છે પણ ટાળી શકાય તેમ નથી. અમેરિકામાં મોંઘવારીએ માઝા મૂકી છે. ફુગાવો બેફામ વધી રહ્યો છે અને લોકોની આર્થિક સ્થિતિ કથળી રહી છે.

અમેરિકાની સેન્ટ્રલ બેંક એટલે કે, ફેડરલ રીઝર્વે મોંઘવારીને નાથવા માટે છેલ્લા ચાર મહિનાથી દરેક મહિને વ્યાજ દરમાં વધારો કર્યો છે એમ છતાં સ્થિતિમાં કોઈ સુધારો થઈ રહ્યો નથી. ફેડરલ રીઝર્વે વ્યાજ દર વધારતા વિદેશમાંથી રોકાણ અમેરિકામાં ઠલવાવા માંડયું છે. પણ એ રોકાણ રોજગારીમાં વધારો કરે એવું નથી. વિદેશી રોકાણકારો વધારે વ્યાજની લાલચમાં અમેરિકાની બેંકોમાં નાણાં જમા કરાવ્યા છે. આથી બેંકોમાં નાણાં છે પણ સામે ઉચું વ્યાજ છે તેથી બજારમાં એ નાણાં લેનારું કોઈ નથી. જેને કારણે વ્યાજ દરમાં વધારો કરવા છતાં અમેરિકાની આર્થિક સ્થિતિમાં ઝાઝો ફરક પડયો નથી.

બીજી તરફ કંપનીઓની આવક સતત ઘટી રહી છે. કેમ કે, લોકો પાસે ખર્ચવા માટે નાણાં નથી. લોકો પાસે હાથમાં નાણાં આવે તો બજારમાં ખર્ચાય. મોંઘવારી વધી જતા લોકોની બચતો પણ ખર્ચાઈ રહી છે. લોકો ખર્ચ કરે અને અર્થતંત્રમાં તેજી આવે એવી આશા નથી રખાતી. તેની અસર તમામ કંપનીઓ પર પડી છે. ટેકમાં ખર્ચ લોકોની પ્રાયોરિટીમાં સૌથી છેલ્લે આવે છે. ટેક કંપનીઓ મનોરંજન તથા સર્વિસ સેક્ટરની કંપનીઓ ઉપર નિર્ભર હોવાથી લોકો સૌથી પહેલો કાપ તેના ખર્ચ ઉપર મૂકે છે. અમેરિકા દુનિયામાં સૌથી મોટું અર્થતંત્ર છે અને દુનિયાના લગભગ તમામ દેશો સાથે તેના બિઝનેસ સંબંધો છે. દુનિયામાં સંખ્યાબંધ દેશો એવા છે કે જેમનું અર્થતંત્ર અમેરિકા ઉપર જ નિર્ભર છે. આ સંજોગોમાં અમેરિકામાં મંદી આવે તો તેની અસર લગભગ આખી દુનિયા પર પડશે. ભારત સહિતના દેશો પોતાના અર્થતંત્ર ઉપર વધારે નિર્ભર છે તેથી તેમને બહુ અસર ના થાય પણ બીજા દેશોને યુએસમાં સર્જાતી તમામ પરિસ્થિતિની અસર થવી નિશ્ચિત છે.

# મોરબી પુલ કરૂણાંતિકા માટે જવાબદારી કોની ? હાઈકોર્ટે સરકારને ફરી ખંખેરી

## મોરબી ન.પા.ને સુપરસીડ કેમ નથી કરી..? ટેન્ડર મંગાવ્યા વિના બારોબાર અજન્ટાને કેવી રીતે કોન્ટ્રાક્ટ અપાયો ? સરકાર કેમ મહેરબાન : હાઈકોર્ટ

**મોરબી**



મોરબી ઝુલતા પુલ દુર્ઘટનામાં ગુજરાત હાઈકોર્ટે જાતે જ દાખલ કરેલી સુઓમોટો પીઆઈએલમાં ચીફ જસ્ટિસ અરવિંદકુમાર અને જસ્ટિસ એ.જે.શાસ્ત્રીની ખંડપીઠે રાજય સરકાર અને મોરબી પાલિકા સત્તાધીશોનો કોર્ટમાં રીતસરનો ઉધડો લઈ નાંખ્યો હતો. હાઈકોર્ટે સરકાર અને પાલિકાને આડા હાથે લેતાં જણાવ્યું કે, મોરબી પુલ દુર્ઘટનામાં પ્રથમદર્શનીય રીતે જણાય છે કે, મોરબી નગરપાલિકાએ કાયદાનું પાલન જ કર્યું નથી. આ સમગ્ર મામલામાં કોણ જવાબદાર છે તે મુદ્દે સરકાર પોતાનું વલણ સ્પષ્ટ કરે..? હાઈકોર્ટે અનેક મુદ્દાઓ પર સરકાર અને સત્તાવાળાઓ પાસેથી વિગતવાર જવાબ માંગ્યો છે. કેસની વધુ સુનાવણી તા.૨૪મીએ રખાઈ છે.

મોરબી ઝુલતા પુલ દુર્ઘટનાની સુઓમોટો પીઆઈએલમાં હાઈકોર્ટે આજે પોતાના બહુ મહત્ત્વના આદેશમાં જણાવ્યું હતું કે, તા.૧૬-૬-૨૦૦૮ના રોજ રાજકોટ કલેકટર અને અજન્ટા મેન્યુફેકચરીંગ લિ. વચ્ચે પુલના ઓપરેટ, મેન્ટેનન્સ, જાળવણી સહિતના મુદ્દે એમોઓયુ થયા હતા, જે તા.૧૫-૬-૨૦૧૭ના રોજ પૂર્ણ થતો હતો. પરંતુ કેસમાં હવે બહુ ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે, ઉપરોકત પુલ તેના ઉપયોગ માટે રેડી છે તેનું ફીટનેસ સર્ટિફિકેટ આપવાની કોની જવાબદારી નક્કી થઈ હતી?

## મોરબી દુર્ઘટના: હાઇકોર્ટે પીઆઈએલ ફગાવી દીધી

મોરબીના ઝુલતા પુલ દુર્ઘટના મામલે મેજિસ્ટેરીયલ તપાસ કરાવવા અને ભોગ બનેલા લોકોના પરિવિારજનોને રૂ.૨૫-૨૫ લાખ વળતર પેટે ચૂકવવા દાદ માંગતી ગુજરાત હાઇકોર્ટ સમક્ષ થયેલી જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઇકોર્ટે આજે ફગાવી દીધી હતી. હાઇકોર્ટે અરજદારપક્ષને સીધી ટકોર કરી હતી કે, અમે ઓલરેડી આ કેસમાં સુઓમોટો દાખલ કરેલી જ છે.

## મોરબી પાલિકાનું કોર્ટમાં સોગંદનામું, પોતાની બેદરકારી હોવાનું સ્વીકાર્યું

મોરબી નગરપાલિકાના ઇન્ચાર્જ ચીફ ઓફિસર નારણ મુછાર તરફથી રજૂ કરાયેલા સોગંદનામામાં જણાવાયું હતું કે, તા. ૨૬-૧૦-૨૦૨૨ના રોજ કંપનીએ કોઇ પૂર્વ પરવાનગી લીધા વિના જ અને મોરબી નગરપાલિકાને કયા પ્રકારનું રીપેરીંગ કામ કરાયું છે તે સહિતની બાબતની જાણ કર્યા વિના જ ઝુલતો પુલ જાહેરજનતા માટે ખુલ્લો મૂકી દીધો હતો. પુલના સ્ટ્રકચર સ્ટેબીલીટી, વહન ક્ષમતા, ફીટનેસ કે મટીરીયલ ટેસ્ટીંગ સંબંધી સર્ટિફિકેટ પણ પૂરા પડાયા ન હતા. દરમ્યાન દિવાળી તહેવારો હોવાથી તા.૩૦-૧૦-૨૦૨૨ના રોજ મુલાકાતીઓનો ભારે ધસારો રહ્યો હતો અને કંપનીએ સમગ્ર દિવસ દરમ્યાન ટિકિટો ઇશ્યુ કરી હતી. ટિકિટ વીન્ડો ઓપેરટર અને કંપનીના સલામતી જવાનોએ ૩૦૦થી વધુ લોકોને પુલ પર જવાની પરવાનગી આપી હતી, જેને લઇ ભારે વજનના કારણે આખરે આ કરૂણ દુર્ઘઠના સર્જાઇ હતી અને ૧૩૫ લોકોના કરૂણ મોત નીપજયા હતા. આ પ્રકરણમાં મોરબી નગરપાલિકા દ્વારા ફરિયાદ પણ નોંધાવાઇ. સોંગદનામાં પાલિકાએ પોતાની બેદરકારી હોવાનું પણ કબુલ્યું હતું

# ભુજ-ગુંદાલા વચ્ચે નર્મદા કેનાલમાં શ્રમજીવી પરિવારના 5 લોકો ડૂબ્યાં

**ભુજ**

ગુંદાલા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલની બાજુમાં આવેલા ખેતરમાં ખેતમજૂરી કરતા પરિવારની મહિલા કેનાલમાં કપડા ધોવા માટે ગઈ હતી.તે દરમિયાન મહિલાનો પગ લપસી જતા પરિવારની અન્ય મહિલા તેને બચાવવા કેનાલમાં કુદી હતી.પરંતુ બંને મહિલા કેનાલમાં ડૂબતી હોઈ પરિવારના પુરુષો પણ તેમને બચાવવા કેનાલમાં કૂદયા હતા.એકબીજાને બચાવવા ગયેલ પરિવારના પાંચેય જણાનો કેનાલમાં ડૂબી જવાથી મોત થયું હતું.બનાવની જાણ થતા આસપાસાથી સૃથાનિક લોકો દોડી આવ્યા હતા અને કેનાલમાં ડૂબેલા શ્રમજીવી પરિવારના પાંચ લોકોને બહાર કાઢયા હતા. જેમાં તમામ લોકોના મોત નિપજ્યા હતા. મૃતકોની લાશને પીએમ માટે મુન્દ્રા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવાયા હતા.ઘટનાને પગલે પોલીસે વાધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગતો મુજબ મૃતકોમાં રાજેશ ખીમજી ૩૦,કલ્યાણ દામજી ૨૩,હીરાબેન કલ્યાણ ૨૦,રસીલા દામજી ૧૮ અને સવિતાબેન રાજી ૨૫ નો સમાવેશ થાય છે. બનાવને લઈને ભારે ગમગીની છવાઈ જવા પામી છે.એક સાથે પાચલોકોના મોત થતા અરેરાટી પ્રસરી હતી.

# પાલિતાણા તા.પં.નો ઉપપ્રમુખ દારૂની 251 બોટલ સાથે ઝબ્બે

**પાલિતાણા**

પાલિતાણા તાલુકા પંચાયતના ભાજપી ઉપપ્રમુખ સહિત ત્રણ શખ્સ વિધાનસભા ચૂંટણીમાં દારૂની રેલમછેલ કરવા માટે દીવથી દારૂની ખેપ લઈને આવી રહ્યા હતા. ત્યારે ઉના પોલીસે માંડવી ચેકપોસ્ટ પાસેથી ત્રણેયને ઝડપી લીધા હતા. તાલુકા પંચાયતના ઉપપ્રમુખે દારૂની હેરાફેરી માટે ઈનોવા ક્રિષ્ટા કારમાં એમએલએનું બોર્ડ મારી રાખ્યું હતું.

પાલિતાણાના ડુંગરપુર ગામે રહેતો અને તાલુકા પંચાયતનો ઉપપ્રમુખ ચેતન ભીમજીભાઈ ડાભી, હાર્દિક કિશોરભાઈ પરમાર (રહે, અનિડા તાલાલા) અને મહેબુબ પીરભાઈ (રહે, પાલિતાણા) નામના ત્રણ શખ્સ આજે મંગળવારે દીવથી ઉના તરફ આવી રહ્યા હતા. આ સમયે વિધાનસભાની ચૂંટણીને લઈ વાહન ચેકીંગ માટે માંડવી ચેકપોસ્ટ પર હાજર ઉના પોલીસના સ્ટાફે નંબર પ્લેટ વિનાની એક સફેદ કલરની ઈનોવા ક્રિષ્ટા કાર કે જેમાં એમએલએનું બોર્ડ માર્યું હતું. તેને રોકી તલાશી લેતા ઈનોવામાં બનાવેલા ચોરખાનામાંથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાંડની દારૂની બોટલ નં.૨૫૧ મળતાં પોલીસે કાર, દારૂ, આઈફોન, વીવો કંપનીના મોબાઈલ સાથે ત્રણેયની ધરપકડ કરી હતી.



# GSSMની બેઠક, વિવિધ સ્પર્ધા યોજાઈ

## ઓક્ટોબરમાં જન્મેલા નાગરિકોની બર્થ ડે ઉજવાઇ, ગીતો ગવાયા, રમતો રમાડાઇ

**મિસીસાગા**



ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મિસીસાગાની બેઠક 13 નવેમ્બરે TEMPO HALL, SOUTH COMMON, COMMUNITY CENTER ખાતે યોજવામાં આવી હતી. પંકજભાઈએ હોલ વિશેના પ્રાથમિક સૂચનો કર્યા બાદ સ્વચ્છતા પર ભાર મુક્યો હતો. ઉષાબેન કોટ તથા તેના ગ્રુપે બોલિવૂડના ગીતો પર બધાને કસરત કરાવી હતી. પ્રમુખ કલાબેન પટેલે જણાવ્યું હતું કે, ડિસેમ્બર અને જાન્યુઆરી માસનું આયોજન સંસ્થાના મંત્રી મહેન્દ્રભાઈ ગોઠીયાના નેતૃત્વમાં થશે. ફેબ્રુઆરી મહિનામાં સગન બેન્ક્વેટ હોલમાં વેલેન્ટાઈન દિવસની ઉજવણી કરાશે. બાદમાં ઓક્ટોબર નવેમ્બર માસ જેમની વર્ષગાંઠ આવતી હતી તેઓને સ્ટેજ પાસે બોલાવી બર્થ ડે સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. અરુણાબેન મહેતાએ "ચાલ્યા જ કરું" ગીત ગાયને બધાને આનંદ અપાવ્યો હતો. વિક્રમભાઈ વિભાકરે તથા સહાયક અશ્વિનભાઈ વોરા, પ્રકાશભાઈ વ્યાસ તથા બેલાબેન મહેતાના સહકાર સાથે બધાને બિંગો ગેમ રમાડી હતી. વિજેતાઓને કલ્પનાબેન પટેલ તરફથી અપાયેલી ગિફ્ટ તથા ત્રણ નામો રોકડા આપવામાં આવ્યા હતા. વિજેતામાં ચંદ્રકાંતભાઈ સૌથી વધુ ઇનામ મેળવ્યા હતા. કિંજલબેન, ડાયાભાઈ, બાલમતીબેન, હંસા કોઠારી, હંસા પટેલ તથા ઇન્દીરાબેન સોમૈયાએ ઇનામ મેળવ્યા હતા.

# ઘરના ભાવની અસમાનતા પર ટેક્સને કેનેડિયનોનું સમર્થન

**ઓન્ટેરિયો**

તાજેતરના સર્વેમાં મોટાભાગના કેનેડિયન રહેવાસીઓ આવાસની અસમાનતા ઉપર સાધારણ ભાવને સમર્થન આપવાનો મત વ્યક્ત કર્યો હતો. જેમાં ઘણાએ 1 મિલિયન ડોલરથી વધુની કિંમતનાં ઘરો પર વધારાની માંગણી કરી છે, જેમાં દેશના હાઉસિંગ માર્કેટના 10 ટકાનો સમાવેશ થાય છે. BNN બ્લૂમબર્ગ દ્વારા જારી કરાયેલા અહેવાલ મુજબ આવા કર માપથી દર વર્ષે આશરે 5 બિલિયન ડોલરની આવક ઊભી થઈ શકે છે. કેનેડિયન નોનપ્રોફિટ જનરેશન સ્ક્વિઝ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટા, એક થઈ ગયેલા મકાન માલિકની નિષ્ફળતા સામે લડવાની આશા તરફ નિર્દેશ કરે છે.

જનરેશન સ્ક્વિઝે તેમની વેબસાઈટ ઉપર લખ્યું હતું કે, અમે અમારી વચ્ચેના લોકોની હાઉસિંગ સંપત્તિમાં થોડી રકમનું યોગદાન આપવા માંગીએ, જેથી મકાન ખરીદવા માટે જેઓ અસમર્થ છે, તેમને થોડી મદદ મળે. આ મતદાનમાં 1,010 કેનેડિયન વયસ્કોનો સર્વે કરવામાં આવ્યો હતો. મિલિયન-ડોલરના ઘરોમાં રહેતા લોકોના 57 ટકાએ કહ્યું હતુ કે, તેઓ મકાનની અસમાન કિંમતો ઉપર સાધારણ કિંમત મૂકવાની તરફેણમાં છે.

# કેનેડામાં ફ્લૂના કેસમાં વધારો થવાની નિષ્ણાંતો દ્વારા ચેતવણી

**ઓન્ટેરિયો**

તાજેતરનો ફ્લુવોચ રિપોર્ટ એ વાતની પુષ્ટિ કરે છે કે નિષ્ણાતોએ કેનેડામાં ઈન્ફ્લ્યુએન્ઝાના કેસોમાં પ્રારંભિક વધારો થઈ શકે છે. આખા દેશમાં ઈન્ફ્લ્યુએન્ઝા મોસમી થ્રેશોલ્ડને વટાવી ગઈ છે, જે ઈન્ફ્લ્યુએન્ઝા રોગચાળાની શરૂઆત સૂચવે છે. સર્વેલન્સના તમામ સૂચકાંકો વધી રહ્યા છે.

ઈન્ફ્લ્યુએન્ઝા અને ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બિમારીઓના ફેલાવા ઉપર નજર રાખતી કેનેડાની રાષ્ટ્રીય સર્વેલન્સ સિસ્ટમના તાજેતરના આંકડા, 5 નવેમ્બર, 2022ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં કેનેડામાં 11.7% પોઝિટીવ દરનો અહેવાલ આપે છે, જે બે અઠવાડિયામાં નોંધાયેલા 6.3 ટકાથી વધુ છે. આ સમયગાળા દરમિયાન 5% ફ્લૂ રોગચાળો વધ્યો છે.

સમગ્ર કેનેડામાં ફ્લૂ જેવાં ઉધરસ અને તાવનાં લક્ષણો ધરાવતા દર્દીઓ દ્વારા હોસ્પિટલની મુલાકાતની ટકાવારી સરેરાશ કરતા વધારે છે. 5 નવેમ્બર, 2022ના રોજ પૂરા થતા સપ્તાહ માટે ફ્લુવોચ રિપોર્ટ દર્શાવે છે કે, ઈન્ફ્લ્યુએન્ઝા સંબંધિત હોસ્પિટલમાં કુલ 78 કેસ હતા.

# G-20માં કેનેડિયન પીએમ જસ્ટીન ટ્રુડો અને ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ વચ્ચે તૂ-તૂ મેં-મેં

## આપણે જે પણ ચર્ચા કરીએ છીએ તે અખબારમાં લીક થઇ જાય છે: જિનપિંગનો આક્ષેપ

**બાલી**

ઈન્ડોનેશિયાના બાલીમાં G-20 સમિટ દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને કેનેડાના વડા પ્રધાન વચ્ચેની ખૂબ જ તીખી વાતચીત કેમેરામાં રેકોર્ડ થઇ ગઇ છે. ટ્રુડો સાથેની મુલાકાતમાં શીએ એ વાત પર નારાજગી વ્યક્ત કરી હતી કે તેમની અગાઉની બેઠકની વાતચીત મીડિયામાં લીક થઈ ગઈ હતી. બુધવારના રોજ ચીની રાષ્ટ્રપતિએ G-20 બેઠકના સમાપન સત્રની અંતર્ગત એક અનુવાદક દ્વારા ટ્રુડોને કહ્યું, "આપણે જે પણ ચર્ચા કરીએ છીએ તે અખબારમાં લીક થઈ જાય છે. આ યોગ્ય નથી." તેમણે કહ્યું, "આ સંવાદની રીત નથી. જો ગંભીરતા હોય તો આપણી વચ્ચે સારી વાતચીત થઈ શકે છે. નહિંતર તે મુશ્કેલ હશે. જિનપિંગે આ ચીની ભાષામાં કહ્યું હતું, જેનો અંગ્રેજીમાં અનુવાદ તેમના સત્તાવાર દુભાષિયાએ કર્યો હતો અને ટ્રુડોને કહ્યું હતું. ટ્રુડો પણ અટક્યા નહીં અને તેમણે અનુવાદકને અટકાવીને કહ્યું, "અમે સ્વતંત્ર, ખુલ્લા અને સ્પષ્ટ સંવાદમાં વિશ્વાસ કરીએ છીએ અને આ જ અમે કરતા રહીશું. આપણે રચનાત્મક રીતે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીશું, પરંતુ એવી બાબતો હશે જેના પર અમે અસહમત હોઈશું.ટ્રુડોની પ્રતિક્રિયા બાદ શી એ હસતા કહ્યું પહેલા આપણે સારી પરિસ્થિતિઓ બનાવીએ."


# URL-Scan ડેટા લીક

સુરક્ષા સંશોધકો શંકાસ્પદ અને મેલીસીયસ URL માટે વેબસાઈટ સ્કેનર urlscan.io દ્વારા સંવેદનશીલ ડેટા લીક થવાની જાણકારી આપી રહ્યા છે. પોઝીટીવ સિક્યુરીટીના કો-ફાઉન્ડર ફેબિયન બ્રાઉનલેને નવેમ્બર 2, 2022 ના રોજ પ્રકાશિત થયેલા અહેવાલમાં જણાવ્યું હતુ કે શેર કરેલા ડોક્યુમેન્ટ, પાસવર્ડ રીસેટ પેજ, ટીમ ઈન્વીટેશન, પેમેન્ટ ઈન્વોઈસ અને વધુ માટે સંવેદનશીલ URL સાર્વજનિક રીતે શોધવા યોગ્ય છે.

બર્લિન સ્થિત સાયબર સિક્યુરિટી ફર્મે જણાવ્યું હતું કે તેણે મેટાડેટા માટે urlscan.io પર તેમના યુઝરનેમ અને ખાનગી રિપોઝીટરીના નામો (એટલે કે GitHub વેબપેજના URL) શેર કરવા વિશે અજાણ્યા યુઝર્સને ફેબ્રુઆરી 2022 માં GitHub દ્વારા મોકલવામાં આવેલી સૂચનાના પરિણામે સ્વચાલિત પ્રક્રિયાના ભાગ રૂપે વિશ્લેષણ તપાસ શરૂ કરી હતી.

Urlscan.io જેને વેબ માટે સેન્ડબોક્સ તરીકે વર્ણવવામાં આવ્યું છે. તે તેના API દ્વારા અનેક સુરક્ષા ઉકેલોમાં સંકલિત છે. આ API ના એકીકરણના પ્રકાર સાથે (ઉદાહરણ તરીકે સુરક્ષા ટૂલ દ્વારા જે દરેક ઇનકમિંગ ઈમેઈલને સ્કેન કરે છે અને બધી લિંક્સ પર urlscan કરે છે) અને ડેટાબેઝમાં ડેટાની માત્રા (ઇન્વર્ટેડ ક્વોટ) ત્યાં સંવેદનશીલ ડેટાની વિશાળ વિવિધતા છે.

જેમાં પાસવર્ડ રીસેટ લિંક્સ, ઈમેઈલ અનસબ્સ્ક્રાઈબ લિંક્સ, એકાઉન્ટ બનાવટ URL, API કી, ટેલિગ્રામ બૉટ્સ વિશેની માહિતી, ડોક્યુમેન્ટ સાઈનિંગ, શેર કરેલી Google ડ્રાઈવ લિંક્સ, ડ્રૉપબોક્સ ફાઈલ ટ્રાન્સફર, શેરપોઈન્ટ, ડિસ્કોર્ડ, ઝૂમ, પેપાલ ઈન્વૉઈસેસ, સિસ્કો વેબેક્સ મીટિંગ રેકોર્ડિંગ્સ અને પેકેજ ટ્રેકિંગ જેવી સેવાઓની લિંક્સ આમંત્રિત કરવાનો સમાવેશ થાય છે.




બ્રુનલેને ધ્યાન દોર્યું હતું કે ફેબ્રુઆરીમાં પ્રારંભિક શોધમાં એપલ ડોમેન્સ સાથે જોડાયેલા URLs જાહેર કરવામાં આવ્યા હતા. જેમાંના કેટલાક iCloud ફાઈલો અને કેલેન્ડર ઈન્વીટેશન પ્રતિસાદોની સાર્વજનિક રૂપે શેર કરેલી લિંક્સનો પણ સમાવેશ કરે છે. ત્યારથી તેમને દૂર કરવામાં આવ્યા છે.એપલે URL સ્કેનમાંથી તેના ડોમેન્સને બાકાત રાખવાની વિનંતી કરી હોવાનું કહેવાય છે. જેમ કે ચોક્કસ પૂર્વવ્યાખ્યાયિત નિયમો સાથે મેળ ખાતા પરિણામો સમયાંતરે કાઢી નાખવામાં આવે છે.

પોઝિટિવ સિક્યોરિટીએ વધુમાં ઉમેર્યું હતું કે તે લીક થયેલા તે સંખ્યાબંધ ઈમેલ એડ્રેસ સુધીની જાણકારી મેળવી હતી. જેને એક અનામી સંસ્થા તરફથી પ્રતિસાદ મળ્યો હતો અને તેના સિક્યોરિટી ઓર્કેસ્ટ્રેશન ઓટોમેશન અને રિસ્પોન્સ (SOAR) સોલ્યુશનની ખોટી ગોઠવણી માટે DocuSign વર્ક કોન્ટ્રાક્ટ લિંકને લીક કરી હતી. જે urlscan.io સાથે સંકલિત કરવામાં આવી રહી હતી.

વિશ્લેષણમાં એ પણ જાણવા મળ્યું છે કે ખોટી ગોઠવણી કરેલ સુરક્ષા સાધનો મેઈલ દ્વારા પ્રાપ્ત કોઈપણ લિંકને urlscan.io પર સાર્વજનિક સ્કેન તરીકે સબમિટ કરી રહ્યાં છે. આના ગંભીર પરિણામો આવી શકે છે. જેમાં હેકર અસરગ્રસ્ત ઈમેઈલ એડ્રેસ માટે પાસવર્ડ રીસેટ લિંક્સને ટ્રિગર કરી શકે છે અને URL ને મેળવવા માટે સ્કેન રિઝલ્ટ્સનો ઉપયોગ કરી શકે છે અને હેકર્સ પસંદગીના પાસવર્ડ પર રીસેટ કરીને એકાઉન્ટ્સ કબજે કરી શકે છે.

Urlscan.io એ જુલાઈ 2022 માં પોઝિટિવ સિક્યોરિટી તરફથી જવાબદાર જાહેરાતને પગલે યુઝર્સને વિનંતી કરી છે કે તમારા એકાઉન્ટની સુરક્ષા માટે વિવિધ સ્કેન રિઝલ્ટ્સને સમજવા, બિન-જાહેર માહિતી માટે તમારા પોતાના સ્કેન્સની સમીક્ષા કરો, તમારા સ્વચાલિત સબમિશન વર્કફ્લોની સમીક્ષા કરો અને મહત્તમ સ્કેન દૃશ્યતા લાગુ કરો.

સર્ચ પેટર્ન અને ભવિષ્યના સ્કેનને નિયમિતપણે સાફ કરવા માટે કાઢી નાખવાના નિયમો પણ ઉમેર્યા છે. તે જણાવે છે કે તેની પાસે ચોક્કસ વેબસાઈટ્સના સ્કેનિંગને રોકવા માટે ડોમેન અને URL પેટર્ન બ્લોકલિસ્ટ છે. આ માહિતીનો ઉપયોગ સ્પામર્સ દ્વારા ઈમેઈલ એડ્રેસ અને અન્ય વ્યક્તિગત માહિતી એકત્રિત કરવા માટે થઈ શકે છે. તેનો ઉપયોગ સાયબર ક્રિમિનલ્સ દ્વારા એકાઉન્ટ્સ લેવા અને ટ્રસ્ટેડ ફિશિંગ કેમ્પેઈન ચલાવવા માટે થઈ શકે છે.

beinghumanmj

**મૂળકવિ: બંસીધર ષાડંગી-ભુવનેશ્વર**
**અનુવાદ: હિના મોદી**
**શીર્ષક : રસ્તા વગર**

પોતાની જાતને કેવી રીતે હિસ્સાઓમાં
વહેંચું બીજાને
ક્યાં છુપાવી રાખું
મારા અહમને
મારા અધિકારને મારી સ્થિતિને
જાહેર કરું કોની આગળ
સૂર્ય અસ્ત થયા પછી
ચંદ્ર ઉદય થાય છે
અમાસની રાતે
બંનેના નહીં હોવા છતાં પણ
આલોક અંધકાર તો
પોતપોતાનાં
અસ્તિત્વને ટકાવી રાખવામાં
લાપરવાહી નથી કરતા
છાયા અંધકાર જ્યોતિ
પણ પોતાની જગ્યામાં
સ્થિર છતાં કાયામાં છાયા
છાયામાં જ્યોતિ બ્રહ્મ
અને માયાની વાડ તોડીને જોવું
અને અણક્ષર મંત્ર તત્વોમાં ભીંજાવું
અમારા માટે એટલું સહજ નહીં હોય
કારણકે આપણે આપણા ખોટા અહમને
છુપાવવા માટે જગ્યા નથી
આ સ્થિતિમાં જો રસ્તા પર ચાલીને નહીં
રસ્તા વગર ચાલવાથી
નિષ્કૃતિ મળશે પ્રતિશ્રુતિ કોઈ આપી શકે
આ બધા તત્વોમાં નહીં પરોવાય
ચાલો આપણે બાળકો જેવાં
સરળ થઈ જઈએ
ખરેખર સરળ થયું શું એટલું સહજ છે
તો પછી શું કરીએ ચાલો આપણે પાગલ થઈ
જંગલમાં જઈએ
રસ્તા ભૂલીને આમતેમ રખડીએ
એ પણ એટલું સહજ નથી
દરેક જગ્યામે એ જ અહંકાર
રસ્તો રોકીને બેઠો હશે

# સૌરાષ્ટ્રમાં તમામ રાજકીય પક્ષોમાં મચ્યું ધમાસાણ

## અમરેલીમાં પરેશ ધાનાણી સામે તેમના ડ્રાઈવરની ઉમેદવારી! હળવદમાં કોંગ્રેસ-ભાજપ બન્ને કાર્યકરોનું સામસામુ પક્ષાંતર!

**રાજકોટ**

ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણી આડે હવે માંડ બે સપ્તાહ બાકી છે ત્યારે ભાજપ,કોંગ્રેસ, આપ, એન.સી.પી. સહિત તમામ પક્ષોમાં કાર્યકરો, નેતાઓનો અસંતોષ સપાટી પર આવવા લાગ્યો છે અને ધડાધડ રાજીનામા,પક્ષપલ્ટા થવા લાગ્યા છે. અમરેલીમાં રાજ્યના પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી સામે તેમના ડ્રાઈવર ચૂંટણી જંગમાં મેદાને ઉતર્યા છે તો હળવદમાં ભાજપ-કોંગ્રેસ બન્નેમાં સામસામા પક્ષપલ્ટાનો દોર શરૂ થયો છે.

એન.સી.પી.ને ગુજરાતમાં એકમાત્ર ધારાસભા સીટ અપાવનાર કાંધલ જાડેજાને પણ કુતિયાણા બેઠક પર ટિકિટ નહીં અપાતા તેમણે અને બાદમાં એનસીપીના અનેક કાર્યકરો, હોદેદારોએ જિલ્લાના પૂર્વ કારોબારી સમિતિ ચેરમેન, રાજીનામા આપ્યા હતા. બીજી તરફ મોરબી બે નગરપાલિકા સદસ્યો, માલધારી સેલના પ્રમુખ સહિત બસ્સો જેટલા કોંગ્રેસી કાર્યકરોએ રાજીનામુ આપી ભાજપમાં જોડાયા છે. તો સામે પક્ષે ભાજપમાં પણ આંતરિક વિવાદ જારી છે અને હળવદ બ્રહ્મસમાજના પ્રમુખ મુન્નાભાઈ પંચોલી અને છ ગામોના સરપંચ સહિત ૫૫ જેટલા નેતાઓ,કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા છે. જામનગરમાં અનેક કોંગી નેતાઓના રાજીનામા પછી આજે જેતપુર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિરીટભાઈ પાનેલીયાએ રાજીનામુ આપ્યું છે. ઉમેદવારની પસંદગીની સામે વિરોધના પગલે રાજીનામુ આપ્યાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રની અન્ય બેઠકો ઉપર ટિકિટ ફાળવ્યા બાદ અસંતોષ ભડક્યો છે.

### ભુજમાં પટેલ ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામશે

**ભુજ-** ભુજમાં ભાજપ-કોંગ્રેસ અને આપ એમ ત્રણ રાજકીય પક્ષોને લઈને ત્રિપાંખીયો જંગ ખેલાશે. ભાજપના ઉમેદવાર કેશુભાઈ પટેલ કડવા પટેલ, કોંગ્રેસના ઉમેદવાર અરજણ ભુડીયા લેઉવા પટેલ અને આપના ઉમેદવાર રાજેશ પીંડોરીયા પણ લેઉવા પટેલ મેદાનમાં હોવાથી પટેલ મતદારો જ વિમાસણમાં મુકાયા છે.ભુજ બેઠક ઉપર કડવા પટેલ મતદારોની સંખ્યા ૪૦૦૦ આસપાસ અને લેઉવા પટેલ મતદારોની સંખ્યા ૩૬૦૦૦ આસપાસ છે. કોંગ્રેસ-આપના ઉમેદવાર લેઉવા પટેલ હોવાથી મતો કપાશે. જો, લેઉવા-કડવા પટેલ મતોની વિભાજન ન થાય તો ભાજપ પટેલ મતો મેળવી શકે છે. સૌથી વધુ ૯૦૦૦૦ જેટલા મતો લઘુમતિ સમાજના છે. એઆઈએમઆઈએમ પક્ષે પણ ઝંપલાવ્યુ હોવાથી લઘુમતિ મતદારોને લઈને પણ ઉમેદવારોમાં ચિંતા છે.

## ભાજપે બીજા તબક્કા માટે જાહેર કરી સ્ટાર પ્રચારકોની યાદી, મોદી સહિતના નેતાઓ કરશે સભા

**અમદાવાદ**

ભારતીય જનતા પાર્ટીએ બીજા તબક્કા માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી દીધી છે. યાદીમાં પહેલું નામ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું છે. તો ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, અમિત શાહ, નીતિન ગડકરી ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે. સ્મૃતિ ઇરાની પણ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરવાના છે. યાદીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નીતિન પટેલ, સીઆર પાટિલ પણ ચૂંટણી પ્રચાર કરશે. તો અલ્પેશ ઠાકોરનો પણ સ્ટાર પ્રચારકોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સિવાય ગોરધન ઝડફિયા, ફિલ્મ સ્ટાર પરેશ રાવલ, હિતુ કનોડિયા, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે.

## કોંગ્રેસ પ્રદેશ કાર્યાલયે ભરત સોલંકીના પોસ્ટરો ફાટ્યાં, કાળી શાહી પોતરાઈ

**અમદાવાદ**

ગુજરાત કોંગ્રેસમાં ઉમેદવારોને ટિકિટ ફાળવવામાં આવી ત્યારથી કકળાટ શરૂ થયો છે. જમાલપુર ખાડિયા બેઠકને લઈને NSUI કાર્યકરોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. જેમાં વિરોધીઓએ ભરતસિંહના વિરોધમા અપશબ્દો ઉચ્ચારવામાં આવ્યા તેમજ દિવાલ પર કાળી શાહીથી લખવામાં આવ્યા હતા. આ સાથે જ કાર્યકરોએ કાર્યાલયમાં તોડફોડ પણ કરી હતી. ભરતસિંહના નામની પ્લેટ પણ તોડી નાંખવામાં આવી હતી. કોંગ્રેસ પ્રદેશ કાર્યાલય ખાતે એનએસયુઆઇના કાર્યકરોએ ભારે હોબાળો મચાવ્યો હતો અને તોડફોડ કરી હતી. શાહનવાઝ શેખને ટિકિટ ન આપવામાં આવતાં કાર્યકરો ઉગ્ર વિરોધ કરતાં જોવા મળ્યા હતા.

## ભાજપ માટે ઉમેદવારના ગુના નહીં પણ 'લોકપ્રિયતા' વધારે મહત્વની

### ભાજપે 30 ગુનાઈત ઉમેદવારને ટિકિટ આપ્યા બાદ બચાવ કર્યો

**અમદાવાદ**

સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા આદેશ બાદ ચૂંટણી પંચ દ્વારા એવો નિયમ જાહેર કરવામાં આવ્યો છે કે પ્રત્યેક પક્ષે ગુનાઈત ઉમેદવારની વિગતો-તેને ટિકિટ આપવાનું કારણ માધ્યમો દ્વારા ૩ વખત પ્રકટ કરાવવી પડે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ પ્રકારનો નિયમ પ્રથમવાર અમલી થયો છે. આ નિયમના ભાગરૂપે ભાજપ દ્વારા ૩૦ ગુનાઈત ઉમેદવારોની વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં કેટલાક ઉમેદવારો પર અનેક ગુના હોવા છતાં તેઓ લોકપ્રિય છે, પક્ષના સંનિષ્ઠ કાર્યકર છે, કર્તવ્યનિષ્ઠ છે, ગુનો નહીં ધરાવતા અન્ય દાવેદારો કરતાં તે વધારે સારો વિકલ્પ છે તેવા વિવિધ કારણો ભાજપે આપ્યા છે. શિક્ષણમંત્રી જીતુ વાઘાણી સામે ચાર ગુના છે છતાં ભાવનગર પશ્ચિમથી ચૂંટણી લડી રહ્યા છે. આ જ રીતે એલિસબ્રિજ બેઠકના ઉમેદવાર અમીત પી. શાહ સામે ગુના નોંધાયા છે. જેમાં પણ એવું કારણ દર્શાવાયું છે કે તેઓ પક્ષના વરિષ્ઠ-કર્તવ્યનિષ્ઠ કાર્યકર છે.

## BJP જ જીતશે, દાદા CM બનશે : અમિત શાહે ઘાટલોડિયામાં કરી જાહેરાત

**ગાંધીનગર**

ઉમેદવારી પત્ર ભરતા અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એક ભવ્ય રોડ શો કર્યો હતો. આ સમયે ઘાટલોડિયામાં અમિત શાહ અને ભુપેન્દ્ર પટેલે એક જાહેર સભાને સંબોધી હતી. જ્યાં અમિત શાહે આગામી મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલના નામની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, ચૂંટણી બાદ પણ ભૂપેન્દ્ર પટેલ જ ગુજરાતના મુખ્યમંત્રી હશે. અમિત શાહે આગળ કહ્યું કે, બધા રેકોર્ડ તોડીને ભાજપ ફરી એક વખત સરકાર બનાવશે.

## બુકીઓના મતે ભાજપને 109, કોંગ્રેસને 42, આપને 22 બેઠક

**રાજકોટ**

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં આ વખતે ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાશે. ભાજપે પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે. મંગળવારે ભાજપના ઉમેદવારો જાહેર થતા જ સટ્ટા બજાર સક્રિય બન્યુ છે. બુકીઓ આ વખતે પણ ભાજપની સરકાર બનશે તેમ માની રહ્યા છે અને તે મુજબના ભાવો ખોલ્યા છે. બુકીઓના મતે ભાજપને 109, કોંગ્રેસને 42 અને આપને 22 બેઠકો મળશે. સૌરાષ્ટ્રના બુકીઓએ જે ભાવો ખોલ્યા છે તે મુજબ ભાજપને 182 બેઠકમાંથી 109 બેઠકો મળશે. જયારે 112 બેઠકો નહી મળે. કોંગ્રેસને 42 બેઠકો મળશે. જયારે 44 બેઠકો નહી મળે. આપને 22 બેઠકો મળશે. જયારે 24 બેઠકો નહી મળે. આ પ્રકારના ભાવો ખોલી બુકીઓએ સટ્ટો રમાડવાનું શરૂ કર્યું છે. બુકીઓના મતે સૌરાષ્ટ્રમાં આ વખતે અંદાજે રૂા.પાંચેક હજાર કરોડનો સટ્ટો રમાશે. સૌરાષ્ટ્રની ઘણી એવી હાઈપ્રોફાઈલ બેઠકો છે જેની ઉપર મુખ્યત્વે સૌથી વધુ સટ્ટો રમાશે.

## ચૂંટણી પ્રચાર : ચાર્ટર્ડ ફ્લાઈટનું એક કલાકનું ભાડું ૧.૫૦ લાખ

**અમદાવાદ**

ગુજરાતના ચૂંટણીના પ્રચારમાં ઓછા સમયમાં વધુ સ્થળે પહોંચવા માટે ભાજપ,કોંગ્રેસ, આપ દ્વારા ચાર્ટર્ડ ફ્લાઇટ-હેલિકોપ્ટર બૂક કરાવવામાં આવી રહ્યા છે. જેમાં ચાર્ટર્ડ ફ્લાઈટનું પ્રતિ કલાકનું ભાડું રૂપિયા ૧.૫૦ લાખ જ્યારે હેલિકોપ્ટરનું ભાડું રૂપિયા ૧ લાખ છે. પ્રથમ તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરાવવાની કામગીરી આગામી સોમવાર સુધીમાં પૂર્ણ થઈ જશે. આ પછી રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરવામાં આવશે. ચૂંટણી પ્રચારમાં સ્ટાર પ્રચારકો ઓછા સમયમાં વધુ સ્થળે પહોંચી શકે તેના માટે રાજકીય પક્ષો દ્વારા ચાર્ટર્ડ ફ્લાઈટ અને હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવશે. આ અંગે દિલ્હી સ્થિત એક ચાર્ટર ફ્લાઈટ સર્વિસની કંપનીના અધિકારીએ જણાવ્યું કે, 'અમારી પાસે વિવિધ પક્ષની ઈન્કવાયરી આવવાની શરૂ થઈ ગઈ છે. તાજેતરમાં અમે આમ આદમી પાર્ટીને ચાર્ટર્ડ ફ્લાઈટ અને હેલિકોપ્ટર ભાડે આપ્યા છે.'

## ન્યુઝ બ્રીફ

- રેશ્મા પટેલે NCPના તમામ સભ્યોપદેથી રાજીનામું આપી દીધુ છે. બીજી બાજુ રેશમા પટેલ વિધિવત રીતે આપમાં જોડાઈ ચૂક્યા છે.
- અલ્પેશ ઠાકોરને ગાંધીનગર દક્ષિણની બેઠક સોંપવામાં આવી હોવાની માહિતી મળી છે. આ બેઠક પર હાલમાં શંભુજી ઠાકોર ધારાસભ્ય છે અને તેઓ ત્રણ ટર્મથી આ બેઠક પરથી ચૂંટાઈ રહ્યા છે.
- માતરના ધારાસભ્યએ ટિકિટ ન મળતા કેસરિયો ખેસ છોડી આપનું ઝાડુ પકડી લઈ આપમાંથી ચૂંટણી લડવાની તૈયારી બતાવી હતી. જો કે ગણતરીના કલાકોમાં જ નાટ્યાત્મક રીતે સતત વિવાદોમાં રહેલા કેસરીસિંહ સોલંકીએ ઘર વાપસી કરતાં ભાજપાએ રાહત અનુભવી છે.
- સરતની પૂર્વ બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર કંચન જરીવાલા તેમના પરિવાર સાથે બુધવારે ગાયબ થઈ ગયા હતા જે અંગે આપના પ્રદેશ અધ્યક્ષ ઇશુદાન ગઢવીએ પણ ટ્વીટ કરીને જાણકારી આપી હતી. જે બાદ તેઓએ બુધવારે સાંજે તેની દાવેદારી પરત ખેંચી લેતા આ બેઠક પર હવે ભાજપ અનેકોંગ્રેસ વચ્ચે જ મુકાબલો થશે.
- ખોડલધામના સૂત્રોએ સ્પષ્ટ કર્યું હતું કે ખોડલધામ સંસ્થા કે નરેશ પટેલ કોઈ પણ ઉમેદવાર કે પક્ષનો પ્રચાર કરતા નથી, કરવાના નથી બીજી તરફ ભાજપના ઉમેદવાર બનેલા ટ્રસ્ટી રમેશ ટીલાળાએ પણ ખોડલધામમાંથી રાજીનામુ આપ્યું છે.
- મરેઠ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી માટે કોંગ્રેસ અને એનસીપી વચ્ચે ગંઠબંધન થતા એનસીપીના ઉમેદવાર ઉમરેઠ બેઠક પરથી ચૂંટણી જંગમાં ઝંપલાવનાર હોઈ ઉમરેઠ કોંગ્રેસમાં રાજકીય ભૂકંપ સર્જાયો છે.
- ગુજરાતની રાજનીતિમાં મહિલાઓની ભાગીદારી ખુબ ઓછી, 1960થી અત્યાર સુધી માત્ર 111 મહિલા વિધાનસભા પહોંચી
- ગુજરાતમાં ચૂંટણી માટે ઉમેદવારોની જાહેરાત થઈ ગઈ છે તથા ફોર્મ પણ ભરાઈ ગયા છે. ભારતીય જનતા પાર્ટીએ સૌથી વધુ 17 મહિલાઓને ટિકિટ આપી છે. જ્યારે કોંગ્રેસ તરફથી 12 મહિલા મેદાનમાં છે. તો આમ આદમી પાર્ટીએ 6 મહિલાઓને ટિકિટ આપી છે. એટલે કે કુલ 35 મહિલા ઉમેદવારો આ વખતે ચૂંટણી મેદાનમાં છે.
- 2017ની ચૂંટણીમાં 17 સીટો પર જોવા મળ્યો હતો રોમાંચક જંગ, 2 હજાર કરતા ઓછા મતે હાર-જીત નક્કી થઈ હતી.
- દહેગામના પૂર્વ MLA કામીનીબા રાઠોડનો ઓડિયો વાયરલ થયો છે. આ કથિત ઓડિયો ક્લીપમાં કોંગ્રેસ પર તેમણે આકરા પ્રહારો કર્યા કે કોંગ્રેસની ટિકિટ પૈસાથી વેચાય છે. આ ક્લીપમાં ભાવિન નામનો શખ્સ ટિકિટ માટે વાતચીત કરી રહ્યો છે. જેમાં તેઓ 70, 50 લાખ જેટલી રકમનો વાતચીતમાં ઉલ્લેખ થઈ રહ્યો છે.
- બાયડની ટીકીટ કપાયા બાદ જસુભાઈ પટેલે જણાવ્યું હતું કે, બાયડ બેઠકમાં ટીકીટ ના મળતા મને કોઇ મન દુઃખ નહીં. લોકસેવા એ મારો સિદ્ધાંત છે. પાર્ટી એ મને ઓળખ્યો નહીં અથવા મારી કોઈ ભૂલ હશે. પાર્ટીએ ગોટાળા કરવાવાળા અને વેપાર કરવા વાળાને ટીકીટ આપી છે. પરંતુ મારી લોકસેવા એ જ રણનીતિ હશે.
- ભાવનગર પશ્ચિમ બેઠક માટે જિતુ વાઘાણીએ ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે. પરંતુ ભાવનગરમાં ભાજપથી નારાજ ગોહિલવાડ રાજપૂત સમાજ મહિલા પાંખ દ્વારા ક્ષત્રિય મહિલા સંમેલન યોજાયું હતું. જેથી જીતુ વાઘાણીના ગઢમાં સંમેલન યોજાતા વિધાનસભા બેઠકના સમીકરણો બદલાય તેવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.
- માંજલપુર બેઠક પર ભાજપે યોગેશ પટેલને ફરી એકવાર રિપિટ કર્યા છે. યોગેશ પટેલનો દાવો કર્યો હતો કે આજે સવારે મને મોવડી મંડળ તરફથી ફોન આવ્યો હતો. એટલું જ નહીં, મેન્ડેટ મળ્યો હોવાનો પણ યોગેશ પટેલે સત્તાવાર જાહેરાત કરી છે.
- પેટલાદ મત વિસ્તારના ધારાસભ્ય નિરંજનભાઈ પટેલે ધારાસભ્ય પદ સહિત કોંગ્રેસના તમામ પદ પરથી રાજીનામું આપી દીધું છે. અહીં કોંગ્રેસે આ વખતે નિરંજન પટેલની ટિકિટ કાપીને પ્રકાશ પરમારને મેદાનમાં ઉતાર્યા છે.
- ભારતીય જનતા પાર્ટીએ પોતાની પ્રથમ યાદીમાં 160 ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. ત્યારબાદ કેટલાક નેતાઓએ તો અપક્ષ લડવાની જાહેરાત પણ કરી હતી. ત્યારે ભાજપે વિસનગરમાં ઋષિકેશ પટેલને ટિકિટ આપતા ભાજપના જૂના નેતા જશુભાઈ પટેલ નારાજ થયા હતા. તેમણે અપક્ષ લડવાની જાહેરાત કરી હતી. પરંતુ હવે પાર્ટીએ તેમને મનાવી લીધા છે.

# 2017ની ચૂંટણીમાં ભાજપને ફળનારા વડોદરા જિલ્લામાં બદલાયા સમીકરણો

## ડેમેજ કન્ટ્રોલ માટે ભાજપ દ્વારા કરાયેલા પ્રયાસો સફળ નહીં થયા

**વડોદરા**

આ વર્ષે મધ્ય ગુજરાતમાં ખાસ કરીને વડોદરા જિલ્લામાં ભાજપ માટે કપરા ચઢણા જણાય છે. વડોદરા શહેર અને જિલ્લાના કેટલાક દિગ્ગજ નેતાઓની ટિકિટ કપાતા જે નારાજગી ઉભી થઈ છે. તે ભાજપને નડી શકે તેમ છે.

**વાઘોડિયા બેઠક**

દબંગ ગણાતા મધુ શ્રીવાસ્તવ આ બેઠક પરથી સળંગ છ વખતા પહેલા અપક્ષ અને બાદમાં ભાજપમાંથી મેન્ડેટ લઈને ચૂંટાયા છે. પોતાના મનમાની, આપખુદી અને ખાસ તો વિવાદોમાં રહેવાના સ્વભાવને કારણે મધુ શ્રીવાસ્તાવને ટિકિટ આપવાનું લગભગ નિશ્રિત માનતુ હતું. તે પછી ભાજપ ડેમેજ કન્ટ્રોલ કરવામાં નિષ્ફળ જણાયુ. મધુ શ્રીવાસ્તવે અપક્ષ ઉમેદવારી કરી દીધી છે. ભાજપના જિલ્લા પ્રમુખ તરીકે અશ્વિન પટેલે આ બેઠક પરથી ઉમેદવારી કરે છે. કોંગ્રેસ જૂના જોગી સત્યજીત ગાયકવાડને ટિકિટ આપી છે. આયાતી ઉમેદવાર ગણાવીને સ્થાનિક કોંગ્રેસ સંગઠન સત્યજીતનો પણ વિરોધ કરી શકે છે.

**પાદરા**

વડોદરાની ભાગોળની આ બેઠક ભાજપનો ગઢ મનાય છે, પરંતુ અહીં દિગ્ગજ નેતા દિનેશ પટેલ ઉર્ફે દિનુમામા લોકપ્રિય નેતા છે. આ વખતે તેમની ટિકિટ કપાવાથી નારાજ થયેલા દિનુમામા ભાજપ પક્ષ છોડીને અપક્ષ કરે તેવી શક્યતા છે. આ બેઠક પર ભાજપ, કોંગ્રસ, આપ અને અપક્ષ એમ ચતુષકોણીય જંગ થઈ શકે છે, જે સીધી રીતે ભાજપને નુકસાકારક બને તેવી શક્યતા છે.

## કેશોદ અને વાંકાનેરમાં ભાજપમાં બળવો, સોમનાથ જિલ્લામાં વિરોધ

રાજકોટ : સૌરાષ્ટ્રમાં ધારાસભા ઉમેદવારોની પસંદગી સામે ભાજપમાં વાંકાનેર, ગોંડલ, કેશોદ, જસદણ, સોમનાથ જિલ્લો, જામનગર, કાલાવડ, રાજકોટ સહિત અનેક સ્થળે છુપો અને કેટલાક સ્થળે ખુલ્લો વિરોધ સામે આવ્યો છે તેમાં કેશોદ અને વાંકાનેરમાં પક્ષ સામે અપક્ષ ઉમેદવારી કરીને બળવો કરવાનો નિર્ણય જાહેર કરાયો છે તો સાવરકુંડલામાં ઉમેદવાર સામે કચવાટ જાગ્યો છે. કેશોદ બેઠક પર ભાજપે વર્તમાન પશુપાલન મંત્રી દેવાભાઈ માલમને ટિકીટ આપતા ભડકો થયો છે. જુનાગઢથી અહેવાલ મૂજબ ભાજપની આ પસંદગી સામે પૂર્વ ધારાસભ્ય અને ભાજપના આગેવાન અરવિંદ લાડાણીએ ભાજપમાંથી આજે રોષભેર રાજીનામુ ધરી દીધું છે.

## ભાજપમાં ભડકો થશે એ પ્રકારનો રિપોર્ટ વડાપ્રધાન મોદીને અપાયો હતો

ગાંધીનગર: વિધાનસભાની ટિકિટની વહેંચણી બાદ ગુજરાતમાં અનેક જગ્યાએથી વિરોધ વંટોળ ઉઠ્યો છે. ચારેક મહિના પહેલા જ વડાપ્રધાન મોદીને કેટલાક નેતાઓએ ચૂંટણીના સંદર્ભમાં આપેલા રિપોર્ટમાં સ્પષ્ટ જણાવ્યુ હતુ કે ટિકિટોના વિતરણ બાદ ભાજપમાં ભડકો થશે. જો એકને ટિકિટ આપશો તો તેનો હરીફ જ તેને હરાવશે. જો બન્નેને કાપશો તો બન્ને ભેગા થઈને ભાજપને હરાવશે. એટલુ જ નહી, નેતાઓ-આગેવાનોમાં ભારે જૂથવાદ પ્રવર્તી રહ્યો હોવાથી ભાજપની મુશ્કેલીઓ વધશે. થોડો સમય પહેલા ગુજરાતના કેટલાક સિનિયર નેતાઓ વડાપ્રધાન મોદીને મળ્યા હતા. જેમાં તેઓએ કહ્યુ હતુ કે, કેટલાક વિસ્તારોમાં જૂથવાદ વધી ગયો છે.

# નેતાઓએ મારી લોકપ્રિયતા જોઇ મને કાળો ટીકો લગાવ્યો છેઃ નિતીન પટેલ

## સીટ ન મળતાં તેઓ હતાશ છે કે નહીં તેનો જવાબ તેમણે ટાળ્યો

**મહેસાણા**

ગુજરાતનાં પૂર્વ ઉપમુખ્યમંત્રી નિતિન પટેલ આ વખતે ચૂંટણી લડી રહ્યાં નથી. તેમણે પાછલી ટર્મમાં મહેસાણા સીટથી કોંગ્રેસનાં ઉમેદવારને સાત હજારથી પણ વધુ વોટોનાં અંતરથી માત આપી હતી. આ વખતે તેમની સીટની ટિકીટ બીજેપીનાં મુકેશ પટેલને આપવામાં આવી છે. મહેસાણામાં જીતની શકયતાઓને લઈને જ્યારે નિતીનભાઈને પ્રશ્ન પૂછવામાં આવ્યો તો તે બોલ્યાં કે 'અમે મહેસાણામાં જીતનાં ઝંડા લહેરાવશું'. તેમણે કહ્યું કે મહેસાણામાં બીજેપીનાં તમામ ઉમેદવારોને સમર્થન મળી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે 'તે તમામ ઉમેદવારોનાં સમર્થનમાં છે પછી તે નિતીન પટેલ હોય કે મુકેશ પટેલ.



બીજેપીની જીત મહત્વની છે.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમને સીટ ન મળતાં તેઓ હતાશ છે કે નહીં તેનો જવાબ તેમણે ટાળ્યો અને કહ્યું કે જેવી રીતે સુંદર બાળકોને નજરથી બચાવવા મા કાળો ટીકો કરે છે તેવી રીતે બીજેપીના નેતાઓ મારી વધી રહેલી લોકપ્રિયતાને જોઈને મને કાળો ટીકો કરી રહ્યાં છે.

# આમ આદમી પાર્ટી ભારતીય જનતા પાર્ટી માટે કોઈ પડકાર નથીઃ પુરુષોત્તમ રૂપાલા

**સુરત**

કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા અને કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડાએ સુરતમાં ધામા નાખ્યા છે. દરમિયાન તેમણે જણાવ્યું કે, અગ્રેસર ગુજરાત કાર્યક્રમ ઉપક્રમે વ્યારા દાહોદ અને ભિલોડામાં ભાજપના કાર્યક્રમ યોજવામાં આવશે. ગુજરાત ભાજપે પહેલી વખત ગુજરાતના નાગરિકો સાથે સીધો સંવાદ કરી લોકોના મનની આકાંક્ષા જાણવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાત ભાજપની યોજના પ્રમાણે અમારા પ્રદેશના મંત્રીઓ અને નેતાઓ જનતા વચ્ચે જઈને તેમના મનની વાત જાણવાનો પ્રયત્ન કરે છે. લોકો સૂચના પેટીમાં પોતાના સજેશન પાર્ટીને આપી શકે છે. રૂપાલાએ આમ આદમી પાર્ટી પર નિશાન સાધતા કહ્યું કે, આમ આદમી પાર્ટી ભાજપ માટે કોઈ પડકાર નથી. રૂપાલાને અલ્પેશ કથીરિયા વિશે સવાલ કરતા જણાવ્યું કે, અન્ય કોઈ બાબતે નિવેદન કરવામાં મને રસ નથી. વર્તમાન ધારાસભ્યો સામે લોકોની નારાજગી જ વ્યારામાં ભાજપને જીતાડશે.

# અમદાવાદમાં બે રિપીટ, 13 નવા, છ ધારાસભ્યો ઘરભેગા

**અમદાવાદ**

અમદાવાદ શહેરની બેઠકોમાં બે ઉમેદવારો રિપીટ કરાયા છે એટલે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને જગદીશ પંચાલને જ રિપીટ કરાયા છે. જયારે ૧૩ ચહેરા નવા મૂકાયા છે તો છ વર્તમાન ધારાસભ્યોના પત્તા કપાયા છે. ભૂપેન્દ્ર પટેલ, જગદીશ પંચાલને જ પુનઃ તક, પ્રદીપસિંહ જાડેજાએ ચૂંટણી લડવાની ના પાડતાં વટવા બેઠક પર સસ્પેન્સ અમદાવાદ શહેરની કુલ ૧૫ બેઠકોની વાત કરીએ તો, માત્ર બે મહિલાને ટિકિટ અપાઈ છે. જેમાં અસારવાની બેઠક પર વર્તમાન ધારાસભ્ય પ્રદીપ પરમારનું પત્તુ કાપી દર્શનાબહેન વાઘેલા અને ઠક્કરબાપાનગર બેઠક પરથી કંચનબહેન રાદડિયાને ટિકિટ મળી છે. વેજલપુર બેઠક પરથી કિશોર ચૌહાણનું પત્તુ કપાયુ છે. જૂહાપુરામાં મુસ્લિમ બિલ્ડર લોબી સાથે વધુ પડતો ઘરોબો, અને અસામાજિક તત્વો સાથેની દોસ્તી કિશોર ચૌહાણને નડી ગઈ છે.

### ગાંધીનગરમાં અપક્ષ ઉમેદવાર સિક્કાઓ લઈને ફોર્મ ભરવા આવ્યા

# ઝુંપડપટ્ટી તેમજ લારીવાળાઓએ આપ્યો એક-એક રૂપિયો અને મતનું વચન આપ્યું

**ગાંધીનગર**

ગાંધીનગરમાં અપક્ષ ઉમેદવાર સિક્કા લઈને ઉમેદવારી ફોર્મ ભરવા નીકળ્યા હતા. ત્યારે મામલતદાર કચેરી ખાતે તેઓ તેમના ટેકેદારો સાથે અપક્ષ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. ત્યારે તેઓ ડિપોઝીટમાં રૂપિયા ૧૦ હજારના સિક્કા આપતા સૌ કોઈ અચંબામાં પડી ગયા હતા. ત્યારે મગેન્દ્ર પટેલે તેમનાં મિત્રોએ કચેરીમાં બેસીને એક-એક રૂપિયાનાં સિક્કા ગણ્યા હતા. મહેન્દ્રભાઈએ કહ્યું હતું કે તેઓ પાયાના પ્રશ્નોનાં નિવારણ માટે તેઓ ચૂંટણી લડી રહ્યા છે. મારૂ આર્થિક પાસુ નબળું હોઈ મારા મિત્રો તેમજ ગ્રામજનોએ એક-એક રૂપિયો ઉઘરાવીને આર્થિક પાસુ મજબૂત કરી આપ્યું છે અને સાથે સાથેએ તેઓએ કહ્યું છે કે જે રીતે અમે આ એક એક રૂપિયાનો સિક્કો આપ્યો તેમ અમે વોટ પણ આપશું. લારી ગલ્લાવાળા, પાથરણાવાળા, ઝુંપડપટ્ટીવાળાઓએ જે મને એક એક રૂપિયો આપ્યો છે.

# ભરૂચની ઝઘડિયા સીટ પર પિતા-પુત્રના વિવાદનો અંત

**ભરૂચ**

ઝઘડિયા સીટ પર પિતા-પુત્રનો વિવાદનો પણ અંત આવી ગયો છે. ગુજરાતમાં ઝઘડિયા વિધાનસભા સીટ પર બીટીપીના ઉમેદવાર છોટુ વસાવા અને મહેશ વસાવા આમને-સામને આવી ગયા હતા. બીટીપી અધ્યક્ષ મહેશ વસાવાએ ઉમેદવારી નોંધાવી હતી તો તેમના પિતા છોટુ વસાવાએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ પુત્ર મહેશ વસાવાએ પોતાનું ફોર્મ પરત ખેંચી લીધુ છે. એટલે કે હવે ચૂંટણીના મેદાનમાં પિતા-પુત્રની લડાઈનો સુખદ અંત આવી ગયો છે. રાજ્યમાં આદિવાસી મત વિસ્તારની ઝઘડિયા સીટ ખુબ ચર્ચામાં આવી હતી. અહીં પિતા અને પુત્ર બંને ફોર્મ ભરીને આમને-સામને આવી ગયા હતા. પુત્ર મહેશ વસાવાએ ભારતીય ટ્રાઈબલ પાર્ટી (બીટીપી) માંથી ઉમેદવારી નોંધાવી હતી, તો પિતા છોટુ વસાવાએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી.

## રીબડીયાને મહિનામાં અને બારડને 24 કલાકમાં ટિકીટ આપી દેવાઈ !

**રાજકોટ**

તાલાલામાં ભાજપના કાર્યકરોએ બેઠક યોજીને આયાતી ઉમેદવાર સામે ખુલ્લો વિરોધ કર્યો છતાં કોંગ્રેસના ધારાસભ્ય ભગવાનભાઈ બારડે હજુ ગઈકાલે તો પક્ષ છોડયો અને આજે તેમને ભાજપે તેમના ઉમેદવાર તરીકે નામ જાહેર કરી દીધુ છે. તો ગોંડલમાં રીબડા જૂથની ખુલ્લેઆમ માંગણીઓને ફગાવી દઈને ફરી જયરાજસિંહનો દબદબો જાળવ્યો છે અને ગીતાબા જાડેજાને ટિકીટ અપાઈ છે. તાલાલા તાલુકાને આઝાદીના 75 વર્ષમાં ક્યારેય કોઈ રાજકીય પક્ષે ટિકીટ આપી નથી અને તે કારણે તાલુકો વિકાસથી વંચિત છે.

## સુરેન્દ્રનગરમાં સોમા પટેલે આખરે અપક્ષ તરીકે ભરેલું ફોર્મ પરત ખેંચ્યુ

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરમાં સોમા પટેલે અપક્ષમાંથી ફોર્મ ભર્યું હતું. જે પરત ખેંચી લીધું છે. ભાજપે ટિકિટ ન આપતા સોમા પટેલ નારાજ થયા હતા અને અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી હતી. સુરેન્દ્રનગરની વઢવાણ બેઠક પર ભાજપ-કોંગ્રેસ સહીત કુલ ૨૨ ફોર્મ ભરાયા હતા. ત્યારબાદ ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ૯ ફોર્મ પરત ખેંચાયા હતા. જેને લઈને વઢવાણ બેઠક પર હવે ૧૩ ઉમેદવારો ચુંટણી જંગમાં મેદાને છે. સોમાભાઈએ ૨૦૧૯માં લીંબડી-સાયલા બેઠક પરથી રાજીનામુ ધરી દીધું હતું.

## અમદાવાદના વેજલપુર ખાતે બે ભાઈઓ વચ્ચે ચૂંટણીજંગ ખેલાશે

**અમદાવાદ**

અમદાવાદની વેજલપુર બેઠક ઉપર એક જ પરિવારના બે ઉમેદવારી ચૂંટણી જંગમાં છે. મળતી વિગતો મુજબ અમદાવાદની વેજલપુર વિધાનસભા પરથી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાંથી બે સગા મામા ફોઈના દીકરા ચૂંટણી લડવાના છે. વિગતો મુજબ કોંગ્રેસના ઉમેદવાર તરીકે રાજેન્દ્ર પટેલ અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે કલ્પેશ પટેલ ચૂંટણી લડવાના છે. જોકે બંને ભાઈઓ પારિવારિક સંબંધ ખૂબ જ સારા છે અને બંને ઉમેદવારોથી વેજલપુરના સ્થાનિકો પરિચિત હોવાનું જાણવા મળ્યું છે.

## વિરમગામમાં હાર્દિક સામે રેશ્મા પટેલ અને નિવૃત્ત સૈનિક મેદાનમાં

**અમદાવાદ**

વિરમગામ બેઠક પર પાટીદાર આંદોલનનો મુખ્ય ચહેરો એવા હાર્દીક પટેલ ભાજપમાંથી ઉમેદવારી કરી રહ્યાં છે. આ બેઠક પર તેઓને કોંગ્રેસમાંથી લાખા ભરવાડ તેમને સીધી ટક્કર આપી રહ્યાં છે.એટલુ જ નહિ હાલમાં એનસીપીમાંથી છેડો ફાડી રેશમા પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. તેઓને પણ આપ પાર્ટી તરફથી ચૂંટણી લડે તેવી શકયતાઓ છે. આ ઉપરાંત એક નિવૃત આર્મી મેન જિગ્નેશ મનુભાઈ પટેલ. જિગ્નેશભાઈ એક નૃિવત આર્મી મેન છે અને તેઓએ આ બેઠક પર અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

## માવજીભાઈએ ભાજપનો સાથ છોડયો, અપક્ષ તરીકે ઉમેદવારી ફોર્મ ભર્યું

**બનાસકાંઠા**

આ વખતે ધાનેરા સીટ પર ભાજપ અને કોંગ્રેસ દ્વારા ચૌધરી સમાજના ઉમેદવારને ટિકિટ આપવામાં આવતા અન્ય સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે. ભાજપના આગેવાન માવજીભાઈ દેસાઈએ પણ ભાજપ સાથે છેડો ફાડીને તમામ હોદ્દાઓ પરથી રાજીનામાં આપી દીધા છે.આ સાથે સાથે તેમણે રબારી સમાજ અને ઠાકોર સમાજની સાથે ઈતર સમાજના લોકોનો સાથ મેળવીને અપક્ષમાં ઉમેદવારી નોંધાવી છે. માવજીભાઈ દેસાઈ દ્વારા ધાનેરા શહેરના મામા બાપજી મંદિર પાસે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રૂપિયા 750 કરોડના બેંક ફ્રોડ કેસમાં રોટોમેક ગ્લોબલ વિરુદ્ધ કેસ દાખલ

## કંપનીએ કથિત રીતે બેંક સાથે છેતરપિંડી કરી અને ફંડ ડાયવર્ટ કરી દીધું હતું

**નવી દિલ્હી**

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI)એ કાનપુર સ્થિત રોટોમેક ગ્લોબલ અને તેના ડિરેક્ટરો વિરુદ્ધ ઇન્ડિયન ઓવરસીઝ બેંક (IOB) સાથે રૂ.750.54 કરોડની છેતરપિંડી કરવા બદલ કેસ નોંધ્યો છે. પેન નિર્માતા કંપની પર બેંક ઓફ ઈન્ડિયાની આગેવાની હેઠળની સાત બેંકોના કન્સોર્ટિયમનું કુલ રૂ.2,919 કરોડનું દેવું છે. આ બાકી રકમમાં ઈન્ડિયન ઓવરસીઝ બેંકનો હિસ્સો 23 ટકા છે. તપાસ એજન્સીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ જોગવાઈઓ ઉપરાંત ગુનાહિત કાવતરું (120-B) અને છેતરપિંડી (420) સંબંધિત IPC કલમો હેઠળ કંપની અને તેના ડિરેક્ટરો સાધના કોઠારી અને રાહુલ કોઠારી વિરુદ્ધ કેસ નોંધ્યો છે. બેંકોના કન્સોર્ટિયમના સભ્યોની ફરિયાદના આધારે કંપની પહેલેથી જ CBI અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના તપાસ હેઠળ છે.

સીબીઆઈને તેની ફરિયાદમાં ઈન્ડિયન ઓવરસીઝ બેંકે આરોપ મૂક્યો હતો કે કંપનીને 28 જૂન, 2012ના રોજ 500 કરોડ રૂપિયાની બિન-ફંડ આધારિત ક્રેડિટ લિમિટ મંજૂર કરવામાં આવી હતી. તે જ સમયે રૂ. 750.54 કરોડની બાકી રકમ પર ડિફોલ્ટ કર્યા પછી, 30 જૂન, 2016 ના રોજ એકાઉન્ટને નોન-પર્ફોર્મિંગ એસેટ (NPA) જાહેર કરવામાં આવ્યું હતું. બેંકનો આરોપ છે કે તેણે કંપનીની વિદેશી વેપારની જરૂરિયાતોને પહોંચી વળવા માટે 11 લેટર ઓફ ક્રેડિટ (LCs) જારી કર્યા છે. આ તમામ પત્રો ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જે 743.63 કરોડ રૂપિયા છે.

# બિહારના ઉદ્યોગમંત્રી સમીર મહાસેઠના અનેક ઠેકાણે આઈટી વિભાગના દરોડા

## કેબિનેટ મંત્રી સહિત અનેકના ઘર અને ઠેકાણે છાપેમારી

**પટના**

બિહારમાં કરપ્શન પર આઈટી વિભાગે એક્શન લીધું છે. પટનામાં કેબિનેટ મંત્રી સહિત અનેક જગ્યાઓએ રેડ પાડી છે. મળતી માહિતિ અનુસાર આયકર વિભાગની 25 સભ્યોની ટીમ કાર્યવાહી કરી રહી છે. મળતી માહિતિ અનુસાર બિહારના ઉદ્યોગમંત્રી સમીર કુમાર મહાસેઠના રહેઠાણ અને ઓફિસમાં રેડ પાડવામાં આવી છે. આરજેડી દળથી મહાગઠબંધન સરકારમાં સામેલ સમીર મહાસેઠ મધુબનીથી બીજી વાર વિધાયક બન્યા છે. તે પહેલા પણ બિહાર સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. 1977થી રાજનીતિમાં



સક્રિય ગણાતા મહાસેઠ 2003થી 2009 સુધી બિહાર વિધાનસભા પરિષદના સભ્ય પણ રહ્યા છે. વર્ષ 1998માં સમીર મહાસેઠે આઈસીઆરના ડાયરેક્ટનું પદ સંભાળ્યું છે. 2008માં બાળ શ્રમિક આયોગના સભ્ય રહ્યા અને 2013 સોશ્યલ ઓલમ્પિક બિહારના અધ્યક્ષ રહ્યા હતા.

# આતંકવાદી ષડયંત્ર : ફ્લાય મંડાલ પોલીસ ચોકી ઉડાડવાનું હતું કાવતરું

## 2 IEDમાં ટાઈમર તરીકે ઘડિયાળ ફીટ કરી હતી, ફ્લાય મંડાલ પોલીસ ચોકીમાં સીસીટીવી પણ નથી લગાવાયા

**જમ્મુ કાશ્મીર**

જમ્મુના સતવારી વિસ્તારમાં ફ્લાય મંડાલ પોલીસ ચોકીને આતંકવાદીઓએ ટાઈમર લગાવીને આઈઈડીથી ઉડાવી દેવાનું કાવતરું ઘડ્યું હતું. પોલીસ ચોકી પાસે એક થેલીમાંથી મળી આવેલા બંને IEDમાં ટાઈમર તરીકે ઘડિયાળ ફીટ કરેલી હતી, જેના કાંટા ફરતા હતા. ડિટોનેટર પણ ફીટ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીની તપાસ મુજબ આ IED ફ્લાય મંડાલ પોલીસ ચોકીને ઉડાડવા માટે રાખવામાં આવ્યા હતા. જો કે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની મદદથી બંને આઈઈડીને ડિફ્યુઝ કરવામાં આવ્યા હતા. પોલીસે ફ્લાય મંડાલ પોલીસ ચોકીની આસપાસ ઘટના પહેલા ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ ફોનની માહિતી એકત્ર કરવાનું શરૂ કર્યું છે. ત્યારે ફ્લાય સર્કલ પાસે રહેતા લોકોના લોકેશનની ચકાસણી કરવામાં આવી રહી છે. તેમને શોધીને પૂછપરછ કરવામાં આવશે. હજુ સુધી એ જાણી શકાયું નથી કે આ IED કોણે લગાવ્યું હતું અને ક્યાંથી લાવવામાં આવ્યું હતું.

# શ્રીલંકાની નેવીએ ભારતીય માછીમારો ઉપર હુમલો કર્યો, 14ની ધરપકડ કરાઈ

## 13 લોકો તરીને બહાર આવ્યા હતા, પરંતુ સાત લોકો પાણીમાં ડૂબી ગયા હતા

**ત્રિવેન્દ્રમ**

શ્રીલંકન નૌકાદળ દ્વારા ભારતીય માછીમારો પર હુમલો કરીને તેમની ધરપકડ કરવાનો મામલો સામે આવ્યો છે. એક અધિકારીએ જણાવ્યું કે, શ્રીલંકાના નૌકાદળ દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ એક ભારતીય માછીમારને આંખમાં ઈજા થઈ હતી. આ સાથે શ્રીલંકાની નૌકાદળે દરિયાઈ સીમા ઉલ્લંઘનના આરોપમાં 14 માછીમારોની પણ ધરપકડ કરી છે. હુમલામાં ઘાયલ માછીમાર રામેશ્વરમના જોહ્નસન તરીકે ઓળખાય છે, જ્યારે બુધવારે મોડી રાત્રે શ્રીલંકાના મરીન દ્વારા હુમલો કરવામાં આવ્યો ત્યારે તેની આંખમાં ઈજા થઈ હતી. આ ઉપરાંત, નાગાપટ્ટિનમ જિલ્લાના 14 માછીમારોને શ્રીલંકન નૌકાદળ દ્વારા પકડવામાં આવ્યા હતા અને તેમની બોટ જપ્ત



કરવામાં આવી હતી. સ્થાનિક માછીમારોના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, આ બંને ઘટનાઓથી માછીમારોમાં ભયનો માહોલ છે. આ ઘટનાઓને લઈને ભારત તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

# ગોરખપુરમાં સ્કૂલની ફી નહીં ભરી શકતા પિતા અને બે દીકરીઓએ કરી આત્મહત્યા

**ગોરખપુર**

ઉત્તર પ્રદેશના ગોરખપુરમાંથી એક દર્દનાક ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારના ત્રણ લોકોએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી. આ ઘટના બાદ વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે મૃતકના પરિવારની આર્થિક સ્થિતિ ખરાબ હતી. જેના કારણે પિતા અને બે સગીર પુત્રીઓએ દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ફોરેન્સિક ટીમ તપાસ માટે ઘટના સ્થળે પહોંચી હતી અને ત્રણેય



મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલીને મામલાની તપાસ શરૂ કરી હતી.

આ ઘટના શહેરના શાહપુર વિસ્તારની ગીતા વાટિકામાં સ્થિત ઘોસીપુરવાની છે. જિતેન્દ્ર શ્રીવાસ્તવ (45) તેની બે પુત્રીઓ અને પિતા ઓમ પ્રકાશ સાથે રહેતો હતો. જીતેન્દ્ર ઘરમાં સિલાઈનું કામ કરતો હતો. 1999માં ટ્રેન અકસ્માતમાં તેનો જમણો પગ કપાઈ ગયો હતો. તે કૃત્રિમ પગની મદદથી ઘરે સિલાઈનું કામ કરતો હતો. જ્યારે તેની પત્ની સિમ્મીનું બે વર્ષ પહેલા 2020માં કેન્સરથી મૃત્યુ થયું હતું. તેમની બંને પુત્રીઓ માન્યા શ્રીવાસ્તવ (16) અને માનવી શ્રીવાસ્તવ (14) આવાસ વિકાસમાં આવેલ સેન્ટ્રલ એકેડમીમાં ધોરણ નવ અને સાતમાં અભ્યાસ કરતી હતી.

# ચોથા માળેથી ફેંકી દેતા યુવતીનું મોત, ધર્માંતરણ-નિકાહના દબાણનો આક્ષેપ

**લખનઉ**

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં એક યુવતીને ફ્લેટના ચોથા માળેથી નીચે ફેંકી દેવાતા તેનું મોત નિપજ્યું હતું. યુવતીના પરિવારજનોએ સુફિયાન નામના એક યુવક પર હત્યાનો આરોપ લગાવ્યો છે. પરિવારે ધર્માંતરણનો પણ દાવો કર્યો છે.

પોલીસ સમક્ષ પીડિત યુવતીની માતા અને પરિવારના અન્ય સભ્યોએ દાવો કર્યો છે કે ધર્મ પરિવર્તન કરાવીને લગ્ન માટે દબાણ કરવામાં આવી રહ્યું હતું, યુવતી પર સુફિયાન નામનો મુસ્લિમ યુવક ધર્માંતરણ માટે દબાણ કરી રહ્યો હતો. યુવતીને મુસ્લિમ બનાવીને તેની સાથે નિકાહ કરવા માગતો હતો. જેથી નિકાહ અને ધર્માંતરણ માટે દબાણ કરતો હતો.

યુવતીની માતાએ એવો પણ દાવો કર્યો છે કે છેલ્લા ઘણા દિવસથી સુફિયાન નામનો યુવક તેની પુત્રીને પરેશાન કરતો હતો. યુવતી છત પરથી નીચે પડતા જ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. યુવતીનું મોત થતા પરિવારજનોએ ભારે હંગામો મચાવ્યો હતો અને યુવક સામે કાર્યવાહીની માગણી કરી હતી.

# ઋષિકેશમાં બનશે દેશનો પહેલો ગ્લાસ બ્રીજ, બજરંગ સેતુ નામ રખાશે

**મુંબઈ**

ઋષિકેશનું નામ દેશના ખાસ તીર્થસ્થળોમાં જ નહીં પરંતુ સૌથી સુંદર સ્થળોમાં પણ સામેલ છે. હવે ઋષિકેશની સુંદરતા બમણી થવા જઈ રહી છે. આ યોગનગરીમાં કાચનો પુલ બનવા જઈ રહ્યો છે. ગંગાના બે કિનારાને જોડતો આ પુલ કાચનો બનશે. દેશનો આ પહેલો કાચનો પુલ હશે જેનો ઉપયોગ અવરજવર માટે કરવામાં આવશે. બ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે. ઋષિકેશનો કાચનો પુલ બનાવનાર પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર નવો પુલ જુલાઈ 2023 સુધીમાં તૈયાર થઈ જશે. ત્યારબાદ મુસાફરો પુલ પરથી મુસાફરી કરી શકશે. કાચના પુલનું નામ બજરંગ સેતુ હશે.

# પંજાબ પોલીસે 800 કરોડનું હેરોઈન, 11 ક્વિન્ટલ ખસખસનો નાશ કર્યો

**નવી દિલ્હી**

પંજાબ પોલીસે અમૃતસરમાં ભઠ્ઠીમાં 151 કિલો હેરોઈન અને 11 ક્વિન્ટલ ખસખસનો નાશ કર્યો છે. હેરોઈનની કિંમત 800 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. કાઉન્ટર ઈન્ટેલિજન્સ આઈજીપી રાકેશ અગ્રવાલની આગેવાની હેઠળની હાઈ લેવલ ડ્રગ ડિસ્પોઝલ કમિટીએ આ માદક પદાર્થોનો નાશ કર્યો છે. આ પ્રસંગે ઉચ્ચ સ્તરીય ડ્રગ નિકાલ સમિતિના સભ્યો, AIG (SSOC) અમૃતસર સુખમિંદર સિંહ માન, AIG SSOC ફાઝિલ્કા લખબીર સિંહ, AIG CI અમૃતસર અમરજીત સિંહ બાજવા અને DSP SSOC હરવિંદર પાલ સિંહ હાજર હતા.

SSOC, અમૃતસર અને ફાઝિલ્કામાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, 1985 હેઠળ નોંધાયેલા કેસોના સંબંધમાં નાર્કોટિક્સનો ગઈકાલે ખન્ના પેપર મિલ, અમૃતસરમાં નાશ કરવામાં આવ્યો હતો. તેમણે માહિતી આપી હતી કે રેન્જ લેવલ ડ્રગ ડિસ્પોઝલ કમિટીએ સરકારી અફીણ અને આલ્કલોઇડ વર્ક્સ, નીમચ (એમપી) ખાતે જમા કરાવવાના 40.5 કિલો અફીણના સંદર્ભમાં નિકાલ પ્રમાણપત્ર જારી કર્યું છે.

# અજાણ્યા કોલ્સની ઓળખ માટે ટ્રાઈ ટ્રુકોલર જેવી સુવિધા હવે શરૂ કરશે

**પટના**

અજાણ્યા કોલથી ટૂંક સમયમાં રાહત મળશે. ટેલીકોમ રેગ્યુલેટર ટ્રાઈ ટૂંક સમયમાં કેવાયએસી આધારિત વ્યવસ્થા લાગુ કરી શકે છે. આ વ્યવસ્થા અમલમાં આવ્યા પછી તમારા મોબાઈલમાં જો કોઈ નંબર સેવ કરેલ નહીં હોય અને તે નંબરથી કોલ આવશે તો નંબરની સાથે કોલ કરનાર વ્યક્તિનું નામ આપના મોબાઈલ સ્ક્રીન પર આવી જશે. આ ઘટનાક્રમથી જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર હાલમાં કેટલાક યુઝર્સ ટ્રુકોલર એપથી અજ્ઞાત કોલરની ઓળખ કરે છે. જો કે ટ્રુકોલર જેવી એપ્સની મર્યાદા છે કે તેમાં ડેટા વેચાઈ જવાનો ભય રહે છે. તેથી ૧૦૦ ટકા પ્રામાણિકતાની આશા રાખી શકાય નહીં.

# એમેઝોન સામે ભારતમાં ધર્માંતરણ માટે ફંડિંગ કરવાનો સંઘના મેગેઝિનનો આરોપ

## ધર્માંતરણ માટે ખ્રિસ્તી સંગઠનને એમેઝોન નાણા આપતી હોવાનો આક્ષેપ

નવી દિલ્હી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા મેગેઝિન ધ ઓર્ગેનાઇઝરે પોતાના નવા અંકમાં એક કવર સ્ટોરી પ્રકાશિત કરી છે જેમાં દિગ્ગજ ઇ-કોમર્સ કંપની એમેઝોન પર પૂર્વોત્તર ભારતમાં ધર્માંતરણ માટે ફંડિંગ કરવાનો આરોપ લગાવ્યો છે.

એમેઝિંગ ક્રોસ કનેક્શન શીર્ષક સાથેની આ કવર સ્ટોરીમાં આરોપ લગાવ્યો હતો કે કંપનીના બેપ્ટિસ્ટ ચર્ચ નામના એક સંગઠન સાથે નાણાકીય સંબંધ છે જેની પર ધર્માંતરણ મોડ્યૂલ ચલાવવાનો ગંભીર આરોપ છે. એમેઝોને આ ચર્ચને ઘણા પ્રસંગો પર ફંડ આપ્યું છે. મેગેઝિને કહ્યું હતું કે એમેઝોન ખ્રિસ્તી ધર્માંતરણ મોડ્યૂલ માટે અમેરિકન બેપ્ટિસ્ટ ચર્ચને નાણાકીય મદદ કરે છે.

આ ચર્ચ એમેઝોન ઉપરાંત ઘણી અન્ય બહુરાષ્ટ્રીય કંપનીઓ પાસેથી પણ મની લોન્ડરિંગ મારફત ફંડિંગ કપાવે છે. મેગેઝિને સાથે જ કહ્યું હતું કે ચર્ચ ભારતમાં અખિલ ભારતીય મિશન (એઆઇએમ)નામે એક મોરચો ચલાવતું હતું. જે તેમનું ફ્રન્ટલ સંગઠન છે જેણે પોતાની વેબસાઇટ પર ખુલ્લેઆમ દાવો કર્યો હતો કે તેમણે પૂર્વોત્તર ભારતમાં 25 હજાર લોકોને ધર્માંતરિત કરીને ખ્રિસ્તી બનાવ્યા છે.

અહેવાલો અનુસાર એમેઝોને આ ગંભીર આરોપોને નકારી દીધા છે. કંપનીના પ્રવક્તાએ કહ્યું હતું કે એમેઝોન ઇન્ડિયાના અખિલ ભારતીય મિશન અથવા તેના સહયોગીઓ સાથે કોઇ સંબંધ નથી અને ન તો એમેઝોન સ્માઇલ પ્રોગ્રામ એમેઝોન ઇન્ડિયા માર્કેટપ્લેસ પર સંચાલિત થાય છે.

# ઝારખંડમાં પતિએ વાગદત્તાને ચાકુના 25 ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધી

ઝારખંડ



ઝારખંડના બસિયાના સરૂડા ગામમાં એક યુવકે પોતાની જ મંગેતરની ચાકુ મારીને હત્યા કરી નાખી. આ ઘટના સોમવારે સાંજે 4 વાગ્યાની આસપાસ ઘટી હતી. મૃતક જેનેવિભા તિર્કી સિમડેગા જિલ્લાના કુરડેગની રહેવાસી છે. હત્યાની આ સનસનાટીભરી ઘટના બાદ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. અરવિંદે જેનેવિભાની હત્યા શા માટે કરી તે હજુ સ્પષ્ટ થયુ નથી.

જેનેવિભા હોસ્પિટલ સિમડેગામાં GNM તરીકે કાર્યરત હતા. તે છેલ્લા દોઢ મહિનાથી સરૂડા ખાતે રહેતા તેના એક સંબંધી તીજન એક્કાના ઘરમાં રહેતી હતી. રાયડીહના સિકોઈમાં રહેતા અરવિંદ કુજૂર સાથે જેનેવિભાની સગાઈ લગભગ 5 મહિના પહેલા થઈ હતી. અરવિંદ પણ જેનિવિભાને મળવા માટે અવારનવાર સરૂડા આવતો હતો. સોમવારે સાંજે 4 વાગ્યે અરવિંદ સરૂડા આવ્યો અને તીજન એક્કાના ઘરમાં ઘૂસતાની સાથે જ તેણે જેનેવિભાની છાતીમાં ચાકુના 20- 25 ઘા મારી નાસી છૂટ્યો હતો.

# નકલી ચલણ જેવી સમસ્યાના સામના માટે નોટબંધી હતી : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી


કેન્દ્ર સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટમાં નોટબંધી પર એક એફિડેવિટ દાખલ કરી છે. કહેવાય છે કે ૫૦૦ અને ૧૦૦૦ની નોટોની સંખ્યામાં ઘણો વધારો થયો છે. તેથી, ફેબ્રુઆરીથી નવેમ્બર સુધી, આરબીઆઈ સાથે ચર્ચા કર્યા પછી જ, ૮ નવેમ્બરે, આ નોટોને ડિમોનેટાઇઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ મામલાની આગામી સુનાવણી ૨૪ નવેમ્બરે થશે. સરકારે નોટબંધીના નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે નોટબંધીનો નિર્ણય રિઝર્વ બેંકના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની વિશેષ ભલામણ પર લેવામાં આવ્યો હતો. નોટબંધી એ આયોજનનો એક ભાગ હતો અને નકલી ચલણ, ટેરર ફંડિંગ, કાળું નાણું અને કરચોરી જેવી સમસ્યાઓનો સામનો કરવાની અસરકારક રહી હતી.

# ઈ-બાઈક વેચવાના બહાને 1 હજાર લોકો સાથે ઠગાઈઃ 20ની ધરપકડ

## પોલીસે એક શકમંદને બેંગલુરુમાંથી શોધી કાઢ્યો હતો અને તેની પૂછપરછ કરતાં સમગ્ર ગેંગનો પર્દાફાશ થયો

નવી દિલ્હી

ઈલેક્ટ્રીક સ્કૂટર વેચવાના નામ પર છેતરપિંડીનો એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે. 3 રાજ્યોમાં 1 હજારથી વધુ લોકો સાથે છેતરપિંડી મામલે પોલાસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે આ મામલે 20 લોકોની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપીઓમાંથી 11 બિહારના, 4 તેલંગાણાના, 3 ઝારખંડના અને 2 કર્ણાટકના છે. પીડિતોને શરૂઆતમાં રજીસ્ટ્રેશન માટે 499 રૂપિયાની ઓનલાઈન પેમેન્ટ કરવાનું



કહેવામાં આવ્યું હતું અને બાદમાં ટ્રાન્સપોર્ટેશન અને વાહન ઈન્સ્યોરન્સ માટે પૈસા ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવ્યું હતું. બાદ ઠગ પીડિતોને કહેતા હતા કે, વાહનોની ડિલિવરીમાં વિલંબ થશે આવું કહી લોકોને મૂર્ખ બનાવતા હતા.

# ભારત-ચીન સરહદે 2000 કિલોમીટર લાંબો ફ્રંટિયર હાઈવે બનાવવામાં આવશે

નવી દિલ્હી

અરુણાચલ પ્રદેશ પાસેના એલએસી પર ચીન દ્વારા કાવતરા ઘડવામાં આવી રહ્યા છે. જેનો જવાબ આપવા માટે ભારતે ૨૦૦૦ કિલોમીટર લાંબી મેકમોહન લાઇન પર પહેલી વખત ફ્રંટિયર હાઇવે બનાવવાનું નક્કી કર્યું છે. જેનું કામ ટૂંક જ સમયમાં શરૂ કરી દેવામાં આવશે. આ હાઇવે પાછળ આશરે ૪૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ હાઇવે ચીન સાથેની ભારતની પુરી સરહદે તૈયાર કરવામાં આવશે. દેશની સુરક્ષા સાથે જોડાયેલા અહેવાલોએ મીડિયાને જણાવ્યું હતું કે ફ્રંટિયર હાઇવે ભૂતાન સાથે અરુણાચલ પ્રદેશના મગોથી શરૂ થઈને તવાંગ, અપર સુબાનસરી, સિયાંગ, દેબાંગ વેલી અને કિબિથૂથી પસાર થઈને મ્યાંમાર સરહદેથી પસાર થાય છે.

।। સ્વામી શ્રીજી ।।

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# જીવનમાં સુખ-શાંતિ માટે સંત માર્ગ જ શ્રેષ્ઠ વિકલ્પ

રામાયણના કિષ્કિન્ધાકાંડની આ કથા છે. સીતાજી રાવણ રાજ્ય શ્રીલંકામાં છે, તે વાત અંગદની ટુકડીને નિશ્ચિત થઈ ગઈ હતી. સીતાજીને મળીને ભગવાન શ્રીરામનો સંદેશો આપવાનો હતો. ૧૦૦ યોજન લાંબા વિશાળ સમુદ્રને ઉલ્લંઘીને કોણ સંદેશો પહોંચાડે ? તે નિર્ણય લેવાનો હતો. ટુકડીના સૌ વાનરો પોતપોતાનું બળ સામર્થ્ય જણાવવા લાગ્યા. ગજે કહ્યું, હું દશ યોજન કુદી શકું છું. તો ગવાક્ષે તો વીસ યોજનનું કહ્યું. ગવય, ઋષભ, મૈન્દ, દ્વિવિદ, સુષેણ વગેરેએ પોતપોતાનું બળ જણાવ્યું, પણ એંસીથી આગળ કોઈ વધ્યું નહીં. સો યોજનના દરિયાને પાર કરવાની શક્તિ અંગદમાં હતી. પરંતુ રાક્ષસપુત્ર અક્ષય સામે લડવામાં તેમને શાપ વિઘ્નરૂપ હતો, તેથી પાછા ફરાશે કે નહીં તે શંકા હતી. વૃદ્ધાવસ્થાને લીધે જાંબુવાન પણ લાચાર હતા. તે સમયે જાંબુવાને હનુમાનજીને કહ્યું, "હનુમાનજી! તમે તો અતુલિત બળના ધારક છો, છતાં કેમ ચૂપચાપ બેઠા છો? તમારું બળ કેમ નથી જણાવતા?"

હનુમાનજીના મૌનનું રહસ્ય સમજાવતા કથાકારો કહે છે કે, "હનુમાનજી એમ દ્રઢપણે માનતા હતા કે, મારી પાસે મારું કોઈ બળ નથી. તો હું શું બોલું ?" ભગવાનના ભક્તો, સંતોની આજ વિશેષતા છે તેઓ પોતાનું કાંઈ છે તેમ માનતા જ નથી. જે કંઈ બળ-શક્તિ છે તે ભગવાનની જ છે તેમ દ્રઢપણે તેઓ સમજે છે અને તે પ્રમાણે જ વર્તે છે.

આ અનુભવ ઈ.સ. ૧૯૮૮ના ૧૩ જૂનના દિવસે કેનેડા દેશની સંસદને પણ થયો. આ દિવસે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કેનેડાની સંસદે સન્માન કરવા ચાલુસત્રે આમંત્રેલા. તેઓ પધારતા જ સંસદના અધ્યક્ષ શ્રીજોહોન ફેઈઝરે જાહેરાત કરી **"I wish to draw attention of member of the presence in the gallery of Pramukh Swami Maharaj head of Swaminarayan mission**, હું સ્વામિનારાયણ સંસ્થાના વડા પ્રમુખસ્વામીની ઉપસ્થિતિ તરફ સૌ સંસદ સભ્યોનું ધ્યાન દોરવા માંગું છું" આ ઉદ્ઘોષણા સાથે જ સંસદ ભવન તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું. સૌની નજર આમંત્રિત મહાનુભાવોની ગેલેરી તરફ મંડાઈ. સૌ આતુર હતા, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દર્શન માટે. કારણ કે, કેનેડા સંસદ ભવનમાં પ્રથમ વાર જ કોઈ હિન્દુ ધર્મગુરુ આવું સન્માન પામી રહેલા.



જ્યારે સર્વે પ્રમુખસ્વામી મહારાજના દર્શન માટે ઉત્સુક હતા ત્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ઉભા નહોતા થયા. તેઓ જે સંત પાસે હરિકૃષ્ણ મહારાજ એટલે કે, ભગવાન સ્વામિનારાયણની ચલમૂર્તિ હતી તેમને ભગવાન સાથે ઉભા થવા સમજાવી રહેલા. કારણ કે, તેઓ દ્રઢપણે માનતા હતા કે આ સન્માન ભગવાન સ્વામિનારાયણનું, હરિકૃષ્ણ મહારાજનું જ છે. મારાથી જે કંઈ કર્મ થાય છે તે ભગવાનના બળે જ થાય છે, તે વિના હું કાંઈ જ કરવા સમર્થ નથી.

સંતો ભક્તોના જીવનમાં કાયમ સ્થિરતા, આનંદ રહે છે. તેનું રહસ્ય એ છે કે તેઓ ભગવાનને જ સર્વકર્તાહર્તા સમજે છે. આ પ્રમાણે જે નથી વર્તી શકતા તેને પ્રશ્નો મૂંઝવે છે. હતાશા, નિરાશા ચોંટી પડે છે, નિષ્ફળતા અનુભવાય છે. દુઃખ, ગ્લાનીના દરિયામાં ડૂબી જવાય છે.

મહાભારતના યુદ્ધના પ્રારંભમાં શોકસાગરમાં ડૂબેલા અર્જુનને બહાર લાવવા ભગવાન શ્રીકૃષ્ણે આજ વાત દ્રઢાવી હતી **"નિમિત્તમાત્રં ભવ સવ્યસાચીન્** હે અર્જુન! તું નિમિત માત્ર બની રહે. એટલે કે કરનાર કોઈ બીજો છે, તું તો કેવળ નિમિત્ત જ છે."

"કોની પ્રેરણાથી મન, પ્રાણ, આંખ, કાન, વગેરે કાર્યરત થાય છે?" કેન ઉપનિષદનો આ મુખ્ય પ્રશ્ન છે. આ પ્રશ્નના ઉત્તર રૂપે એક આખ્યાન આ ઉપનિષદ્માં જણાવવામાં આવ્યું છે.

એક વખત દેવો અને દાનવો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. ભગવાનના પ્રતાપે દેવો જીત્યા. અસુરો હાર્યા. જીતના આનંદમાં દેવો પોતાની શક્તિની પોતે જ પ્રશંસા કરવા લાગ્યા. તે સમયે યક્ષરૂપે ભગવાન પોતે જ ત્યાં પ્રગટ થયા. આ નવા આગંતુક કોણ છે? તે જાણવા પ્રથમ અગ્નિદેવ યક્ષ પાસે ગયા. પોતાનો પરિચય આપતા તેમણે કહ્યું કે "આ પૃથ્વી પર જે કાંઈ છે, એ બધું હું ચપટીમાં બાળી નાખવા સમર્થ છું." યક્ષે એક તણખલું તેમની સામે મૂક્યું. અને તે તલખલાંને બાળવાનું કહ્યું. ઘણા પ્રયત્નો કરવા છતાં અગ્નિદેવ નિષ્ફળ રહ્યા. ત્યાર બાદ એક પછી એક ગયેલા બધા જ દેવો પોતાની શક્તિનો પ્રયોગ કરવા છતાં નિષ્ફળ બની રહ્યા. અંતે દેવોના દેવ ઈન્દ્ર પોતે જ ગયા. તે સમયે યક્ષ અદ્રશ્ય થઈ ગયા. તેમના સ્થાને ઈન્દ્રને ઉમાદેવીના દર્શન થયા. ઉમાદેવીએ રહસ્ય પ્રગટ કરતા કહ્યું, "જે કંઈ તમે કરી શક્યા તે કેવળ પરબ્રહ્મ ભગવાનની કૃપાથી જ થઈ શક્યું છે. તેની પ્રતીતિ કરાવવા જ ભગવાન યક્ષરૂપે આવ્યા હતા. "

જે કંઈ આપણને કરી શકીએ છીએ એ ભગવાનની કૃપાથી જ થાય છે. તેથી ભક્તકવિ નરસિંહ મહેતા કહે છે, "હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે. ગાડાં નીચે ચાલતો કુતરો માને કે 'હું ગાડું ચલાવું છું' તેના જેવી મૂર્ખતા 'હું કરું છું' તેમ માનનારા માનવી કરે છે.

આપણાથી થતા કાર્યની પ્રેરણા કે સફળતામાં ઊંડા ઊતરીએ, તટસ્થતાથી તપાસ કરીએ તો તરત જ જણાય કે 'કરનાર કોઈ બીજો છે. જે સાક્ષાત ભગવાન છે'. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતો-ભક્તોનો આ અનુભવ છે.

આ સંત માર્ગ છે, આ પ્રમુખ માર્ગ છે. તેના પર પગલા માંડીએ તો સુખ-શાંતિ અને સ્થિરતા લેશમાત્ર દૂર નથી રહેતા.

- સાધુ નારાયણમુનિદાસ

# બ્રિટનમાં 2 વર્ષ સુધી કામ કરવા 3000 ભારતીય યુવાનોને વિઝા આપવા નિર્ણય

## યુકે-ઈન્ડિયા યંગ પ્રોફેશનલ્સ સ્કીમ જેવી યોજનાનો લાભ લેનાર ભારત પહેલો દેશ

**લંડન/બાલી**

બ્રિટનના ભારતીય મૂળના વડાપ્રધાન રિશિ સુનકે બુધવારે યુનાઈટેડ કિંગ્ડમ (યુકે)માં બે વર્ષ સુધી કામ કરવા માટે દર વર્ષે ૩,૦૦૦ ભારતીય યુવાનોને વિઝા આપવાની યોજનાને લીલીઝંડી આપી દીધી છે. બ્રિટિશ સરકારે જણાવ્યું કે, બ્રિટન સાથે આ પ્રકારની યોજનાનો લાભ મેળવનાર ભારત પહેલો દેશ છે. સુનકે બાલીમાં કહ્યું હતું કે, તેઓ ભારત સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) કરવા માટે ઝડપના ભોગે ગુણવત્તા સાથે સમાધાન કરવા માગતા નથી. તેઓ



આ દિશામાં આગળ વધવામાં થોડોક સમય લેશે. યુકેના પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું હતું કે, આજે યુકે-ઈન્ડિયા યંગ પ્રોફેશનલ્સ સ્કીમની પુષ્ટી કરાઈ છે, જેમાં ૧૮થી ૩૦ વર્ષની વયના ડિગ્રી ધરાવતા શિક્ષિત ભારતીય યુવાનોને બ્રિટનમાં બે વર્ષ સુધી રહેવા અને કામ કરવા માટે ૩,૦૦૦ વિસા આપવાની જાહેરાત કરાઈ છે.

બાલીમાં જી-૨૦ સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય મૂળના બ્રિટિશ વડાપ્રધાન રિશિ સુનક વચ્ચે બેઠકના થોડાક જ કલાકમાં લંડન ખાતે ડાઉનિંગ સ્ટ્રીટથી વિઝાની નવી યોજનાની જાહેરાત કરાઈ હતી. ગયા મહિને રિશિ સુનકે વડાપ્રધાનપદ સંભાળ્યા પછી પીએમ મોદી અને સુનક વચ્ચે આ પહેલી બેઠક હતી.

# ઉ.કોરિયાએ બેલેસ્ટિક મિસાઈલ છોડી અમેરિકાને ચેતવણી આપી

**સિઓલ**

દક્ષિણ કોરિયાના સૈન્યના જણાવ્યા પ્રમાણે ઉત્તર કોરિયાએ ગુરુવારે તેના પૂર્વી સમુદ્રતટ તરફ બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી. સૈન્યએ જણાવ્યું હતું કે, ઉત્તર કોરિયાએ આ ક્ષેત્રમાં તેના સહયોગી દેશો, દક્ષિણ કોરિયા અને જાપાનની સુરક્ષા માટે યુએસની મક્કમ પ્રતિબદ્ધતાના જવાબમાં સખત સૈન્ય કાર્યવાહી શરૂ કરવાની ધમકી આપ્યાના કલાકો બાદ આ પગલું ભર્યું છે. દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફે એક સંક્ષિપ્ત નિવેદનમાં કહ્યું કે, તેમને ઉત્તર કોરિયાના અન્ય એક મિસાઈલ પરીક્ષણની માહિતી મળી છે. આ અગાઉ ઉત્તર કોરિયાના વિદેશ પ્રધાન ચો સોન-હ્યોએ ગુરુવારે ચેતવણી આપી હતી કે, પ્યોંગયાંગના મિસાઈલ પ્રક્ષેપણ પર યુએસ, દક્ષિણ કોરિયા અને જાપાનની તાજેતરની સમિટ કોરિયન દ્વીપકલ્પ પર તણાવને વધુ અણધારી બનાવશે. ચોનું નિવેદન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનના તેના તેમના દક્ષિણ કોર્યા અને જાપાની સમકક્ષો સાથે તાજેતરમાં જ કરવામાં આવેલ ત્રિપક્ષીય સમ્મેલન પર ઉત્તર કોર્યાની પ્રથમ સત્તાવાર પ્રતિક્રિયા હતી. સમિટ બાદ ત્રણેય નેતાઓએ સંયુક્ત નિવેદન બહાર પાડીને ઉત્તર કોરિયાના તાજેતરના મિસાઈલ પરીક્ષણોની સખત નિંદા કરી અને પ્રતિરક્ષા મજબૂત કરવા સાથે મળીને કામ કરવા સહમતિ વ્યક્ત કરી હતી.

# સરહદ ઉપર સૈનિકો વચ્ચે વધતો તણાવ: પાક-અફઘાન સરહદ બંધ

## ગોળીબાર બાદ પાકિસ્તાને સુરક્ષાના કડક પગલાં લીધા

**કાબુલ**

પાકિસ્તાન-અફઘાનિસ્તાન બોર્ડર સતત બીજા દિવસે પણ બંધ રહી હતી. બંને દેશો વચ્ચે ઉશ્કેરણી વગરના ફાયરિંગ બાદ તણાવ વધી ગયો છે. ચમન સરહદ, જેને ફ્રેન્ડશીપ ગેટ તરીકે પણ ઓળખવામાં આવે છે, જે પાકિસ્તાનના બલૂચિસ્તાનને અફઘાનિસ્તાનના કંધાર સાથે જોડે છે, એક સશસ્ત્ર અફઘાન દ્વારા કથિત રીતે પાકિસ્તાનમાં ઘૂસીને અને સુરક્ષા સૈનિકો પર હુમલો કર્યા બાદ ગોળીબાર બંધ થઈ ગયો હતો.

આ હુમલા બાદ પાકિસ્તાની અને અફઘાન સરહદી સૈનિકો વચ્ચે કલાકો સુધી ગોળીબાર થયો હતો, જેણે બંને પડોશીઓ વચ્ચેની મુખ્ય વેપાર સરહદ બંધ કરી દીધી હતી.

આ દરમિયાન, અફઘાનિસ્તાન તરફથી ગોળીબાર બાદ પાકિસ્તાને સુરક્ષાના કડક પગલાં લીધા છે. સરહદ સતત બીજા દિવસે બંધ રહી અને તમામ રાહદારીઓની અવરજવર અને વ્યવસાયિક ગતિવિધિઓ સ્થગિત કરી દેવામાં આવી છે.

# બ્રિટનમાં ઓક્ટોબરમાં ફુગાવો વધીને 11.1 ટકા થયો : 41 વર્ષનો સૌથી વધુ

## સતત વધી રહેલી મોંઘવારી વચ્ચે લોકોને રાહત આપવા સરકાર પર વધી રહેલું દબાણ

**લંડન**

બ્રિટનમાં ફુગાવાનો દર ઓક્ટોબરમાં ૧૧.૧ ટકા નોંધવામાં આવ્યો છે. જે છેલ્લી ૪૧ વર્ષનો સૌથી વધુ છે. ફુગાવો સતત વધતા લોકોને રાહત આપવા માટે સરકાર પર દબાણ વધી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે બ્રિટનની સરકાર ગુરૂવારે નવા ખર્ચ અને નવા ટેક્સની યોજના જાહેર કરનારી છે.

ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સ (ઓએનએસ)એ બુધવારે જણાવ્યું હતું કે ઓક્ટોબરમાં ફુગાવો વાર્ષિક ધોરણે ૧૧.૧ ટકાના દરે વધ્યો છે. સપ્ટેમ્બરમાં ફુગાવો ૧૦.૧ ટકા હતો.

અર્થશાસ્ત્રીઓએ આશા વ્યક્ત કરી હતી કે ઓક્ટોબરમાં ફુગાવાનો આંકડો ૧૦.૭ ટકા રહેશે. જો કે વાસ્તવિક આંકડા તેમના અંદાજ કરતા વધારે રહ્યાં છે. ઓએનએસના જણાવ્યા અનુસાર ખાદ્ય અને ઉર્જાના ઉચા ભાવને કારણે ઓક્ટોબરમાં ફુગાવો વધ્યો છે. આ દરમિયાન બ્રિટનના નાણા પ્રધાન જેરેમી હંટે આ આંકડા અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે ફુગાવા પર અંકુશ મેળવવા માટે સરકાર કડક પગલાં અને જરૂરી પગલાં ઉઠાવશે.

તેમના આ નિવેદનને બજેટમાં ખર્ચ ઘટાડવા અને ટેક્સમાં વધારો કરવાના સંકેત તરીકે જોવામાં આવી રહ્યો છે. જેરેમી હંટે ગુરૂવારે નવું બજેટ જાહેર કરવાના છે. આ અગાઉ તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફુગાવા પર અંકુશ મેળવવામાં બેંક ઓફ ઈંગ્લેન્ડની મદદ કરવી આપણી ફરજ છે. તેથી અમે દેશની નાણાકીય બાબતોમાં ખૂબ જ જવાબદારીથી કામ કરીશું.

# કેનેડામાં 33.1 મિલિયન વસ્તીમાં 90%થી વધુ સ્થાનિકો છતાં નેચરલાઈઝેશન રેટ ઘટ્યો

**ટોરોન્ટો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ તાજેતરમાં કેનેડામાં નવા અને ભાવિ નાગરિકોની આસપાસના મુખ્ય તારણો સાથે 2021ની વસ્તી ગણતરીના ડેટામાંથી તેમની નાગરિકતા વિશે પોસ્ટ લખી છે. નાગરિકતા અંગેના મુખ્ય અહેવાલમાં "2021ની વસ્તી ગણતરીમાં કેનેડાના નાગરિકત્વનું ચિત્ર" જાહેર કર્યું છે.

જેમાં સ્પષ્ટ કરાયુ છે કે, કેનેડામાં 33.1 મિલિયનની વસ્તીમાંથી, જન્મથી અથવા નેચરલાઈઝેશન દ્વારા બહુમતી (91.2%) ત્યાંના નાગરિકો હતા. નેચરલાઈઝેશન દ્વારા નાગરિકતા (ઈમિગ્રન્ટ્સ માટેનો માર્ગ) ત્યારે મળે છે જ્યારે કેનેડાના ભૂતપૂર્વ બિન-કેનેડિયન નિવાસી, પાત્ર બને છે અને કાનૂની રીતે નાગરિકત્વ મેળવે છે.

બાકીની 8.8% વસ્તી બિનકેનેડિયન છે એટલે કે ક્યાં તો કાયમી રહેવાસીઓ અથવા અસ્થાયી નિવાસીઓની હતી. મૂળ કેનેડિયન વસ્તી કે જેઓ જન્મથી નાગરિક છે તેનું 1991થી પ્રમાણ ઘટ્યું છે, જ્યારે નેચરલાઈઝેશન દ્વારા કેનેડિયન નાગરિકોનું પ્રમાણ અને કેનેડામાં નાગરિક ન હોય તેવા લોકોની સંખ્યામાં વધારો થયો છે. 2021માં પાંચમાંથી ચાર (80%) યોગ્ય ઈમિગ્રન્ટ્સે કેનેડિયન નાગરિકત્વ મેળવ્યું હતું. જો કે, નેચરલાઈઝેશન રેટ 2011માં 87.8% થી ઘટી ગયાં છે. નેચરલાઈઝેશન રેટમાં આ ઘટાડો સરકાર માટે ચિંતાનો મુખ્ય વિષય છે. 2015 અને 2017ની વચ્ચે નેચરલાઈઝેશન માટે ભૌતિક હાજરીની આવશ્યકતાઓ બદલાઈ છે.

# અમેઝોનના સ્થાપક જેફ બેઝોસ 10 લાખ કરોડ રૂપિયાનું દાન કરશે

**ન્યૂયોર્ક**

અમેઝોનના સ્થાપક જેફ બેઝોસે તેમના જીવન દરમિયાનની મોટાભાગની કમાણી ૧૨૪ અબજ ડોલર દાનમાં આપી દેવાની યોજના બનાવી છે. ઉદ્યોગપતિએ કહ્યું કે, તેઓ તેમની સંપત્તિ ક્લાઈમેટ ચેન્જ સામેની લડત માટે અને દુનિયામાં લોકો વચ્ચેની અસમાનતા ઘટાડવા માટે દાનમાં આપી દેશે. જેફ બેઝોસે સખાવતી કાર્યો માટે દેશના મ્યુઝિક સ્ટાર અને દાનેશ્વરી ડોલી પાર્ટોનને ૧૦૦ મિલિયન ડોલરનું દાન કર્યા પછી તેમની આ યોજનાની જાહેરાત કરી હતી. અગાઉ સખાવતી કાર્યો માટે પોતાની સંપત્તિ દાન કરવાની જાહેરાત નહીં કરવા માટે બેઝોસની ટીકા થઈ હતી. અમેરિકામાં અગ્રણી ધનકૂબેરો માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ, વોરેન બફેટ અને બેઝોસની ભૂતપૂર્વ પત્ની મેકેન્ઝી સ્કોટે તેમની મોટાભાગની સંપત્તિ દાનમાં આપી દેવાનું વચન આપ્યું છે. એક અગ્રણી અંગ્રેજી ચેનલના કાર્યક્રમમાં બેઝોસને પૂછવામાં આવ્યું હતું કે તેઓ તેમના જીવનની મોટાભાગની સંપત્તિ દાનમાં આપવાનો આશય ધરાવો છો કે કેમ? આ સવાલનો બેઝોસે સકારાત્મક જવાબ આપ્યો હતો.

# એર ઈન્ડિયાને ૧૨.૧૫ કરોડ ડોલરનું રિફંડ ચુકવવા માટે અમેરિકાને આદેશ

**વોશિંગ્ટન**

અમેરિકાએ ટાટા ગુરપના માલિકીની એર ઈન્ડિયાને યાત્રીઓને રિફન્ડ પેટે ૧૨.૧૫ કરોડ ડોલરની ચુકવણી કરવા જણાવ્યું છે. બીજી તરફ યાત્રીઓને રિફંડ કરવામાં વધારે વિલંબ થવા બદલ દંડ પેટે ૧૪ લાખ ડોલર ચુકવવાનો આદેશ આપ્યો છે. અમેરિકાના ટ્રાન્સપોર્ટેશન ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર એર ઈન્ડિયાનો એવી ૭ એરલાઈન્સમાં સમાવેશ થાય છે જે કુલ ૬૦ કરોડ ડોલરનું રિફંડ ચુકવવા સંમત થઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે અમેરિકાની રિફન્ડ ઓન રિકવેસ્ટ પોલિસી તેમના ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટ પોલિસીથી વિરુદ્ધ છે.

**ચંદ્ર પર કાયમી માનવ વસાહત બનાવવા અમેરિકાની યોજના**

# નાસાની ફરીવાર ચંદ્ર યાત્રા : સૌથી ભારે શક્તિશાળી અર્ટેમીસ-1 રોકેટનું લોન્ચિંગ

**કેપ કેનાવેરલ**

અમેરિકાની અંતરીક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિસક્સ એન્ડ સ્પેસ એડિમિનિસ્ટ્રેશને (નાસા) બરાબર ૫૦ વર્ષ બાદ ફરીથી અંતરીક્ષ સંશોધન ક્ષેત્રે નવો ઈતિહાસ લખવા પોતાનું અર્ટેમીસ-૧ રોકેટ આજે ૨૦૨૨ની ૧૬, નવેમ્બરે બરાબર ૧૨:૧૭ કલાકે (અમેરિકન સમય) ચંદ્ર ભણી રવાના કર્યું હતું. અર્ટેમીસ-૧ અમેરિકાના કેન્નેડી સ્પેસ સેન્ટર(ફ્લોરીડા)ના ૩૯-બી લોન્ચ પેડ પરથી રવાના થયું હતું. જોકે અર્ટેમીસ-૧ને અમુક ટેકનિકલ ખામી સહિત ખરાબ હવામાન અને હરીકેન ઝંઝાવાત જેવા અવરોધ નડયા હોવાથી તેના મૂળ કાર્યક્રમ મુજબ વિલંબ થયો હતો.

અર્ટેમીસ -૧ રોકેટ નાસાનું અત્યારસુધીનું સૌથી ભારેભરખમ અને સૌથી શક્તિશાળી રોકેટ છે. આધુનિક સ્પેસ લોન્ચ સિસ્ટમ(એસ.એલ.એસ.) થી બનેલું અર્ટેમીસ-૧ રોકેટ ૯૮ મીટર(૨૯૪ ફૂટ) ઉચું છે.

# વર્ષ 2024માં ત્રીજી વખત પ્રમુખપદની ચૂંટણીમાં ઝુકાવીશ : ટ્રમ્પની જાહેરાત

**વોશિંગ્ટન**

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વર્ષ ૨૦૨૪ની પ્રમુખપદની ચૂંટણીમાં ફરી એક વખત ઝુકાવવાની જાહેરાત કરી દીધી છે. ટ્રમ્પે બુધવારે પુષ્ટી કરી હતી કે તેઓ ૨૦૨૪માં પ્રમુખપદની ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષના દાવેદાર હશે. ૨૦૨૧માં અમેરિકન સંસદ પર હુમલા માટે ટ્રમ્પ જ જવાબદાર છે. ટ્રમ્પે કહ્યું કે, કે, હું ફરી એક વખત મહાન બનાવવાની દિશામાં લઈ જવા ૨૦૨૪ની ચૂંટણીમાં દાવેદારી નોંધાવવાની જાહેરાત કરું છું. હું અહીં ચૂંટણી લડવા આવી રહ્યો છું, કારણ કે મને વિશ્વાસ છે કે દુનિયાએ આ મહાન દેશની મહાનતા હજી સુધી જોઈ નથી.

# IPL: ચેન્નાઈએ બ્રાવોને અને હૈદરાબાદે વિલિયમસન-પૂરણને રિલીઝ કર્યા

## પોલાર્ડે IPLમાંથી નિવૃત્તિ લીધી : મુંબઈના બેટિંગ કોચની જવાબદારી સંભાળશે : ૨૩મી ડિસેમ્બરે કોચીમાં મિની હરાજી

**નવી દિલ્હી**

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૨૩મી ડિસેમ્બરે કોચીમાં થનારી મિની હરાજી પહેલા ૧૦ ફ્રેન્ચાઈઝીએ રિલીઝ કરેલા ખેલાડીઓના નામ જાહેર કરી દીધા હતા. ચેન્નાઈ સુપર કિંગ્સે વિન્ડિઝના ધરખમ ઓલરાઉન્ડર તરીકેની ઓળખ ધરાવતા ડ્વેન બ્રાવોને રિલીઝ કર્યો હતો. જોકે, છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી અટકળોને વિરામ આપતા જાડેજાને રિટેન કર્યો હતો. વધુમાં સ્પષ્ટ કર્યું હતુ કે, ધોની જ આગામી સિઝનમાં ટીમનો કેપ્ટન રહેશે. જ્યારે સનરાઈઝર્સ હૈદરાબાદે ગત સિઝનના ફ્લોપ શૉ પછી કેપ્ટન વિલિયમસન અને ટી-૨૦ના એક્સપર્ટ બેટ્સમેન એવા નિકોલસ પૂરણને રિલિઝ કર્યો હતો. હવે બ્રાવો, વિલિયમસન તેમજ પૂરણને ખરીદવા માટે હરાજીમાં સ્પર્ધા થશે તેમ મનાય છે.



મુંબઈ ઈન્ડિન્સમાં સામેલ વિન્ડિઝના ધુરંધર ઓલરાઉન્ડર પોલાર્ડે આઈપીએલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. હવે તે મુંબઈ ઈન્ડિયન્સના બેટિંગ કોચ તરીકેની જવાબદારી સંભાળશે. કઈ ટીમે કયા ખેલાડીઓને રિલીઝ કર્યા તેની યાદી આ મુજબ છે.

**મુંબઈ ઈન્ડિયન્સ** : પોલાર્ડ, અનમોલપ્રીત, આર્યન જુયલ, થામ્પી, સેમ્સ, એલન, ઉનડકટ, માર્કંડે, એમ.અશ્વિન, આર. બુધ્ધિ, મેરેડિથ, ટાયમલ મિલ્સ. **સનરાઈઝર્સ હૈદરાબાદ** : વિલિયમસન, પૂરણ, સુચીથ, પ્રિયમ ગર્ગ, આર.સમર્થ, આર.શેફર્ડ, સૌરભ દુબે, શેન અબોટ્ટ, શશાંક સિંઘ, એસ.ગોપાલ, એસ.મિશ્રા, વિષ્ણુ વિનોદ. **ચેન્નાઈ સુપર કિંગ્સ** : બ્રાવો, ઉથપ્પા, મિલ્ને, એચ.નીશાંથ, જોર્ડન, બી.વર્મા, કેએમ આસિફ, એન.જગદીસન. **પંજાબ કિંગ્સ** : મયંક અગ્રવાલ, ઓડેન સ્મિથ, વૈભવ અરોરા, હોવેલ, ઈશાન પોરલ, અંશ પટેલ, પ્રેરક માંકડ, સંદીપ શર્મા, ડબલ્યુ.ચેટર્જી. **કોલકાતા નાઈટ રાઈડર્સ** : કમિન્સ, સેમ બિલીંગ, અમન ખાન, શિવમ માવી, નાબી, કરૃણારત્ને, ફિન્ચ, હેલ્સ, એ.તોમર, રહાણે, અશોક શર્મા, બાબા અપરાજીત, પ્રથમ સિંઘ, રમેશ કુમાર, સાલમ, શેલ્ડન જેક્સન. **ગુજરાત ટાઈટન્સ** : ગુરબાઝ, ફર્ગ્યુસન, ડ્રાકેસ, ગુરકીરાત, જેસન રોય અને આરોન. **લખનઉ સુપર જાયન્ટ્સ** : ટાય, અંકિત રાજપૂત, ચામીરા, લુઈસ, હોલ્ડર, મનીષ પાંડે, નદીમ. **રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર** : બેહરેન્ડોફ, એ.ગૌતમ, સી. મિલિંદ, લવનીત સિસોદિયા, રૃથરફોર્ડ. **રાજસ્થાન રોયલ્સ** : અનુનય સિંઘ, સી.બોસ્ચ, મિચેલ, નીશમ, કરૃન નાયર, કોયુલ્ટર-નાઈલ, વાન ડેર ડુસેન, ગરહવાલ, તેજસ બારોકા. **દિલ્હી કેપિટલ્સ** : શાર્દૂલ ઠાકુર, સેઈફેર્ટ, હેબ્બર, કે.એસ. ભરત, મનદીપ સિંઘ.

## સૂર્યકુમાર યાદવ આઈસીસીના ટી-૨૦ બેટિંગ રેન્કિંગમાં ટોચના સ્થાને યથાવત્



**દુબઈ**

સૂર્યકુમાર યાદવે આઈસીસી ટી-૨૦ બેટિંગ રેન્કિંગમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતુ. ભારત ટી-૨૦ વર્લ્ડકપની સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે હારતા બહાર ફેંકાયું હતુ. સેમિ ફાઈનલમાં સૂર્યકુમાર ૧૪ રને આઉટ થયો હતો અને આ કારણે તે કારકિર્દીના શ્રેષ્ઠ ૮૬૯ રેટિંગમાંથી ૮૫૯ રેટિંગ પર ફસડાયો હતો, છતાં તે ટોચ પર ટકી રહ્યો હતો. ૩૨ વર્ષના સૂર્યકુમારે ૧૮૯.૬૮ના સ્ટ્રાઈકરેટથી ૨૩૯ રન ફટકાર્યા હતા અને તે ટી-૨૦ વર્લ્ડકપમાં સૌથી વધુ રન ફટકારવામાં ત્રીજા સ્થાને રહ્યો હતો. પાકિસ્તાનનો રિઝવાન બીજા સ્થાને છે. તેના રેટિંગ પોઈન્ટ્સ ૮૩૬ જેટલા થવા જાય છે. બાબર અને કોન્વેના રેન્કિંગમાં સુધારો થયો હતો અને તેઓ ચોથા તેમજ પાંચમા ક્રમે આવી પહોંચ્યા હતા. ટુર્નામેન્ટમાં શાનદાર દેખાવ કરનારા ઈંગ્લેન્ડના ઓપનર હેલ્સા રેન્કિંગમાં ૧૨મા સ્થાને આવી પહોંચ્યો છે.

## ઓસ્ટ્રેલિયાએ પ્રથમ વન-ડેમાં ઈંગ્લેન્ડની ટીમને છ વિકેટે પછાડી 1-0ની લીડ મેળવી

**એડિલેડ**

ડેવિડ વોર્નર, સ્ટીવ સ્મિથ અને ટ્રેવિસ હેડની શાનદાર અર્ધસદીઓની મદદથી ઓસ્ટ્રેલિયાએ ગુરુવારે એડિલેડ ઓવલમાં રમાયેલી પ્રથમ વન-ડેમાં ટી૨૦ વિશ્વ કપની વિજેતા ટીમ ઈંગ્લેન્ડને છ વિકેટે આસાનીથી પરાજય આપ્યો હતો. આ સાથે ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ હાંસલ કરી લીધી છે. ઈંગ્લેન્ડ તરફથી મલાનને બાદ કરતાં કોઈ ખેલાડી મોટી જવાબદારી નિભાવી શક્યો ન હતો. ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતાં ૫૦ ઓવરમાં મલાનની સદીની મદદથી ૨૮૭ રન નોંધાવ્યા હતા જેના જવાબમાં યજમાન ટીમે ૪૬.૫ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને જીતનું લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.

ટોપ સ્કોરર વોર્નરે ૮૪ બોલમાં ૮૬ રન નોંધાવ્યા

૨૮૮ રનના વિજય લક્ષ્ય સાથે મેદાને ઊતરેલા ઓસ્ટ્રેલિયાની શરૂઆત ધમાકેદાર રહી હતી. ડેવિડ વોર્નર અને ટ્રેવિસ હેડની ઓપનિંગ જોડીએ ૧૯.૪ ઓવરમાં ૧૪૭ રનની ભાગીદારી કરી હતી. ફિંચના સ્થાને ઓપનિંગમાં આવેલા હેડે ૫૭ બોલમાં દસ ફોર અને એક સિક્સરની મદદથી ૬૯ રન કર્યા હતા. ટોપ સ્કોરર વોર્નરે ૮૪ બોલમાં ૮૬ રન નોંધાવ્યા હતા. તેણે પણ દસ ફોર અને એક સિક્સર ફટકાર્યા હતા. આ બન્ને ખેલાડી પેવેલિયનમાં પરત ગયા બાદ સ્મિથે રનની ગતિ વધારી હતી અને ટીમને આસાન વિજય અપાવ્યો હતો. તેણે ૭૮ બોલમાં અણનમ ૮૦ રન કર્યા હતા અને આ દરમિયાન નવ ફોર અને એક સિક્સર ફટકારી હતી. ઈંગ્લેન્ડ માટે ડેવિસ વિલીએ બે વિકેટ, ક્રિસ જોર્ડન અને ડાઉસને એક-એક વિકેટ ઝડપી હતી.

## ભારત સામેની ટીર૦ અને વન-ડે શ્રેણી માટે ન્યૂઝીલેન્ડ ટીમ જાહેર

**વેલિંગ્ટન**

ભારત સામે ચાલુ મહિને રમાનારી ત્રણ મેચની ટીર૦ તથા વન-ડે શ્રોણી માટે ન્યૂઝીલેન્ડ બોર્ડે તેની ટીમ જાહેર કરી છે. સિનિયર ઓપનર માર્ટિન ગુપ્ટિલ અને પેસ બોલર ટ્રેન્ટ બાઉલ્ટને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે. તેમના સ્થાને ફિન એલન બંને ફોર્મેટમાં ઓપનિંગ કરશે. બંને ટીમ વચ્ચેની શ્રોણીનો પ્રારંભ ૧૮મી નવેમ્બરથી થશે. ન્યૂઝીલેન્ડ બોર્ડે બંને ટીમના ૧૩-૧૩ ખેલાડીઓ જાહેર કર્યા છે. કેન વિલિયમ્સન બંને ટીમનું નેતૃત્વ કરશે. કિવિ ટીમ બુધવારે ટ્રેનિંગ માટે વેલિંગ્ટન પહોંચશે. ૨૩ વર્ષીય ફિન એલન ૨૩ ટીર૦ તથા આઠ વન-ડે મુકાબલા રમ્યા છે જેમાં પાંચ અડધી સદી તથા એક સદીનો સમાવેશ થાય છે.

ન્યૂઝીલેન્ડની ટીર૦ ટીમ : કેન વિલિયમ્સન (સુકાની), ફિન એલન, માઈકલ બ્રેસવેલ, ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, ડેરિલ મિચેલ, એડમ મિલને, જિમી નિશામ, ગ્લેન ફિલિપ્સ, મિચેલ સાન્તેનર, ઈશ સોઢી, ટિમ સાઉથી, બ્લેટર ટિકનર.

ન્યૂઝીલેન્ડની વન-ડે ટીમ : કેન વિલિયમ્સન (સુકાની), ફિન એલન, માઈકલ બ્રેસવેલ, ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, ટોમ લાથામ, ડેરિલ મિચેલ, એડમ મિલને, જિમી નિશામ, ગ્લેન ફિલિપ્સ, મિચેલ સાન્તેનર, ટિમ સાઉથી.

## આવતા વર્ષે ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમ ભારત આવશે: દિલ્હીમાં પાંચ વર્ષ બાદ ટેસ્ટ રમાશે

**નવી દિલ્હી**

આગામી વર્ષે ચાર ટેસ્ટ મેચની સિરીઝ રમવા માટે ઓસ્ટ્રેલિયાની ટીમ ભારત આવશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના સંદર્ભમાં આ સિરીઝ બન્ને ટીમ માટે મહત્ત્વપૂર્ણ રહેશે. આ સિરીઝથી ફાઈનલમાં પહોંચનારી ટીમનો નિર્ણય થઈ શકશે. હાલમાં ઓસ્ટ્રેલિયન ટીમ ૭૦ પોઈન્ટ પરસન્ટ સાથે ટોચ પર છે. ભારતીય ટીમ ૫૨.૦૮ પોઈન્ટ પરસન્ટ સાથે ચોથા ક્રમ પર છે. દક્ષિણ આફ્રિકા ૬૦ પોઈન્ટ સાથે બીજા ક્રમે અને ૫૩.૩૩ પોઈન્ટ સાથે શ્રીલંકા ત્રીજા સ્થાન પર છે. પોઈન્ટ ટેબલ પર ટોચના બે સ્થાન ધરાવતી ટીમો આગામી વર્ષે ફાઈનલ રમશે. ભારત ઓસ્ટ્રેલિયા સિરીઝને બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પણ કહેવામાં આવે છે અને તેને આગામી વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં યોજવાની દરખાસ્ત છે. જો કે હજુ તેની ચોક્કસ



તારીખો અને યજમાન શહેરોના નામની જાહેરાત કરવામાં આવી નથી. આગામી કેટલાક દિવસોમાં આ મુદ્દે પણ નિર્ણય કરવામાં આવશે. દિલ્હીનું અરુણ જેટલી સ્ટેડિયમ એક ટેસ્ટની યજમાની કરી શકે છે.

## ટેબલ ટેનિસ સ્ટાર શરથ કમલને ખેલરત્ન માટે પસંદગી: ૨૫ ખેલાડીઓને અર્જુન એવોર્ડ

**નવી દિલ્હી**

ભારતીય ટેબલ ટેનિસ સ્ટાર અંચત શરથ કમલને દેશના સર્વોચ્ચ ખેલ એવોર્ડ મેજર ધ્યાન ચંદ ખેલરત્ન એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યો હતો. જ્યારે ગુજરાતની ઓલિમ્પિયન શૂટર ઈલાવેનિલ વાલારિવન તેમજ પેરાબેડમિંટન ખેલાડી માનસી જોશીની પસંદગી અર્જુન એવોર્ડ માટે કરવામાં આવી છે. આ વર્ષે ખેલ એવોર્ડ સમારંભ ૨૯મી ઓગસ્ટને બદલે ૩૦મી નવેમ્બરે યોજાશે. શરથ કમલે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨માં શાનદાર દેખાવ કરતાં ત્રણ ગોલ્ડ સહિત કુલ મળીને ચાર મેડલ્સ



જીત્યા હતા. શરથે ખુશાલી વ્યક્ત કરતાં કહ્યું કે, મને અપેક્ષા હતી જ. જોકે મને એકલાને આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યો છે, તે બાબત આશ્ચર્યજનક રહી. અર્જુન એવોર્ડ માટે પસંદ થયેલા ખેલાડીઓમાં કોમનવેલ્થ ગેમ્સના ગોલ્ડ મેડાલીસ્ટ એલ્ડોન પોલ, અવિનાશ સાબળે, લક્ષ્ય સેન અને નીખત ઝરીન વગેરેનો સમાવેશ થયો હતો. ખેલ એવોર્ડ માટે પહેલીવાર ઓનલાઈન અને ખેલાડીઓ-કોચ તેમજ અન્યો તરફથી જાતે અરજી કરવાની સુવિધા ઉભી કરવામાં આવી હતી.

## ચીનમાં કોરોનાનો પ્રકોપ વધ્યો, વર્લ્ડ બેડમિન્ટન ટૂર ફાઈનલ્સ શિફ્ટ કરાઈ

**ગ્વાંગઝૂ**

વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશને સિઝનની છેલ્લી ટૂર્નામેન્ટ વર્લ્ડ ટૂર ફાઈનલ્સને ચીનમાં કોરોનાનો ફરીથી પ્રકોપ વધતા ગ્વાંગઝૂના બદલે બેંગકોકમાં શિફ્ટ કરી દીધી છે અને આ ટૂર્નામેન્ટ સાતમી ડિસેમ્બરથી રમાશે. અગાઉ ટૂર્નામેન્ટ ૧૪મી ડિસેમ્બરથી રમાવાની હતી પરંતુ સ્ટેડિયમની ઉપલબ્ધતાના કારણે ટૂર્નામેન્ટને એક સપ્તાહ વહેલી શરૂ કરવામાં આવશે. ફેડરેશને જણાવ્યું હતું કે કોરોનાની મહામારીથી સર્જાયેલી પરિસ્થિતિના કારણે વર્લ્ડ ટૂર ફાઈનલ્સને બીજા દેશમાં રમાડવાનો નિર્ણય લેવાયો છે.


## યોકોવિચના વિઝા મંજૂર : આવતા વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભાગ લઈ શકશે

**સીડની**

કોરોનાની વેક્સિન ન મૂકાવી હોવાના કારણે ઓસ્ટ્રેલિયામાંથી ગત વર્ષે હાંકી કઢાયેલો સર્બિયન ટેનિસ સ્ટાર યોકોવિચ આવતા વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં રમતો જોવા મળશે. ઓસ્ટ્રેલિયન મીડિયાના રિપોર્ટ અનુસાર, ઓસ્ટ્રેલિયાની સરકારે યોકોવિચના વિઝા મંજુરી કરી દીધા છે. નોંધપાત્ર છે કે, યોકોવિચે હજુ પણ કોરાનાની વેક્સિન મૂકાવી નથી.




ઓસ્ટ્રેલિયન ઓપન આવતા વર્ષે ૧૬મી જાન્યુઆરીથી શરૂ થશે. ગત વર્ષના અંતે યોકોવિચ વર્લ્ડ રેન્કિંગમાં ટોચ પર હતો અને તે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભાગ લેવા માટે ઓસ્ટ્રેલિયા પહોંચ્યો હતો. જોકે કોરોનાની વેક્સિન ન મૂકાવી હોવાથી તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને કોર્ટ કેસ હારી જતાં તેને ઓસ્ટ્રેલિયામાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેના પર ૨૦૨૫ સુધી ઓસ્ટ્રેલિયામાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે હવે ઓસ્ટ્રેલિયાએ તેનું સ્ટેન્ડ બદલ્યું હોવાનું મીડિયા રિપોર્ટ જણાવી રહ્યો છે.


Join us in the centennial celebration to experience...
param shanti
A story of humility, love and faith
100 Pramukh Swami Maharaj Centennial Celebrations
FULLY BOOKED
Sat. Nov. 26 & Sun. Nov. 27
at 4 pm
(Doors open at 3 pm)
NEWLY ADDED
Sun. Nov. 27
at 10 am
(Doors open at 9 am)
BOOK YOUR FREE ENTRY PASS NOW at
bapscanada.org/psm100
Venue:
THE INTERNATIONAL CENTRE
Hall 5, Mississauga
Brahmaswarup
Pramukh Swami Maharaj
BAPS
Pragat Brahmaswarup
Mahant Swami Maharaj
BAPS Swaminarayan Sanstha® | www.BAPS.org

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

OM INDIA FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનાજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

OM INDIA FOOD CENTRE

6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd, Etobicoke, ON
416-743-1100

139 Charing Cross, Brantford Ontario
519-758-9999

5 Manitou Drive # 102 Kitchner, ON. N2C 1L4
519-954-1110

3300 McNICOLLE Ave, #B-6, Scarborough, ON
416-297-8383

71 West Drive, Unit#42, Brampton, ON
905-452-1100

293, Labrosse Ave, Point-Claire, QC H9R 5M3
514-426-1100